આજનો સુવિચાર

જો તમે ઈચ્છો તો તમારા વિચારો બદલીને તમારી જીંદગી સુંદર બનાવી શકો છો

તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : કાર્તિક આર. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૬ અંક : ૨૦૫ જૂનાગઢ તા.૦૯-૦૮-૨૦૨૨ મંગળવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

બિહારમાં જનતાદળ (યુ) અને ભાજપ ગઠબંધનનો આખરે અંત આવશે ? આજે ફેંસલાની ઘડી

નિતિશકુમાર આજે બપોરે ૧.૦૦ વાગ્યે રાજયપાલની મુલાકાત કરી શકે છે

પટણા તા. ૯

બિહારમાં ભાજપ સાથેનો ગઠબંધન સરકારનો અંત લાવવાથી જનતાદળ (યુ)ની તૈયારીના સંકેત વચ્ચે આજે નિર્ણાયક પળ આવી ગઈ છે અને મળતા સંકેતો મુજબ રાજયના મુખ્યમંત્રી નિતીશકુમાર સરકારમાંથી ભાજપના કવોટાના ૧૬ મંત્રીઓને મંત્રીમંડળમાંથી દૂર કરીને સીધો પડકાર સર્જી શકે છે અને બાદમાં રાજદ, કોંગ્રેસ, ડાબેરીઓ સાથે નવી સરકાર બનાવવા તૈયારી કરશે. પટણામાં જબરી રાજકીય ઉથલપાથલમાં તમામ રાજકીય પક્ષોના કેમ્પ સાબદા થઈ ગયા છે. નિતીશકુમાર આજે રાજયપાલને મળનાર છે જે ઘણું સુચક છે.

બીજી તરફ સુત્રોમાંથી મળતા અહેવાલ મુજબ ભાજપનાં ૧૬ મંત્રીઓ રાજીનામા આપી દેશે એવી શકયતા છે. જયારે નિતિશકુમારે રાજયપાલને મળવાનો સમય માંગ્યો છે અને બપોરે ૧.૦૦ વાગ્યે તેઓ રાજયપાલની મુલાકાત કરી શકે છે. તેમની સાથે રાજદનાં તેજસ્વી યાદવ પણ જોડાઈ શકે છે. બીજી તરફ નિતિશકુમારનાં નિવાસ સ્થાને જેડીયુનાં ધારાસભ્યોની બેઠક મળી છે અને તમામ ધારાસભ્યોનાં હસ્તાક્ષર લેવામાં આવ્યા હોવાનું પણ જાણવા મળીરહયું છે. જયારે રાબડી દેવીનાં નિવાસ સ્થાને આરજેડી, કોંગ્રેસ અને લેફટનાં ધારાસભ્યોની બેઠક પણ યોજાઈ રહી છે. સુત્રોમાંથી મળતા અહેવાલ મુજબ કોંગ્રેસ દ્વારા સંકેત અપાયો છે કે, મહાગઠબંધન સરકારમાં નિતીશકુમાર જ મુખ્યમંત્રી બની રહેશે. બીજી તરફ રાજદનાં તેજસ્વી યાદવને નાયબ મુખ્યમંત્રી પદ સોંપાઈ શકે છે. નિતિશકુમારે ૨૦૧૫ની ચાલનું પુનરાવર્તન કરી આગામી લોકસભાની ચૂંટણીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પડકાર આપવાનો નિર્ણય કર્યો હોય અને વિપક્ષ દ્વારા નિતિશકુમારને ૨૦૨૪ની લોકસભાની ચૂંટણીમાં વડાપ્રધાનપદનાં ચહેરા તરીકે પ્રોજેકટ કરી શકે છે. આ ઉપરાંત ૨૦૨૫માં યોજાનારી બિહાર વિધાનસભાની ચૂંટણીમાં પણ આ દાવ ખેલાઈ રહયો હોવાનું જોવા મળી રહયું છે. જો કે ભાજપ મોવડીમંડળ નિતિશકુમારનાં નિર્ણયની રાહ જોઈ રહી છે ત્યારબાદ આગળની રણનીતિ ઘડશે.

ભાજપના ધારાસભ્યો નાયબ મુખ્યમંત્રી તારકિશોર પ્રસાદના નિવાસે એકત્ર થયા છે અને હવે મુખ્યમંત્રી નિતિશકુમાર શું નિર્ણય લે છે તેના ઉપર સૌની નજર છે. અગાઉના અહેવાલ મુજબ બિહારમાં ગઈ કાલથી શરૂ થયેલી રાજકીય કારકિર્દીમાં આજે નિર્ણાયક દિન બની ગયા છે અને રાજયના શાસક જનતાદળ (યુ) તથા ભાજપ ગઠબંધનનો અંત તથા રાજયમાં આરજેડી-કોંગ્રેસ સાથે નવી સરકાર બનાવવા મુખ્યમંત્રી નિતીશકુમાર આગળ વધી રહ્યાના સંકેત છે.

આજે રાજયના મુખ્યમંત્રી નીતીશકુમારના નિવાસે ૧૧ વાગ્યે જનતાદળ (યુ)ના ધારાસભ્યો અને સાંસદો અને સંગઠનના પદાધિકારીઓની બેઠક પર સૌની નજર છે અને હાલ આ બેઠકમાં જનતાદળ (યુ)ના ૪૫માંથી કેટલા ધારાસભ્યો હાજર રહેશે તે મહત્વનું બની રહેશે.

ચીનમાં ફરી કોરોનાનો કહેર : સાન્યા શહેરમાં લોકડાઉન

બીજિંગ,તા.૯: ચીનના તેમજ વિદેશના પર્યટકોમાં હોટસ્પોટ ગણાતા સાન્યા શહેરમાં કોરોના વાઈરસના નવેસરથી કેસ નોંધાતાં વહીવટીતંત્ર અત્યંત સતર્ક બની ગયું છે અને રોગચાળાને ફેલાતો રોકવા માટે અનેક પગલાં લીધાં છે. આ શહેરમાં લોકડાઉન લાગુ કરી દેવામાં આવ્યું છે. આને કારણે આ ટાપુ ઉપર હજારો પર્યટકો ફસાઈ ગયાં છે.

દક્ષિણ ચીનમાં આવેલા ટાપુ-પ્રાંત હૈનનના સાન્યા શહેરમાં લોકોને એમની હોટેલ્સમાં જ ગોંધાઈ રહેવાની ફરજ પડી છે. ૨૦૨૧માં જયારે દુનિયાના અનેક દેશોમાં કોરોના ફેલાયો હતો ત્યારે આ શહેરમાં માત્ર બે જ કેસ નોંધાયા હતા. પરંતુ હાલ કોરોના-દર્દીઓની સંખ્યા ઓચિંતી વધી ગઈ છે.

અમેરીકાનાં પૂર્વ રાષ્ટ્રપતિ ટ્રમ્પને ત્યાં FBIનાં દરોડાથી ખળભળાટ

વોશીંગ્ટન, તા.૯: અમેરિકી એજન્સી FBIએ અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના ઘરે દરોડા પાડ્યા છે. એફબીઆઈએ ફલોરિડામાં ટ્રમ્પના લકઝરી હોમ માર-એ-લાગો રિસોર્ટ ઉપર સર્ચ શરૂ કર્યું છે.

ડોનાલ્ડ ટ્રમ્પનું કહેવું છે કે એફબીઆઈએ રિસોર્ટ ઉપર દરોડો પાડ્યો અને તિજોરી તોડી નાખી. પોતાના નિવેદનમાં તેમણે એમ પણ કહ્યું કે આપણા દેશ માટે આ કાળો સમય છે કારણ કે ડેમોક્રેટ્સ નથી ઈચ્છતા કે હું ૨૦૨૪મા રાષ્ટ્રપતિની ચૂંટણીની તૈયારી કરૂ, તેથી આવું થઈ રહ્યું છે.

હકીકતમાં, મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ડોનાલ્ડ ટ્રમ્પ ઉપર આરોપ છે કે તેઓ વ્હાઈટ હાઉસ છોડતી વખતે પોતાની સાથે ઘણા સત્તાવાર અમેરીકી દસ્તાવેજો લાવ્યા હતા, જેમાંથી મોટા ભાગના સત્તાવાર દસ્તાવેજો હતા. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ઘણા એજન્ટોએ ટ્રમ્પના ઘરને ઘેરી લીધું છે અને તેમના ઘરની તલાશી લેવામાં આવી રહી છે. જયારે મીડિયાએ એફબીઆઈના પ્રવકતાને આ અંગે સવાલ પૂછ્યા તો તેમણે કંઈપણ કહેવાનો ઈન્કાર કર્યો.

મહારાષ્ટ્રમાં શિંદે મંત્રીમંડળનું વિસ્તરણ

ભાજપના પાંચ નેતા મંત્રી બન્યા : બંને જૂથના ૧૪ મંત્રીઓએ શપથ લીધા

મુંબઈ તા. ૯

મહારાષ્ટ્રમાં મુખ્યમંત્રી એકનાથ શિંદેના શપથ ગ્રહણના ૩૯ દિવસ પછી આજે મંત્રીમંડળનું વિસ્તરણ શરૂ થયું છે. સૌથી પહેલાં ભાજપના રાધાકૃષ્ણ વિખે પાટિલે મંત્રી પદના શપથ લીધા. ત્યારપછી ભાજપના સુધીર મુનગંટીવાર, ચંદ્રકાંત રાધા પાટિલ, વિજય કુમાર ગાવિત અને ગિરીશ મહાજને શપથ લીધા છે. ત્યારપછી શિંદે જૂથના ગુલાબરાવ પાટિલ, દાદા ભૂસે, સંજય રાઠોડ, સુરેશ ખાડે, સંદીપન ભુમરેએ શપથ લીધા છે.

આ વિસ્તરણ પહેલાં એકનાથ શિંદેએ સહાદ્રી બંગલે શિવસેનાના ધારાસભ્યોએ બેઠક બોલાવી હતી. તેમાં ભાજપ અને શિંદે જૂથના ૧૮ મંત્રીઓએ શપથ લેવા સહમતી બનાવી હતી. બંને જૂથના ૯-૯ ધારાસભ્યો મંત્રી બનશે. રાજભવનના દરબાર હોલમાં થનારા સમારોહમાં રાખવામાં આવેલી સીટો ઉપર આ ધારાસભ્યોના નામ લખાયેલા જોવા મળ્યા હતા જેમાં ભાજપના સુરેશ ખાડે, ચંદ્રકાંત પાટીલ, રાધાકૃષ્ણ વિખે, ગિરીશ મહાજન, અતુલ સાવે, રવિન્દ્ર ચૌહાણ, વિજય કુમાર ગાવિત, સુધીર મુનગંટીવાર, મંગલ પ્રભાત લોઢા અને શિંદે જૂથના દાદા ભૂસે, સંદીપાન ભૂમરે, ઉદય સામંત, શંભૂરાજ દેસાઈ, ગુલાબ રાવ પાટીલ, અબ્દુલ સત્તાર, સંજય રાઠોડ, દિપક કેસરકર, તાનાજી સાવંત સામેલ છે. એકનાથ શિંદે અને દેવેન્દ્ર ફડણવીસે ૩૦ જૂને મુખ્યમંત્રી અને ઉપમુખ્યમંત્રી પદના શપથ લીધા છે

વિશ્વભરમાં ગુગલ સર્ચ એન્જીન બંધ થતાં વપરાશકર્તા મુશ્કેલીમાં મૂકાયા

નવી દિલ્હી, તા.૯: સવારે ૭ વાગ્યાની આસપાસ (ભારતીય સમય મુજબ), વિશ્વવ્યાપી સર્ચ એન્જિન ગૂગલ ગૂગલ લગભગ ૧૦ મિનિટ માટે બંધ થઈ ગયું હતું. જો કે, કંપનીએ આ દિશામાં તાત્કાલિક પગલાં લીધા, જેના કારણે ગૂગલની સેવાઓ ફરીથી કામ કરવા લાગી. તે જ સમયે, સેવા અચાનક બંધ થવાને કારણે, વૈશ્વિક સ્તરે ઘણા વપરાશકર્તાઓને મુશ્કેલીની સમસ્યાઓનો સામનો કરવો પડ્યો હતો. જોકે, નીચે પડવાનું કારણ હજુ સુધી જાણી શકાયું નથી. જયારે યુઝર્સ ગૂગલ ડાઉન દરમ્યાન કંઈપણ શોધી રહ્યાં છે, ત્યારે તેમને સ્ક્રીન ઉપર ૫૦૦ એ એરર મેસેજ મળી રહ્યો છે. ગૂગલ યુઝર્સ અલગ-અલગ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઉપર સર્ચમાં સમસ્યા વિશે લખી રહ્યા છે અને તેની જાણ કરવા પણ કહી રહ્યા છે.

રાજકોટ, મોરબી, અમદાવાદમાં રજાનાં દિવસે જ ઈન્કમટેકસના દરોડા : ઉદ્યોગ જગત સ્તબ્ધ

અમદાવાદ તા. ૯ : અમદાવાદ, વડોદરા, સુરત જેવા શહેરોમાં છેલ્લા મહિનાઓમાં ઈન્કમટેકસે દરોડા ઓપરેશન કર્યા બાદ હવે રાજકોટનો વારો લેવામાં આવ્યો હોય તેમ આજે સવારથી ટોચના સિરામીક ગ્રુપ ઉપર તવાઈ ઉતારવામાં આવી છે. મોરબી, વાંકાનેર, રાજકોટ તથા અમદાવાદમાં કયુટોન સિરામીક ઉપરાંત ડેસ્ટીની વગેરે ઉપર મોટા પાયે સર્ચ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું છે.

૨૫ જેટલા સ્થળોએ ૧૦૦થી વધુ અધિકારીઓ ત્રાટકયા છે અને કરોડોની કરચોરી પકડાવાની આશંકા દર્શાવવામાં આવી રહી છે. આવકવેરા વિભાગના ટોચના સુત્રોએ જણાવ્યું હતું કે આજે મહોર્રમની રજાના દિવસે જ રાજકોટ, મોરબી અને અમદાવાદમાં દરોડા ઓપરેશન હાથ ધરવામાં આવતા ઉદ્યોગ જગત પણ સ્તબ્ધ થઈ ગયું હતું. સિરામીક ઉદ્યોગ જગતમાં મોટું નામ ધરાવતા અને વાંકાનેર તાલુકાની હદમાં વઘાસીયા ટોલનાકા પાસે આવેલા કયુટોન સિરામીક તેમજ ઢુવા પાસે વરમોરા કારખાનાની પાછળના ભાગે આવેલા કંપનીના જ અન્ય એક એકમમાં તપાસ શરૂ કરવામાં આવી હતી. રાજકોટમાં આવક વેરા વિભાગ દ્વારા લાંબા વખત બાદ દરોડા ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે અને તેને પગલે વેપાર ઉદ્યોગમાં ખળભળાટ સર્જાયો છે. આજની દરોડા કાર્યવાહીમાં રાજકોટ ઉપરાંત અમદાવાદ અને સુરતના અધિકારીઓને પણ સામેલ કરવામાં આવ્યા છે. ૨૫ સ્થળોએ ૧૦૦થી વધુ અધિકારીઓ ત્રાટકયા છે અને કરોડો રૂપિયાની કરચોરી ખુલવાની આશંકા દર્શાવવામાં આવી રહી છે.

દેશનાં ઢગલાબંધ પ્રોફેશનલ્સને આવકવેરાની ડિમાન્ડ નોટીસ

નવી દિલ્હી,તા. ૯: આકારણી વર્ષ ૨૦૨૧-૨૨ના ઈન્કમટેક્સ રિટર્નનું પ્રોસેસ કરતા સીપીસી બેંગ્લોર તરફથી વેરામાફી પાત્ર આવકને પણ આવક ગણી લઈને ઢગલાબંધ પ્રોફેશનલ્સને એટલે કે ડોકટર્સ, વકીલ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ, ટેકનિશિયન્સ, એન્જીનિયર્સ, આર્કિટેકટ્સને નોટીસો આપીને લાખોની ડિમાન્ડ કાઢી છે. સંખ્યાબંધ પ્રોફેશનલ્સને નોટિસો મળવા માંડી છે. આ નોટિસ મેળવનારાઓમાં આવકવેરા ધારાની કલમ ૪૪ એબી હેઠળના અને ઓડિટને પાત્ર કરદાતાઓનો સમાવેશ થાય છે. બે કરોડથી વધારે રકમનું વાર્ષિક ટર્નઓવર ધરાવતા અને રૂા. ૫૦ લાખથી વધુની રિસિપ્ટ ધરાવતા પ્રોફેશનલ્સને આ નોટિસો અપાઈ છે. સીપીસીએ ઓડિટ કરતી વખતે કોલમ નંબર ૧૬ ડીમાં કરદાતાએ દર્શાવેલી માફી પાત્ર આવકને વાસ્તવિક આવક ગણી લીધી હોવાથી મોટાભાગના કરદાતાઓને નોટિસ મળી છે. કોલમ ૧૬ ડીમાં અન્ય આવકો દર્શાવવાની હોય છે. એકઝમ્પ્ટેડ ઈન્કમ કે પછી ઈન્કમ ફ્રોમ અધર સોર્સિસ કોલમ ૧૬ ડીમાં દર્શાવવાની હોય છે. તેમાં પબ્લીક પ્રોવિડન્ટ ફંડના વ્યાજની આવક જેવી બિનવેરાપાત્ર આવક દર્શાવવામાં આવે છે.

રજીસ્ટર્ડ વેપારીની ભાડાની આવક ઉપર પણ જીએસટી ઠોકી બેસાડાયો

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી,તા. ૯

વાર્ષિક રૂપિયા વીસ લાખથી વધુનું ટર્નઓવર ન ધરાવતો હોય છતાં ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સનું રજિસ્ટ્રેશન લીધું હોય તેવા વેપારી ભાડાંના ઘરમાં રહીને ભાડું ચૂકવતા હોય તો ભાડાની જે રકમ ચૂકવતા હોય તેના ઉપર ૮ ટકા લેખે ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ ગણીને ૧૮ ટકાનો જીએસટી સરકારી ક્ચેરીમાં જમા કરાવવો પડશે. મકાન ભાડે આપનાર માલિક રજિસ્ટ્રેશન ધરાવે છે કે નહિ તે જોયા વિના જ ભાડા ઉપર મકાન લેનાર વેપારીએ ચૂકવેલા મકાનભાડાંની રકમ ઉપર ૧૮ ટકાના દરે જીએસટી ચૂકવવો પડશે. નોકરિયાત વ્યકતિ ભાડાં પર દુકાન લે અને દુકાન માલિક જીએસટીરજિસ્ટ્રેશન ધરાવતા હોય તો દુકાનદારે નોકરિયાત વ્યકતિ પાસે દુકાનના ભાડાં પેટે જે રકમ લીધી હોય તે રકમ ઉપર ૧૮ ટકાના દરે ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ ચૂકવવો પડસે. આ જ રીતે નોકરિયાતે દુકાન ભાડે લીધી હોય અને તેના ભાડા થકી દુકાનના માલિકને વાર્ષિક રૂા. ૨૦ લાખથી વધુ રકમની આવક થતી હોય તો તેવા સંજોગોમાં પણ નોકરિયાત વ્યકતિએ દુકાનની માલિકી ધરાવનારને ભાડાંની રકમ ઉપરાંત ૧૮ ટકા જીએસટી ચૂકવવો પડશે. નોકરિયાતને દુકાન ભાડે આપનારનું વાર્ષિક ટર્નઓવર રૂા. ૨૦ લાખથી વધુ ન હોય તો પણ તેણે ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સનું રજિસ્ટ્રેશન લઈ લીધું હશે તો તેવા સંજોગોમાં તેણે ભાડાનું રકમ પર ભાડૂઆત પાસેથી ૧૮ ટકા જીએસટી વસૂલીને સરકારી તિજોરીમાં જમા આપવો પડશે.

ગાંધીનગરમાં તા. ૧૮ થી ૨૨ ઓક્ટોબર વચ્ચે ડિફેન્સ એક્સપો યોજાશે

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા ડિફેન્સ એક્સપોનું ઉદ્ઘાટન કરવામાં આવશે

અમદાવાદ તા.૦૯

ગુજરાતના આંગણે યોજાનાર ડિફેન્સ એક્સપો મામલે મોટા અપડેટ સામે આવ્યા છે. ડિફેન્સ એક્સપોની તારીખો જાહેર કરવામાં આવી છે. તારીખ ૧૮ થી ૨૨ ઓક્ટોબર વચ્ચે ગાંધીનગરમાં ડિફેન્સ એક્સપો યોજાશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા ડિફેન્સ એક્સપોનું ઉદ્ઘાટન કરવામાં આવશે. જોકે, કોરોનાની ત્રીજી લહેરના કારણે જાન્યુઆરીમાં આયોજન મોકૂફ રખાયું હતું. ડિફેન્સ એક્સપોનું આયોજન આ વર્ષે ૧૮ થી ૨૨ ઓક્ટોબરના ગાંધીનગરમાં કરવામાં આવી રહ્યું છે. રક્ષા મંત્રાલયે સોમવારે આ જાણકારી આપતા જણાવ્યું કે, આ વર્ષના DefExpo પ્રતિષ્ઠિત દ્વિવાર્ષિક સંરક્ષણ પ્રદર્શનની ૧૨મી આવૃત્તિ હશે. આ પહેલા ડિફેન્સ એક્સપોનું આયોજન ૧૦ થી ૧૪ માર્ચ વચ્ચે ગાંધીનગરમાં જ થવાનું હતું. પરંતુ, મંત્રાલય કાર્યક્રમ સ્થગિત કરતા જણાવ્યું હતું કે, સહભાગીઓ લોજિસ્ટિક સંબંધિત સમસ્યાઓનો સામનો કરી રહ્યા હતા.

બંગાળની ખાડીમાં નવી સિસ્ટમ સર્જાતા

દક્ષિણ ગુજરાત સહિત અનેક રાજ્યોમાં ભારે વરસાદ ત્રાટકશે

અમદાવાદ તા. ૯

દેશમાં અનેક રાજ્યોમાં ચોમાસાના વરસાદનો નવો રાઉન્ડ શરૂ થઈ જગયો છે ત્યારે બંગાળની ખાડીમાં નવી સિસ્ટમ સર્જાઇ છે અને તેને પગલે આવતા દિવસોમાં વધુ અનેક રાજ્યોમાં ભારે વરસાદ અને પૂરની પરિસ્થિતિ સર્જાવાની ચેતવણી હવામાન વિભાગ દ્વારા આપવામાં આવી છે.

ભારતીય હવામાન વિભાગે જણાવ્યું છે કે બંગાળની ખાડીમાં ડીપ્રેશન સર્જાયુ છે અને તેને કારણે કોંકણ, ગોવા, દક્ષિણ ગુજરાત, મધ્ય મહારાષ્ટ્રમાં મધ્યમથી ભારે વરસાદ થવાની શક્યતા છે. ઔરીસ્સા, છતીસગઢ, મધ્યપ્રદેશ, વિદર્ભ, મરાઠાવાડા, તેલંગાણા, કર્ણાટક, દક્ષિણ પૂર્વ રાજસ્થાનમાં પણ વ્યાપક વરસાદ થવાની સંભાવના છે. બંગાળની ખાડી આસપાસ ૬૫ કિલોમીટર સુધીની ઝડપે પવન ફુંકાવાની શક્યતા વચ્ચે ઓડિસામાં અનેક ભાગોમાં ભારે વરસાદની ચેતવણી આપવામા આવી છે. આ ઉપરાંત બે દિવસ દક્ષિણ બંગાળના જિલ્લાઓમાં અતિ ભારે વરસાદની ચેતવણી આપવામાં આવી છે.

ટેકનોલોજીની કમાલ : ઈઝરાયલે શુક્રાણું, સ્ત્રીબીજ અને ગર્ભાશય વગર જ દુનિયાનું પહેલુ કૃત્રિમ ભ્રૂણ બનાવ્યું !

નવી દિલ્હી,તા.૯

કોઈપણ મહિલા માટે સ્પર્મ વગર માતા બનવું શક્ય નથી, ત્યારે ઈઝરાયલે પોતાની ટેક્નોલોજીના કારણે દુનિયાનું ધ્યાન પોતાની તરફ ખેંચ્યું છે. ઈઝરાયલે વિશ્વનો પહેલો કૃત્રિમ ગર્ભ તૈયાર કર્યો છે, જે ખરેખર આશ્ચર્યજનક છે. ખાસ વાત એ છે કે આ કૃત્રિમ ભ્રૂણનું હૃદય પણ ધડકી રહ્યું છે અને તેનું મગજ પણ તૈયાર થઈ ગયું છે. ઈઝરાયલની વેઈઝમેન ઈન્સ્ટીટ્યુટે સ્ટેમ સેલ દ્વારા આ કારનામું થયું છે. અગાઉ આ સંસ્થાના વૈજ્ઞાનિકોએ અનુમાન લગાવ્યું હતું કે, આ રીતે ભ્રૂણ તૈયાર કરી શકાય છે અને તે સફળ રહ્યા હતા. હવે ગર્ભનું હૃદય ધડકવા લાગ્યું છે અને મગજ પણ તૈયાર થઈ રહ્યું છે. ઉલ્લેખનિય છે કે, આ ગર્ભ ઉંદરમાંથી તૈયાર કરવામાં આવ્યો છે, જેમાં પૂંછડી વગેરેનો વિકાસ પણ શરૂ થઈ ગયો છે. તે કૃત્રિમ ગર્ભનો એક પ્રકાર છે, કારણ કે તે ફળદ્રુપ બીજ વિના બનાવવામાં આવે છે. આના દ્વારા ગર્ભ વિકાસથી શરીર કેવી રીતે બને છે તે બાબતો જાણવામાં મદદ મળશે. સંશોધકો માને છે કે આનાથી પ્રાણીઓ ઉપર થતા પ્રયોગ પણ ઘટી શકે છે. આ ઉપરાંત મનુષ્યના અનેક પ્રકારના પ્રત્યારોપણ માટે પણ આ અભ્યાસની મદદ લઈ શકાય છે. ઉદાહરણ તરીકે, લ્યુકેમિયાના દર્દીની ત્વચાના કોષોને તેમની સારવાર માટે અસ્થી મજ્જાના કોષોમાં રૂપાંતરિત કરી શકાય છે.

કિડની, મૂત્રાશય અને પુરુષ રોગોના નિષ્ણાંત
ડો. નયન ટીંબડીયા આપના શહેરમાં
લક્ષણો
નપુંસકતા | શીઘ્રપતન | યાંત્રાલિંગની સમસ્યા
પ્રોસ્ટેટ | પથરી | નાના બાળકોને થતા મૂત્ર માર્ગ ના કોઈ પણ પ્રકારના રોગો
દર મહિનાના બીજા બુધવારે
તારીખ : ૧૦ ઓગસ્ટ ૨૦૨૨, બુધવાર
સ્થળ : આદિત્ય બિરલા હોસ્પિટલ, હનુમાન મંદિર પાસે, બજરંગ સોસાયટી, વેરાવળ.
સમય : સવારે ૧૧:૦૦ થી ૦૧:૦૦
સ્થળ : માફતિ ડાયગ્નોસ્ટિક સેન્ટર, મારૂતિ નંદન કોમ્પ્લેક્ષ, વૃંદાવન કોમ્પ્લેક્ષ પાછળ, કેશોદ.
સમય : બપોરે ૦૨:૩૦ થી ૦૩:૩૦
સ્થળ : એસ.આર.એલ.લેબ, દ્વારકાધીશ કોમ્પ્લેક્ષ, સરદાર બાગ રોડ, જૂનાગઢ.
સમય : બપોરે ૦૩:૩૦ થી ૦૪:૩૦
સ્થળ : સતાસીયા સર્જીકલ હોસ્પિટલ, સુનીલ પ્લાઝા કોમ્પ્લેક્ષ, બીજો માળ, ઝાંઝરડા ચોકડી, જૂનાગઢ.
સમય : સાંજે ૦૪:૩૦ થી ૦૫:૩૦
તપાસ ફી ₹600/-
અપોઈન્ટમેન્ટ માટે :
૯૯૭૯૯૭ ૯૩૯૫૯
WOCKHARDT LIFE WINS

VARUN CHURNA
ગેસ, કબજીયાત, એ.સી.ડી.ટી., પેટનું ભારે પણું માટે
વરૂણ ચુર્ણ
એકવાર વાપરીને ખાત્રી કરો.
દિનેશ એજન્સી
આઝાદ ચોક, શોપ નં.૨-૩, જૂનાગઢ.
ફોન : ૨૬૨૨૭૩૫, મો.૯૯૨૫૫ ૧૧૯૯૭

ઈન્ટરનેશનલ ગોલ્ડ સ્ટાર એવોર્ડ વિજેતા
જોષી દાદા
મો. ૯૯૧૩૫ ૧૧૭૩૭
૯૪૨૮૦ ૨૬૯૬૮
નક્ષત્ર – જ્યોતિષ
શું તમારૂ સગપણ થતું નથી ?
શું તમારો ધંધો મંદો ચાલે છે ?
શું તમારા ઘરમાં કલેશ અને અશાંતિ રહે છે ?
શું તમો વારંવાર બિમાર પડો છો ?
આ બધી સમસ્યાઓનું એકજ જગ્યાએ સચોટ નિવારણ
આદિ ગુરૂ જગત ગુરૂ શંકરાચાર્ય રચિત સૌંદર્ય લહેરી આધારીત દરેક પ્રયોગ દ્વારા યંત્રથી અને અનુષ્ઠાનથી દરેક વિધી વિધાન કાર્ય કરવામાં આવશે.
કૈલાશ એપાર્ટમેન્ટ, દુકાન નં. ૮,
તળાવ દરવાજા, શાકમાર્કેટ, જૂનાગઢ
ફોન કરીને અવશ્ય આવવું

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.). Pune
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો

સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : પ્લોટ નં. ૪૧૭, જી.આઈ.ડી.સી.-૨, જૂનાગઢ.
સમય : સવારે ૧૦થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

ઓફર...ઓફર...
M. 99787 06355
☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.

એક્સચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
MI-GL
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
ઘરઘંટી ૯૫૦૦ થી શરૂ
બીના ઈલેક્ટ્રોનિક્સ
Kelvinator
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.પી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માપસો જોઈને છે આકર્ષક પગાર ધોરણે.

શ્રાવણ માસના બીજા સોમવારે સોમનાથ મહાદેવને શીશ ઝુકાવવા ભાવિકોનો સમુદ્ર ઘુઘવાયો

અડધા લાખથી વધુ ભાવિકોએ મહાદેવને દર્શન કરી પુણ્યનું ભાથું બાંધ્યું : પ્રાતઃ આરતી સમયે મહાદેવને મોતીઓથી અલંકૃત શ્વેત પીતાંબર તથા પુષ્પોનો તથા સાંજે ચંદન અને કમળપુષ્પોના અલૌકીક શણગારના દર્શન કરી ભાવિકો ભાવવિભોર થયા

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા. ૯

પવિત્ર શ્રાવણ માસના બીજા સોમવારે જગવિખ્યાત સોમનાથ મંદિરે શિવ ભક્તોનું ઘોડાપુર ઉમટયુ નજરે પડતું હતુ.વ્હેલી સવારે ૪ વાગ્યે મંદિરના દ્વાર ખુલ્યા ત્યારથી ભાવિકો કતારબંધ લાઈનમાં ઉભા રહી મહાદેવને શીશ ઝુકાવી ધન્યતા પ્રાપ્ત કરી રહ્યા હતા. યાત્રાધામ સોમનાથમાં મોટી સંખ્યામાં ઉમટેલા ભાવિકોના ૐ નમઃ શિવાય... હર હર મહાદેવના નાદથી મંદિર અને પરીસરનું વાતાવરણ શિવમય બન્યાની અનુભુતી લોકો કરી રહ્યા હતા. શ્રાવણ માસના બીજા સોમવારને લઈ સોમનાથ મંદિરે ચુસ્ત સુરક્ષા વ્યવસ્થા તૈનાત કરવામાં આવી હતી. તો ટ્રસ્ટના અંદાજ મુજબ મંદિરના દ્વાર સવારે ૪ વાગયે ખુલ્યા બાદ રાત્રી સુધીમાં અડધા લાખ જેટલા ભક્તોએ સોમનાથ મહાદેવના દર્શન કરી ધન્ય બન્યા હતા. આજે શ્રાવણ માસના બીજા સોમવારે ૩૦ જેટલા ભાવિકોએ મહાદેવને ધ્વજા ચડાવી હતી.

શિવની ભકિત માટે અતિઉત્તમ ગણાતા એવા પવિત્ર શ્રાવણ માસના આજે બીજા સોમવારે પ્રથમ જયોતિલીંગ સોમનાથ મંદિરે સવારે આજે પ્રાત શણગારમાં મહાદેવને મોતીઓથી અલંકૃત શ્વેત પીતાંબર સાથે ગુલાબ, મોગરા, બિલ્વપત્ર, જાસુદ, ડોલર સહિતના પુષ્પહારનો અલૌકિક શણગારર કરવામાં આવેલ હતો તેમજ પ્રાતઃ મહાપૂજા - આરતી કરવામાં આવેલ જેના દર્શન કરી શિવ ભક્તો ભાવવિભોર બની ગયેલ નજરે પડતા હતા. તો સવારે ૮ વાગ્યે મહાદેવની વિવિધ પૂજાવીધીનો ભાવિકોને હસ્તે પ્રારંભ થયો હતો. ગઈકાલે સવારે વિધાનસભાના અધ્યક્ષ નીમાબેન આચાર્ય, શિક્ષણ મંત્રી જીતુભાઈ વાઘાણી, ભાજપ પ્રવકતા ભરતભાઈ ડાંગર સહિતના મહાનુભાવોએ પણ સોમનાથ પહોંચી મહાદેવને શીશ ઝુકાવી પૂજા અર્ચના કરી હતી.

શ્રાવણ માસના બીજા સોમવારે સવારે નવ વાગ્યે સોમનાથ મહાદેવના મુખારવિંદ સાથે મંદિર પરીસરમાં પાલખીયાત્રા નિકળી હતી. જેમાં સ્વયં મહાદેવ પાલખીયાત્રા સ્વરૂપે મંદિર પરિસરમાં નગરચર્યાએ નિકળા હતા. ત્યારે પાલખીયાત્રામાં હર હર મહાદેવ... ૐ નમઃ શિવાય... ના નાદ સાથે મોટી સંખ્યામાં શિવ ભક્તોએ જોડાઈને પુણ્યનું ભાથું બાંધ્યું હતુ. તો બપોરના સમયે મહાદેવને મધ્યાહ્‌ન આરતી અને મહાપૂજા કરવામાં આવી હતી. તો સાંજે સાંય આરતી સમયે મહાદેવને ચંદન અને કમળપુષ્પોનો અલોકીક શણગાર કરવામાં આવેલ હતો.

ગઈકાલે શ્રાવણ માસના બીજા સોમવારે વ્હેલી સવારથી સોમનાથ મંદિર પહોંચવાના તમામ માર્ગે ઉપર શિવ ભક્તોનો મોટો સમુહ પ્રયાણ કરતો નજરે પડતો હતો. જેમાં કોઈ પગપાળા તો કોઈ ખાનગી વાહનોમાં સોમનાથ તરફ જતા જોવા મળતા હતા. તો યાત્રાધામ સોમનાથમાં જ્યાં જુઓ ત્યાં શિવભક્તોનું કીડયારૂ ઉમટેલ નજરે પડતુ હતુ. તો બીજા સોમવારને લઈ જિલ્લા પોલીસવડા મનોહરસિંહ જાડેજાની સૂચનાથી ડીવાયએસપી એમ.એમ.પરમાર દ્વારા ચુસ્ત બંદોબસ્ત તૈનાત કરવામાં આવેલ હતો. મંદિરમાં ફરજ ઉપરના સુરક્ષાકર્મીઓ બે સ્તરીય ચેકીંગ કર્યા બાદ જ ભાવિકોને પ્રવેશ આપતા હતા.

સંકુચિત માનસિકતા ધરાવતા પક્ષ, સંસ્થા, સમુદાય અને લોકોએ ઈરાની વિદ્યાર્થી ફરસાદ પાસેથી બોધપાઠ લેવા જોઈએ : શિક્ષણ મંત્રી વાઘાણી

સોમનાથ સંસ્કૃત યુનિ.પરીસરમાં નવનિર્મિત ત્રણ ભવનોનું મહાનુભાવોએ લોકાર્પણ કર્યુ

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા. ૯

દેશ આઝાદીના ૭૫માં વર્ષનો અમૃત મહોત્સવ ઉજવી રહયો છે ત્યારે સંકુચિત માનસિકતા ધરાવતા પક્ષ, સંસ્થા, સમુદાયો અને લોકોએ સોમનાથ સંસ્કૃત યુની.માં સંસ્કૃત શીખી રહેલ ઈરાનના મુસ્લીમ વિદ્યાર્થી ફરસાદ પાસેથી બોધપાઠ લેવો જોઈએ તેમ રાજયના શિક્ષણ મંત્રી જીતુભાઈ વાઘાણીએ સોમનાથ સંસ્કૃત યુની. ખાતે યોજાયેલ લોકાર્પણ કાર્યક્રમમાં જણાવ્યુ હતુ. આ સમારોહમાં શિક્ષણ મંત્રી વાઘાણીએ આભાર દર્શન અટકાવી મંચ ઉપરથી સંકુચિત માનસીકતા ધરાવતા લોકો સામે શબ્દોના બાણ વરસાવ્યા હતા. આ કાર્યક્રમમાં મુસ્લીમ યુવકના સંસ્કૃત પ્રત્યેના લગાવથી શિક્ષણ મંત્રી જીતુ વાઘાણી પ્રભાવિત બન્યા હતા. રાજયની એકમાત્ર વેરાવળમાં કાર્યરત સોમનાથ સંસ્કૃત યુનીવર્સીટી પરાસરમાં કરોડોના ખર્ચે નવનિર્મિત ત્રણ ભવનોનો લોકાર્પણ સમારોહ વિધાનસભાના અધ્યક્ષ ડો.નીમાબેન આચાર્ય, શિક્ષણ મંત્રી જીતુભાઈ વાઘાણી, શિક્ષણ રાજયમંત્રી કુબેરભાઈ ડિંડોર, સંસ્કૃત ભારતીના પ્રમુખ શિરીષ ભેડસગોવકર, યુની.ના કુલપતિ ડો. લલિતકુમાર પટેલની હાજરીમાં યોજાયો હતો. જેમાં મહાનુભાવોના હસ્તે ભવનોના લોકાર્પણ કરવામાં આવેલ હતા. આ કાર્યક્રમમાં યુની.ના પ્રકાશનોનું વિમોચન કરાયુ હતુ. આ તકે કાર્યક્રમને સંબોધતા શિક્ષણ રાજયમંત્રી કુબેરભાઈ ડિંડોરએ કહેલ કે, સંસ્કૃતમાં સમગ્ર વિશ્વનો જ્ઞાનનો ભંડાર સમાયેલો છે. આ યુની.ની ગુણવત્તાયુકત પ્રગતિની તેમણે કામના કરી હતી. જયારે સંસ્કૃત ભારતીના શિરીષ ભેડસગોવકરે જણાવેલ કે, ભારત વિશ્વગુરૂ હતો તેનો સુવર્ણકાળ હતો. હાલમાં ભારત સિવાય વિશ્વની ૨૫૦ જેટલી વિશ્વવિદ્યાલયોમાં સંસ્કૃત ભણાવવામાં આવે છે. જે આપણા સૌ માટે ગૌરવની બાબત છે. NEP-૨૦૨૦નાં સંદર્ભમાં સંસ્કૃતનું મહત્ત્વ સૌને સમજાવ્યુ હતુ.

આ તકે શિક્ષણ મંત્રી જીતુભાઈ વાઘાણીએ ઉદબોધનમાં જણાવેલ કે, સોમનાથના નામથી સ્થપાયેલી આ યુનિવર્સિટી અવશ્ય જ ઉત્તરોત્તર પ્રગતિ કરશે એવી લાગણી વ્યકત કરી હતી. NAAC દ્વારા છ Grade લાવવા બદલ યુની. પરીવારને અભિનંદન પાઠવ્યા હતા. યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ, શોધાર્થીઓ, અધ્યાપકો, અધિકારીઓ અને કર્મચારીઓને આ તમામ ભૌતિક સુવિધાઓ પ્રાપ્ત થાય તે માટે યુની.માં સુવિધા વધારવા ગુજરાત સરકાર કટીબદ્ધ છે અને હંમેશા રહેશે. હવે બીએબીએડ નો અભ્યાસક્રમ પણ ચાલુ થયો છે. ઉપરાંત તેમણે ઈરાનથી સંસ્કૃત યુનિવર્સિટીમાં અભ્યાસ અર્થે આવેલા ફરસાદ નામના વિદ્યાર્થીના વખાણ કરતા જણાવ્યું હતું કે, આજ તો આપણી સંસ્કૃતિનો બહોળો પ્રચાર અને પ્રસારનો પાયો છે કે લોકો દેશ-વિદેશથી અહીં અભ્યાસ કરવા માટે આવે છે. આ કાર્યક્રમમાં યુની.માં સંસ્કૃત શીખવા માટે ઈરાન દેશથી સોમનાથ આવેલ વિદ્યાર્થી ફરસાદની સ્પીચ સાંભળી શિક્ષણમંત્રી જીતુભાઈ વાઘાણી પ્રભાવિત થયા હતા અને તેની સાથે મંચ ઉપર જ વાર્તાલાપ કરી વિદ્યાર્થી ફરસાદના જવાબોથી સંતુષ્ટિ વ્યકત કરી હતી. ઈરાનની મુસ્લીમ વિદ્યાર્થી ફરસાદ છેલ્લા દસ માસથી સોમનાથ સંસ્કૃત યુની.માં સંસ્કૃત શીખવા માટે બી.એ.ના અભ્યાસક્રમમાં એડમીશન મેળવી જ્ઞાન મેળવી રહયો છે. ત્યારે કાર્યક્રમના અંતિમભાગમાં ચાલી રહેલ આભાર દર્શન સમયે શિક્ષણ મંત્રી જીતુ વાઘાણીએ આભાર દર્શનનું પ્રવચન અટકાવી મંચ ઉપરથી જ સંકુચિત માનસ ધરાવતા લોકો ઉપર શબ્દોના બાણ વરસાવ્યા હતા.

આ તકે યુની.ના ઈરાનના વિદ્યાર્થી ફરસાદ અંગે મંત્રી જીતુભાઈ વાઘાણીએ પત્રકારોને જણાવેલ કે, ભારતીય સંસ્કૃતિ અને વૈભવ જે ભૂમિ ઉપર આપણો જન્મ થયો છે. ત્યાં આપણી ૠષી પરંપરા થકી આપણુ પાલન - પોષણ થયુ છે. આપણી વિદ્યાપીઠો-ગુરૂકુળો અને આપણી ગુરૂસંસ્કૃતિ થકી આપણે સૌ કોઈ જીવિત છે. ત્યારે કયારેક વિકૃત માનસીકતા વાળા અમુક લોકો, સંસ્થાઓ, પક્ષો એ પ્રકારની વિકૃત માનસીકતાઓનો લાભ લેવા માટે આવા પ્રકારે કયારેક નિવેદન બાજી કરે છે તો કયારેક લેખિત આપે છે. ત્યારે મને એવું લાગે છે કે, આવા લોકો સહિત સૌ કોઈ વિદ્યાર્થી ફરસાદ પાસે આવીને સમજે તો આપણી સંસ્કૃત અને સંસ્કાર એ સમજી શકશે. યુની.માં ગ્રંથપાલ (લાયબ્રેરી), અતિથિ ગૃહ તથા બી.એ.બી.એડ. કોલેજના બિલ્ડીંગનું લોકાર્પણ મહાનુભાવોએ કરેલ હતુ. આ કાર્યક્રમમાં પ્રદેશ મંત્રી ઝવેરીભાઈ ઠકરાર, જીલ્લા પ્રમુખ માનસીહ પરમાર, પુર્વ મંત્રી જશાભાઈ બારડ, રાજશીભાઈ જોટવા, પાલીકા પ્રમુખ પીયુષ ફોફંડી સહિત અનેક શૈક્ષણીક સંસ્થાઓના પ્રતિનિધિઓ, આચાર્યો અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહયા હતા.

માંગરોળમાં પેપર બેગનું વિતરણ કરવામાં આવ્યું

માંગરોળમાં વિવિધ સંગઠનો દ્વારા પર્યાવરણને બચાવવા માટે અનોખી પહેલ કરવામાં આવી

(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા. ૯

જૂનાગઢ જિલ્લાના માંગરોળમાં પર્યાવરણની રક્ષા હેતુ પ્લાસ્ટિક જબલાની અવેજીમાં પેપર બેગ મતલબ છાપામાંથી બનાવેલી બેગનું માંગરોળની બજારોમાં વ્યાપારીઓને નિઃશુલ્ક વિતરણ કરવામાં આવ્યું હતું. પર્યાવરણને અનુકૂળ પગલાની ખાતરી કરવા આ પ્રતિબદ્ધતાને આગળ ધપાવતા, માંગરોળના વિવિધ સંગઠનો દ્વારા સલામત અને સ્વચ્છ વાતાવરણની બાંયધરી આપવા અને આપણી ધરતી માતાની સુંદરતા તેમજ પર્યાવરણીય સંરક્ષણની પ્રતિબદ્ધતા માટે કટિબદ્ધ છે. પ્રવર્તમાન સમયમાં વધતા જતા પર્યાવરણ પ્રદૂષણ અને ગ્લોબલ વોર્મિંગની સમસ્યાઓ જોતાં પર્યાવરણ બચાવો, પર્યાવરણ આપણને બચાવશે એ ઉકતિ આજના આધુનિકયુગમાં માનવે સ્વીકારવી પડશે. આ બેગ બનાવવા માં ખાસ કરીને વંદેમાતરમ ગ્રુપના બાલ સંસ્કાર કેન્દ્રના બાળકો, બંદર ઉપરની મહિલા મંડળની બહેનો,બસ સ્ટેશન પાસેની નાળાવાળી વસ્તીના બાળકોએ ખુબજ જહેમત ઉઠાવેલી હતી અંદાજીત પચાસ હજાર જેટલી પેપર બેગનું શહેરના વ્યાપારીઓ નિઃશુલ્ક વિતરણ કરવામાં આવેલું સાથે વ્યાપારીઓને કાળા પ્લાસ્ટિક જબલાનો ઉપયોગ ન કરવા પણ આતકે વિનંતીઓ પણ કરવા માં આવેલી હતી. બને ત્યાં સુધી પ્લાસ્ટિકને બદલે કાગળની બેગનો વપરાશ કરવો. આ કાર્યક્રમની શરૂઆત સૃજતન સદભાવ વિદ્યાલયથી કરવામાં આવેલી જેમાં આ શૈક્ષણિક સંસ્થાના વિદ્યાર્થીઓ સંચાલક રાજેશ્વરીબહેન અને આ અભિયાનના પ્રણેતા પારૂલરબહેન જાદવ, કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલયના આચાર્ય હંસાબહેન ભાલીયા, રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના કેતનભાઈ નરશાણા, ગૌ રક્ષા સેનાના જી.કે. રબારી, વંદેમતરમ ગ્રુપના સુદીપભાઈ ગઢિયા, પૂર્વ કોર્પોરેટર અરૂણાબેન જગડા, મનસુખભાઈ વૈષ્ણવ, સંજીવની નેચર ફાઉન્ડેશનના નરેશબાપુ તેમજ નિલેશભાઈ રાજપરા, પત્રકાર વૈશાલીબહેન અલ્પેશભાઈ, અનિષભાઈ ગૌદાણા જોડાયેલા. ખાસ કરીને પારૂલબહેન જાદવ તેમજ તેમની ટીમ દ્વારા માંગરોળમાં ઘણા સમયથી લોકઉપયોગી સમાજને રાહચીંધતા અનેક નિસ્વાર્થ કાર્યો કરવામાં આવી રહયા છે . આ કાર્યમાં મેહુલભાઈ વૈષ્ણવ, વિમલભાઈ સોલંકી, અભયભાઈ ગરેજા, પીયૂસભાઈ ભસ્તાના સહિતના અનેક કાર્યકર ભાઈઓ તથા બહેનો જોડાયા હતાં.

ગુજરાતમાં ૩.૫૦ લાખ સરકારી નોકરીઓ ખાલી હોવા છતાં ભરતી કરાતી નથી

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ તા. ૯

ગુજરાત રાજયમાં કુલ ૩.૫૦ લાખ સરકારી નોકરીઓ ખાલી હોવા છતાં પણ તેની ભરતી કરવામાં આવતી ન હોવાની ફરીયાદો ઉઠી છે. આ દરમ્યાન આમ આદમી પાર્ટીનાં નેતા યુવરાજસિંહ જાડેજાએ સરકારી નોકરી આપવામાં સરકાર નિષ્ફળ રહી છે તેઓ આક્ષેપ કરેલ છે. ૨૦૧૮-૧૯માં ફકત ૫૪૯૭ અને ૨૦૧૯-૨૦માં ૧૭૭૭ને સરકારી નોકરી આપવામાં આવી હતી તેમ જણાવી દાખલાઓ પણ આપ્યા હતાં. વધુમાં ગુજરાતમાં સરકારી શાળાઓમાં પણ ૨૮૨૦૦ જગ્યાઓ ખાલી છે. શિક્ષક સહાયકો તેમજ આચાર્યોની પણ જગ્યા ખાલી છે. જુદા જુદા વિભાગોની મળી ૩૮૫૦૦ જગ્યાઓ ખાલી પડી છે. આ રીતે સરકારનાં ૨૭ વિભાગોનું ટોટલ કરીએ તો હાલ ૩.૫૦ લાખ સરકારી નોકરીઓ ખાલી હોવાની વાત દાખલા દલીલ સાથે યુવરાજસિંહે રજુ કરી હતી અને તાત્કાલીક અસરથી આ ભરતી કરી નાંખવી જોઈએ તેમ જણાવ્યું હતું.

તહેવાર સમયે જ સિંગતેલ, કપાસિયાના ભાવમાં ૨૦ રૂપિયાનો વધારો ઝીંકાયો

(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ,તા.૯

કોરોનાના બે વર્ષ બાદ માંડ લોકોને આ વર્ષે ઉત્સવ ઉજવણીનો લ્હાવો મળ્યો છે, ત્યાં મોંઘવારીએ માઝા મૂકી છે. ખરા તહેવાર સમયે જ જીવન જરૂરિયાતી તમામ વસ્તુઓના ભાવ વધ્યા છે. ત્યારે દર અઠવાડિયે ખાદ્યતેલમાં થઈ રહેલો ભાવ વધારો લોકોનું ટેન્શન વધારી રહ્યો છે. છેલ્લા કેટલાક સમયથી દર સપ્તાહમાં ખાદ્ય તેલના ભાવમાં તોતિંગ વધારો થઈ રહ્યો છે. જેને કારણે ઘરનું બજેટ ખોરવાયું છે. આજે ફરીથી પામોલિન તેલ, સિંગતેલ અને કપાસિયા તેલના ભાવ વધ્યા છે. રાજકોટના તેલ બજારમાંથી આવેલા આજના ભાવ પર નજર કરીએ તો, પામતેલમાં ડબ્બામાં એક દિવસમાં ૯૦ રૂપિયાનો વધારો થયો છે. તો સિંગતેલ અને કપાસિયા તેલના ભાવમાં ૨૦ રૂપિયાનો વધારો થયો છે. પામતેલના ૧૫ કિલો ડબ્બાનો ભાવ ૧૯૯૦થી વધીને ૨૦૮૦ રૂપિયા પર પહોંચ્યો છે. તો સિંગતેલના ડબ્બાનો ભાવ ૨૮૦૦ રૂપિયા પાર પહોંચ્યો છે. કપાસિયા તેલના ડબ્બાનો ભાવ ૨૫૧૦ રૂપિયા થયો છે. તહેવાર નજીક આવતા ખાદ્યતેલના ભાવમાં ભડકો થયો છે. વેપારીઓના જણાવ્યા અનુસાર સીંગતેલમાં હજુ ભાવ વધવાની શકયતા પૂરેપૂરી છે. સીંગતેલના ભાવમાં વધારો આવશે તો એની અસર કપાસિયા અને સાઈડ તેલમાં પણ જોવા મળશે.

જૂનાગઢ શહેરમાં વિવિધ વિસ્તારોમાં કલાત્મક સબીલો લોકોનું આકર્ષણનું કેન્દ્ર બની

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા. ૯

મહોર્રમ નિમિત્તે જૂનાગઢ શહેરમાં કલાત્મક સબીલો બનાવવાની પરંપરા રહી છે. જેમાં સબીલો ખાતે શરબત,પ્રસાદ (ન્યાઝ) સહિતનાં આયોજનો દ્વારા શહિદોને શ્રધ્ધાંજલી અર્પણ કરવામાં આવે છે. પ્રસ્તુત તસ્વીરમાં ઝાલોરાપા વિસ્તારમાં ફીલીપ્સ હોટલ નજીક બનાવવામાં આવેલી કલાત્મક સબીલ દર્શાય છે. જેને હસનેનબાપુ બુખારી, હનીફમીયા જહાંગીરમીયા કાદરી (અનુબાપુ), હેદરબાપુ, અહેમદબાપુ, ઈમરાન મુન્સી, રમીઝ પુઠાવાલા વિગેરે દ્વારા બનાવવામાં આવી છે. સબીલ લોકોનું આકર્ષણનું કેન્દ્ર બની છે.

યાત્રાધામ દ્વારકા ખાતે જીલણા એકાદશી ઉત્સવ ઉજવાયો

(રાકેશ સમાણી દ્વારા)

દ્વારકા તા. ૯

શ્રાવણ સુદ એકાદશીનાં શુભ દિવસે પવિત્ર યાત્રાધામ દ્વારકા ખાતે પૌરાણીક પરંપરા અનુસાર ભગવાન શ્રી દ્વારકાધીશનાં જગત મંદિરેથી શ્રીજીનાં બાલસ્વરૂપને પાલખીમાં નગરભ્રમણ કરતા શહેરનાં પ્રાચીન કૃકલાસ કુંડમાં સ્નાન કરવા માટે લઈ જવામાં આવેલ અને વિધિવત રીતે અભિષેક-પૂજા કરીને શ્રીકૃષ્ણનાં બાલસ્વરૂપને સ્નાન કરાવવામાં આવેલ. બાલકૃષ્ણ સાથે બિરાજમાન રૂકમણિજીની પાલખી સવારીમાં પુજારી આનંદ ઉપાધ્યાય, કિશાન ઉપાધ્યાય સહિત દ્વારકા શહેરની ધર્મપ્રેમી જનતા જોડાયેલ હતી.

જામનગર : તાજિયામાં વીજવાયરે અડી જતા ૧૫ને કરંટ લાગ્યો, બેના મોત

(પ્રતિનિધિ દ્વારા)

જામનગર,તા.૯

જામનગરમાં જુલુસ સમયે વીજ કરંટ લાગતે ૧૫ જેટલા લોકો ઘાયલ થયા હતા, જેમાં બે યુવકોના મોત નિપજતા મુસ્લિમ સમાજમાં ગમમીની છવાઈ છે. જામનગર શહેરના ધરારનગર વિસ્તારની ગત મોડી રાતે આ ઘટના બની હતી. ધરારનગરમાં સોમવારની રાતે તાજિયાના જુલુસ કાઢવામાં આવ્યા હતા. તાજિયા ઉંચા હોવાથી તેનો ઉપરનો ભાગ વીજ વાયરને અડી ગયો હતો. જેથી નીચે કરંટ પ્રસરતા અંદાજે ૧૫ જેટલા લોકોને કરંટ લાગ્યો હતો. સારવાર દરમ્યાન આસિફ યુનુસભાઈ મલેક (ઉ.વ. ૨૩, રહે. ધરારનગર) અને મહંમદ વાહીદ (ઉ.વ. ૨૫)નાં મોત થયા હતા.

જૂનાગઢમાં વચગાળાનાં જામીન મેળવી એક વર્ષથી ફરાર આરોપી ઝડપાયો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા. ૯

જૂનાગઢ જીલ્લામાંથી છેલ્લા એક વર્ષથી વચગાળાનાં જામીન મેળવી ફરાર થયેલ સંજય દામજી ચૌહાણને પેરોલફર્લો સ્કવોડે ઝડપી જેલ હવાલે કરેલ છે. પેરોલફર્લો સ્કવોડનાં એએસઆઈ પ્રદિપભાઈ ગોહેલ, ઉમેશભાઈ વેગડા, સંજય વઘેરા, દિનેશ છૈયા, જયેશ બાંભણીયા સહિતનાને બાતમી મળેલ કે સંજય વેરાવળ શહેરની ભવાની હોટલ પાસે આંટાફેરા કરે છે અને ત્યાંથી મળી આવતા તેને ઝડપી જેલ હવાલે કરેલ છે.

જૂનાગઢ સહિત વિવિધ સ્થળોએ જુગાર દરોડા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા. ૯

જૂનાગઢ બી ડીવીઝન પોલીસે જોષીપરા ખલીલપુર રોડ ઉપર આવેલા ક્રિષ્નાવીલા એપાર્ટમેન્ટનાં પાર્કીંગમાં ગઈકાલે જુગાર અંગે દરોડો પાડતા ૧૦ મહિલા સહિત ૧૨ને રૂા.૧૨,૫૪૦ની રોકડ સાથે જુગાર રમતા ઝડપી લીધેલ છે. જયારે વિસાવદર પોલીસે જાંબાળા ગામે જુગાર અંગે દરોડો પાડતા ૬ શખ્સોને રૂા.૧૪,૭૩૦ની રોકડ સાથે જુગાર રમતા ઝડપી લીધેલ છે. આ ઉપરાંત બરડીયા ગામે જાહેરમાં જુગાર રમતા ૪ શખ્સોને રૂા.૨૫૬૫નાં મુદામાલ સાથે ઝડપી લેવામાં આવેલ છે. આ ઉપરાંત માળીયા હાટીના તાલુકાનાં ગાંગેચા ગામેથી પાંચ શખ્સોને જાહેરમાં જુગાર રમતા રૂા. ૧૪૩૬૦નાં રોકડ મુદામાલ સાથે ઝડપી લઈ તેમના વિરૂધ્ધ જુગારધારા હેઠળ કાર્યવાહી હાથ ધરી છે.

પશ્ચિમ રેલવે-અમદાવાદ ડિવિઝન

સિગ્નલિંગ મટિરિયલના પાર્ટ સપ્લાય, ઇન્સ્ટોલેશન, ટેસ્ટિંગ અને કમિશનિંગના આઉટસોર્સિંગની જોગવાઈ

ટેન્ડર આમંત્રણ નોટિસ નં.: DRM-SnT-ADI-Sig 12 of 2022-23; ભારતના રાષ્ટ્રપતિ વતી અને તેમના માટે ડીઆરએમ / એસ એન્ડ ટી કાર્યકારી ટેન્ડર નં.: DRM-SnT-ADI-Sig 12 of 2022-23 સામે ઈ ટેન્ડર્સ આવકારે છે. બંધ થવાની તારીખ 01.09.2022, 15:00. બિડર્સ તેમની ઓરિજિનલ / સુધારેલ બિડ બંધ થવાની તારીખ અને સમય સુધીમાં જમા કરાવવા માટે સક્ષમ રહેશે. આ ટેન્ડર સામે મેન્યુઅલ ઓફર માન્ય નથી, અને આવી પ્રાપ્ત થયેલ કોઈપણ મેન્યુઅલ ઓફર ધ્યાનમાં લેવાશે નહીં. (1) કામનું નામ: અમદાવાદ ડિવિઝનમાં પ્રાંતીયા - ગાંધીધામ - ભુજ સેક્શનના આઉટડોર સિગ્નલિંગ ગિયર્સના રિપેર અને મેન્ટેનન્સ માટેના કાર્ય સ.બ્રિ સંબંધિત સિગ્નલિંગ મટિરિયલના પાર્ટ સપ્લાય, ઇન્સ્ટોલેશન, ટેસ્ટિંગ અને કમિશનિંગના આઉટસોર્સિંગની જોગવાઈ; (2) કામની અંદાજિત કિંમત: ₹ 78,53,740.41 (રૂ. ઇઠ્યોતેર લાખ ત્રેપન હજાર સાતસો ચાલીસ અને પૈસા ચુમાલીસ પૂરા); (3) અર્નેસ્ટ મની ડિપોઝીટ: ₹ 1,57,100/- (રૂ. એક લાખ સત્તાવન હજાર એકસો પૂરા); (4) બંધ થવાની તારીખ અને સમય: તા. 01.09.2022 ના 15.00 કલાક સુધી મોડા નહીં; (5) ટેન્ડર ખોલવાની તારીખ અને સમય: તા. 01.09.2022 ના 15.30 કલાકે; (6) ઈ-ટેન્ડરીંગ માટે વેબસાઈટ: www.ireps.gov.in 97

અમને Like કરો: facebook.com/WesternRly

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિ. વર્તુળ કચેરી, જૂનાગઢ

ફોન : ૦૨૮૫ - ૨૬૨૨૧૬૭/૨૬૨૨૧૭૬ ફેકસ ૦૨૮૫-૨૬૫૭૬૯૫

www.pgvcl.com & http://guj-epd.gov.in

નિવિદા-૨૪૦/૨૦૨૨

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિ. વર્તુળ કચેરી, જૂનાગઢ હેઠળ આવતી વિભાગીય કચેરીઓનાં જુદા-જુદા કામો, માલસામાન ખરીદી માટે સીલબંધ કવરમાં રજીસ્ટર એ.ડી.થી ભાવો મંગાવવામાં આવે છે. ઉપરોકત વિગત પી.જી.વી.સી.એલ.ની વેબસાઈટ www.pgvcl.com અને ઓનલાઈન ટેન્ડર www.nprocure.com ઉપરથી મળી શકશે તથા વિભાગીય કચેરીનાં નોટીસ બોર્ડ ઉપરથી મળી શકશે.

ટોલ ફ્રી નં.૧૮૦૦-૨૩૩-૧૫૫૩૩૩ અને ૧૯૧૨૨

ઉર્જા બચાવો, પોતાના તથા રાષ્ટ્રનાં હિત માટે

અધિક્ષક ઈજનેર (સં.નિ.) જૂનાગઢ

એશિયાઇ સિંહના સંરક્ષણ અને સંવર્ધનમાં સ્થાનિક લોકોનું અમુલ્ય યોગદાન

સિંહો ગીર અને બૃહદગીરના ૩૦૦૦૦ ચો. કી.મી. વિસ્તારમાં મુક્ત પણે વિહરતા જોવા મળે છે : આ વિસ્તારને એશિયાટીક લાયન લેન્ડસ્કેપ તરીકે ઓળખવામાં આવે છે

તા.૧૦મી ઓગસ્ટના રોજ શાળાઓમાં વિવિધ કાર્યક્રમો યોજી ડીજીટલ મીડીયાનો ઉપયોગ કરી વર્ચ્યુલ રીતે વિશ્વ સિંહ દિવસની ઉજવણી કરાશે : સૌરાષ્ટ્રના ૮ જિલ્લાઓની આશરે ૬૫૦૦ જેટલી શાળાઓ/કોલેજોમાં ઉજવણી કરાશે

આ ભવ્ય ઉજવણીમાં આશરે ૧૫ લાખથી વધુ લોકો જોડાશે : મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના સેટકોમ મારફત સિંહ સંરક્ષણ અને સંવર્ધન અંગેના સંદેશાના જીવંત પ્રસારણથી થશે

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૯

આ દિવસની ઉજવણી વિશ્વમાં જોવા મળતા સિંહોની અગત્યતા દર્શાવે છે. સિંહ એ જૈવિક, સાંસ્કૃતિક, ધાર્મિક તેમજ પારિસ્થિતીક રીતે ઘણું અલગ અને આગવું મહત્વ ધરાવતી પ્રજાતિ છે. સમગ્ર વિશ્વમાં તેના સંરક્ષણ અને સંવર્ધન માટે લોકોમાં જાગૃતિ આવે અને લોક ભાગીદારી વધે તે હેતુથી વિશ્વ સિંહ દિવસની ઉજવણી કરવામાં આવે છે. એશિયાઇ સિંહ ભારત દેશના ગુજરાત રાજયના સૌરાષ્ટ્રના વિસ્તારમાં કુદરતી અવસ્થામાં વિહરતા જોવા મળે છે. તેના સંરક્ષણ અને સંવર્ધનમાં સ્થાનીક લોકોનું અમુલ્ય યોગદાન રહેલું છે. ગુજરાત સરકાર, વન વિભાગ, ગુજરાત રાજય અને સ્થાનિક લોકોના સહિયારા પ્રયાસથી તેની વસ્તીમાં ઉત્તરોત્તર વધારો થયો છે. સંખ્યા વધતાની સાથે તેઓ ભુતકાળના તેમના નિવાસ સ્થાનને પૂર્નઃ મેળવી રહ્યા છે. આજે સિંહો ગીર અને બૃહદગીરના ૩૦૦૦૦ ચો. કી.મી. વિસ્તારમાં મુક્ત પણે વિહરતા જોવા મળે છે. આ વિસ્તારને એશિયાટીક લાયન લેન્ડસ્કેપ તરીકે ઓળખવામાં આવે છે. ભારતમાં વિશ્વ સિંહ દિવસની ઉજવણી વન વિભાગ, ગુજરાત રાજ્ય દ્વારા ૨૦૧૬નાં વર્ષથી શરૂ કરવામાં આવેલ છે જેમાં વિદ્યાર્થીઓ, શિક્ષકઓ, શિક્ષણ વિભાગનો સ્ટાફ, સ્થાનિક જનપ્રતિનિધીઓ, એન.જી.ઓ.ના સભ્યો, પ્રકૃતિપ્રેમીઓ, સિંહ પ્રેમીઓ, ગ્રામજનોની લોકભાગીદારીથી આ ઉજવણી કરવામાં આવેલ છે ૨૦૧૬ માં ૫.૪૬ લાખ, ૨૦૧૭માં ૮.૭૬ લાખ, ૨૦૧૮માં ૧૧.૦૨ લાખ, ૨૦૧૯માં ૧૧.૩૭ લાખની મોટી સંખ્યામાં લોકભાગીદારી નિર્માણ થયેલ હતી. ૨૦૨૦ અને ૨૦૨૧ના વર્ષોમાં કોવિડ-૧૯ મહામારીના કારણે વિશ્વ સિંહ દિવસની પ્રત્યક્ષ રીતે ઉજવણી શક્ય ન હતી. લોકોના સિંહ પ્રત્યેના પ્રેમને ધ્યાને લઈ ડીજીટલ મીડીયાના માધ્યમથી વર્ચ્યુલ રીતે વિશ્વ સિંહ દિવસની ઉજવણી કરવામાં આવેલ હતી અને જેમાં ખુબજ મોટા પ્રમાણમાં દેશ અને વિદેશના સિંહ પ્રેમીઓ દ્વારા ભાગ લેવામાં આવેલ અને જેની સંખ્યા ૨૦૨૦માં ૭૨.૬૩ લાખ અને ૨૦૨૧માં ૮૫.૦૧ લાખની હતી. આમ કોવીડ-૧૯ની પરિસ્થિતી હોવા છતા વર્ચ્યુલ માધ્યમથી ખુબ જ મોટા પ્રમાણમાં લોકભાગીદારી નિર્માણ થયેલ હતી. ચાલુ વર્ષે ૧૦મી ઓગસ્ટના રોજ શાળાઓમાં વિવિધ કાર્યક્રમો યોજી પ્રત્યક્ષ રીતે અને ડીજીટલ મીડીયાનો ઉપયોગ કરી વર્ચ્યુલ રીતે વિશ્વ સિંહ દિવસની ઉજવણી કરવાનું આયોજન કરવામાં આવેલ છે. વન વિભાગ, ગુજરાત રજ્ય, ગુજરાત શિક્ષણ વિભાગ તેમજ સ્થાનિક લોકોના સહીયારા પ્રયાસોથી સૌરાષ્ટ્રના ૮ જીલ્લાઓની આશરે ૬૫૦૦ જેટલી શાળઓ/કોલેજોમાં આ ઉજવણી કરવામાં આવનાર છે. આ ભવ્ય ઉજવણીમાં આશરે ૧૫ લાખથી વધુ લોકો જોડાશે. આ કાર્યક્રમ જે તે ગામ/શહેરની શાળાઓમાં કરવામાં આવશે. જેમાં શાળાના વિદ્યાર્થીઓ, શિક્ષકઓ, જનપ્રતિનિધિઓ, ગ્રામજનો, એન.જી.ઓ.ના સભ્યઓ, પ્રકૃતિપ્રેમીઓ, સિંહપ્રેમીઓ, ગુજરાત સરકારના જુદા-જુદા વિભાગોના અધિકારીઓ અને કર્મચારીઓ શાળાએ ૧૦મી ઓગષ્ટના રોજ એકત્ર થઈ આ કાર્યક્રમમાં જોડાશે. ઉજવણીની શરૂઆતમાં મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના સેટકોમ મારફત સિંહ સંરક્ષણ અને સંવર્ધન અંગેના સંદેશાના જીવંત પ્રસારણથી થશે. ત્યારબાદ શાળાના પટાંગણમાંથી નિયત કરવામાં આવેલ રૂટ ઉપર સિંહોના મ્હોરા પહેરી અને બેનર લઈ સાથોસાથ સિંહ સંરક્ષણ અને સંવર્ધનને લગત નારાઓ બોલવા સાથે ઐતિહાસિક મહારેલી કાઢવામાં આવશે. રેલી પુર્ણ કરી તમામ શાળાના પટાંગણમાં એકત્ર થઈ સભાના રૂપમાં મળશે જેમાં સિંહ ઉપર બનેલી આશરે ૧૦થી ૧૨ મીનીટની ડોકયુમેન્ટ્રી ફિલ્મ નિહાળશે. બાદ શાળાના શિક્ષકગણ, વિદ્યાર્થીઓ, સ્થાનિક એકત્ર લોકો દ્વારા સિંહ ઉપર વકતવ્ય આપવામાં આવશે અને એશિયાઇ સિંહના સંરક્ષણ માટે સંકલ્પ(પ્રતિજ્ઞા) લેવામાં આવશે. ત્યાર બાદ જે તે શાળા દ્વારા આ ઉજવણી સંલગ્ન પ્રવૃતિઓ કરવામાં આવશે.

રક્ષાબંધન પૂનમે નહી ચૌદશે ઉજવાશે !

જૂનાગઢ તા.૮

ગ્રહ, નક્ષત્રો અને તિથીનું હિન્દુ સંસ્કૃતિમાં વિશેષ મહત્વ રહેલ છે. જયોતિષશાસ્ત્રીઓ તેમજ જાણકાર વિદાનું માવું છે કે, આ બધુ ભૌગોલિક પરિસ્થિતિની આધીન છે. તેમજ આની અસાર વાતાવરણની સાથે તિથી-તહેવારોઉપર પણ પડે છે. તેવું જ આ વર્ષે બનવાનું છે. તેવું જ આ વર્ષે બનવાનુંછે. આ વર્ષે નાળીયેરી પુર્ણિમા પૂનમનાં બાદલે ચૌદસનાં દિવસે ઉજવવામાં આવશે. પંચાગ પ્રમાણે જયોતિષ્નાં નિયમ પ્રમાણે આ વર્ષે રક્ષાબંધન ચૌદશનાં દિવસે છે. શ્રાવણ સુદ ચૌદશને ગુરૂવાર તા.૧૧ ઓગસ્ટનાં દિવસે ચૌદશ તિથી સવારે ૧૦:૩૯ સુધી છે. ત્યારબાદ પૂનમ તિથી છે તથા શુક્રવારે પૂનમનાં દિવસે પૂનમ તિથી સવારે ૭:૬ કલાક સુધી જ હોવાથી અને શુક્રવારે એકમ તિથીનો ક્ષય હોવાથી આ વર્ષે રક્ષાબંધન શ્રાવણ સુદ ચૌદશને ગુરૂવારે ઉજવાશે તેથી રાખડી બાંધવી પણ ચૌદશને ગુરૂવારે ઉત્તમ રહેશે. ભૂદેવો આ દિવસે જનોઈ બદલાવે છે. જનોઈ નવી ધારણ કરવામાં વિષ્ટિકરણનો દોષ લાગતો હોય છે પરંતુ આ વર્ષે ગુરૂવારે ચૌદશનાં દિવસે મકર રાશીનાં ચંદ્રમાં વિષ્ટકરણ છે. આથી વિષ્ટિકરણ એટલે કે ભદ્રા પાતાળમાંછે આથી વિષ્ટિકરણનોદોષ લાગતો નથી. આમ ગુરૂવારે તા.૧૧ ઓગસ્ટ સવારે ૧૦:૩૯ પછી પૂનમ તિથી હોવાથી રાખડી બાંધવી તથા યક્ષોપવિત ધારણ કરવી શુભ અને ઉત્તમ રહેશે.

રાખડી બાંધવાનું શુભ મુહુર્ત

ચોઘડિયા પ્રમાણે તથા શુભ સમય પ્રમાણે અભિજિત મુહુર્તા બાપોરે ૧૨:૨૬થી ૧:૧૮, સવારે ચલ ૧૧:૧૫ થી ૧૨:૫૨, બપોરે લાભ ૧૨:૫૨ થી ૨:૨૯, બાપોરે અમૃત ૨:૨૯ થી ૪:૦૬, સાંજે શુભ ૫:૪૩ થી ૭:૨૦, પ્રદોષ કાળ પ્રમાણે ૭:૨૧ થી ૮:૪૯, રાત્રે અમૃત ૭:૨૦ થી ૮:૪૩, ચલ ૮:૪૩ થી ૧૦:૦૬ છે.

કેશોદમાં આહિર સમાજ દ્વારા સન્માન સમારોહ યોજાયો

(ગોવિંદ હડીયા દ્વારા)

કેશોદ, તા.૯

કેશોદના એમવી બોદર આહિર સમાજ ગાયોના ગોંદરા પાસે સમસ્ત આહિર સમાજ દ્વારા આહીર સમાજના પીઢ આગેવાન હીરાભાઈ જોટવાનું અદકેરૂ સન્માન સમારોહ કાર્યક્રમ યોજાયો હતો. હિરાભાઈ જોટવા દ્વારા કેશોદના યદુનંદન આહીર સમાજ કેશોદના અગીયાર લાખના દાતા આહીર યુવા મંચ કેશોદના એકવીશ લાખના દાતા કૃષ્ણ ધામ રહીજ માંગરોળના એકવીશ લાખના દાતા તેમજ અનેક મંદિરોમાં સામાજીક સંસ્થાઓમાં ઉદાર હાથેફાળો આપી રહયા છે. એવા આહીર સમાજના પીઢ આગેવાન અને અઢારેય વરણના દરેક કાર્યમાં જેમનો કાયમી સહયોગ મળતો રહ્યો એવા દાનવીર ભામાશાનો ભવ્ય સન્માન કાર્યક્રમ રાખેલ હતો જેમાં આજુબાજુના બેથી ત્રણ તાલુકાના આહિર સમાજ તથા આગેવાનોની ઉપસ્થિતિમાં જુદા જુદા ગામોના આહિર સમાજ દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.

સંત અને શૂરાની ભૂમિ ગરવા ગઢ ગિરનાર અંબાજી મંદિરના મહંત તનસુખગીરી બાપુનો પ્રજાને પ્રેરક સંદેશ

‘તિરંગો લહેરાવી આપણા ઘરને રાષ્ટ્ર મંદિર બનાવીએ’ : મહંત તનસુખગીરીબાપુ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૯

દેશનો દરેક નાગરિક ‘હર ઘર તિરંગા’ અભિયાનમાં સામેલ થઈને પોતાના ઘરે, સંસ્થા, શાળા, મંદિરોમાં અને કોલેજોમાં તિરંગો લહેરાવે તેવો પ્રેરક સંદેશ જૂનાગઢના સંતો-મહંતો આપી રહ્યા છે. જૂનાગઢમાં અંબાજી મંદિર ગીરનાર અનેભીડભંજન મહાદેવ મંદિરના મહંત તનસુખગીરીબાપુએકહ્યું કે, દરેક લોકોને આ ‘હર ઘર તિરંગા’ અભિયાનમાં જોડાઈ અને પોતાના ઘરમાં તિરંગા લગાવીને ઘરને રાષ્ટ્ર મંદિર બનાવવું જોઈએ. જે દેશમમાં જન્મ લીધો છે અને જે દેશમાં આપણે સમૃધ્ધ થયા છીએ, એ માતૃભૂમિનું આપણે આપણા ગજા અનુસાર ઋણ ચૂકવવું જ જોઈએ. સરકાર દ્વારા તો આઝાદીના અમૃત મહોત્સવ અન હર ઘર તિરંગા કાર્યક્રમ યોજાઈ જ રહ્યો છે પરંતુ આપણા ઘર ઉપર રાષ્ટ્ર ધ્વજ લહેરાવવો આપણો એક દેશપ્રેમી અને જાગૃત નાગરિક તરીકેની નૈતિક જવાબદારી છે.(તસ્વીર : વિજય ત્રિવેદી)

દત્ત અને દાતારની ભૂમિના આસન સિદ્ધ મહંત ભીમબાપુનો પ્રજાને પ્રેરક સંદેશ

‘તિરંગો લહેરાવી આપણા ઘરને રાષ્ટ્ર મંદિર બનાવીએ’ : ઉપલા દાતારના મહંત ભીમબાપુ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૯

દેશનો દરેક નાગરિક ‘હર ઘર તિરંગા’ અભિયાનમાં સામેલ થઈને પોતાના ઘરે, સંસ્થા, શાળા, મંદિરોમાં અને કોલેજોમાં તિરંગો લહેરાવે તેવો પ્રેરક સંદેશ જૂનાગઢના સંતો-મહંતો આપી રહ્યા છે. ત્યારે જૂનાગઢ કોમી એકતાનાં પ્રતીક સમી ઉપલા દાતારની ધાર્મિક જગ્યાના મહંત પૂજ્ય ભીમબાપુ એક અખબારી યાદીમાં જણાવે છે કે, દરેક લોકોને આ ‘હર ઘર તિરંગા’ અભિયાનમાં જોડાઈ અને પોતાના ઘરમાં તિરંગા લગાવીને ઘરને રાષ્ટ્ર મંદિર બનાવવું જોઈએ. જે દેશમમાં જન્મ લીધો છે અને જે દેશમાં આપણે સમૃધ્ધ થયા છીએ, એ માતૃભૂમિનું આપણે આપણા ગજા અનુસાર ઋણ ચૂકવવું જ જોઈએ. સરકાર દ્વારા તો આઝાદીના અમૃત મહોત્સવ અન હર ઘર તિરંગા કાર્યક્રમ યોજાઈ જ રહ્યો છે પરંતુ આપણા ઘર ઉપર રાષ્ટ્ર ધ્વજ લહેરાવવો આપણો એક દેશપ્રેમી અને જાગૃત નાગરિક તરીકેની નૈતિક જવાબદારી છે તેમ પૂજ્ય બાપુએ જણાવ્યું છે.(તસ્વીર : વિજય ત્રિવેદી)

ઈન્દ્રેશ્વર મંદિર આસપાસનાં જંગલમાં પ્લાસ્ટિક મુકત અભિયાન

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૯

નેચર ફર્સ્ટ જૂનાગઢના માધ્યમથી પ્રકૃતિનું જતન અંતર્ગત નેચર ફર્સ્ટની ટીમ દ્વારા ગઈકાલે રવિવારે સવારના ૮:૩૦થી ૧૧:૩૦વાગ્યા સુધી ઈન્દ્રેશ્વર મંદિરની આસપાસના જંગલ વિસ્તારમાં પ્લાસ્ટિક મુક્ત ગીરનાર જંગલ અભિયાન યોજવામાં આવ્યું હતું. જેમાં ૮૫ કિલો જેટલા પ્લાસ્ટિકના જથ્થાનો નાશ કરાયો હતો અને સાથે સાથે હર ઘર તિરંગાની ઉજવણીના ભાગરૂપે તિરંગા સાથે પ્લાસ્ટિક મુકત ગીરનાર જંગલ અભિયાન યોજવામાં આવ્યું હતું. ત્યારે હાલ શ્રાવણ માસ ચાલી રહ્યો હોય અને ઈન્દ્રેશ્વર મંદિરે મહાદેવના દર્શને આવતા શ્રદ્ધાળુઓને પ્લાસ્ટિક પ્રદુષણ અંગે સમજાવી અને હર ઘર તિરંગાની ઉજવણી અન્વયે તા.૧૩ થી ૧૫ ઓગસ્ટ સુધી પોતાના ઘરે તિરંગો લગાવવા જણાવેલ હતું.

રાસોત્સવ ૨૦૨૨માં જૂનાગઢમાં રહેતા તમામ બ્રહ્મ પરિવારોને વિનામૂલ્યે પ્રવેશ અપાશે

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૯

પૂજ્ય મુકતાનંદ બાપુના આર્શીવાદ સાથે સૌરાષ્ટ્ર-કચ્છ સમસ્ત બ્રહ્મ સમાજ જૂનાગઢ જિલ્લાપ્રમુખ કે.ડી. પંડ્યા, શહેર પ્રમુખ પ્રફુલભાઈ જોશી તેમજ પુનિતભાઈ શર્મા જૂનાગઢ શહેર ભાજપ પ્રમુખના માર્ગદર્શન હેઠળ જૂનાગઢ શહેરના બ્રહ્મસમાજની તમામ પેટા જ્ઞાતિના પ્રમુખ મહામંત્રી તેમજ આમંત્રિત બ્રહ્મ અગ્રણી, કથાકારો, બ્રહ્મ સમાજના ભાઈઓ-બહેનો બ્રહ્મ સમાજના આગામી કાર્યક્રમો અંગે નાથડીયા ઉનેવાળ બ્રહ્મ સમાજની વાડી ગાંધીગ્રામ ખાતે મીટીંગ મળેલી હતી. જેમાં છેલ્લા દસ વર્ષથી ભવ્ય સફળતાથી ચાલતા બ્રહ્મ રાસોત્સવ અનુસંધાને આ વર્ષે બ્રહ્મ રાસોત્સવ ૨૦૨૨ જૂનાગઢ શહેરમાં વસતા તમામ ભૂદેવપરિવારોને વિનામૂલ્યેપ્રવેશ આપવામાં આવશે. તેમજ ગુજરાતમાં સૌપ્રથમવાર વૈદિક પરંપરા મુજબ નવરાત્રી મહોત્સવ ઉજવાશે તેવું નક્કી કરવામાં આવેલ છે. બ્રહ્મ ખેલૈયાઓ માટે લોનવાળું વી શાળા ગ્રાઉન્ડ, વિશાળ પાર્કિંગ, સીસીટીવી કેમેરાથી સજજ બાલાજી ફાર્મ, ચોબારી રેલ્વે ફાટક પાસે, જૂનાગઢ ખાતે રાખવામાં આવેલ છે. તેમજ આ રસોત્સવમાં જૂનાગઢમાં રહેતા તમામ બ્રહ્મ પરિવારોને વિનામૂલ્ય પ્રવેશ આપવામાં આવશે. દીપ પ્રગટ્યમાં બ્રહ્મ સમાજના ધારાસભ્ય ભીખાભાઈ જોષી, ટ્રસ્ટી હશુભાઈ જોષી, નિર્ભયભાઈ પુરોહિત, શૈલેષભાઈ રવૈયા, મુકેશ મેહતા, મેહુલ દવે, યોગેશ પુરોહિત, આરતીબેન જોષી, રૂપલબેન લખલાણી, ચેતનાબેન પંડયા વગેરે ઉપસ્થિત રહેલ હતા. કાર્યક્રમનું સંચાલન નરેન્દ્ર પ્રસાદ શાસ્ત્રીએ કરેલ હતું તેમ પ્રવકતા શૈલેષ પંડયા, મંત્રી મહેશજોષીની યાદી જણાવે છે.

જૂનાગઢ યાર્ડ જન્માષ્ટમી પર્વને લઈ તા. ૧૩ થી ૨૧ ઓગસ્ટ સુધી બંધ રહેશે

જૂનાગઢ, તા.૯

શ્રાવણમાસ ઉત્સવનો ભકિત સભર મહીનો હોય જૂનાગઢ માર્કેટીંગ યાર્ડના વેપારી મિત્રોની રજૂઆતને ધ્યાનો લઈ માર્કેટીંગ યાર્ડ જૂનાગઢના ચેરમેન કિરીટભાઈ પટેલની સુચનાથી માર્કેટીંગ યાર્ડ જૂનાગઢમાં જન્માષ્ટમીના ઉત્સવ નિમિત્તે તા.૧૪/૮/૨૦૨૨થી તા.૨૧/૮/૨૦૨૨ સુધી વેપારી કામકાજ સદંતર બંધ રહેશે. આ રજા દરમ્યાન તા.૧૩/૮/૨૦૨૨ સવારના ૮ વાગ્યાથી તમામ જણસીની આવક બંધ રહેશે અને તા.૨૨/૮/૨૦૨૨ સવારના ૮ વગ્યાથી તમામ જણસીની આવક રાબેતા ચાલુ થશે જેની તમામ ખેડૂત મિત્રો અને વેપારી મીત્રોએ નોંધ લેવા જણાવેલ છે.

ઓખા ખાતે ઈન્ડિયન એરફોર્સ એસોસિએશન ગુજરાત દ્વારા મહિલાઓને સેલ્ફ ડિફેન્સ તેમજ સેનેટરી પેડ્સ વિષે માહિતી અપાઈ

(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૯

ઓખા ખાતે ઈન્ડિયન એરફોર્સ એસોસિએશન ગુજરાત દ્વારા મહિલાઓને સેલ્ફ ડિફેન્સ તેમજ સેનેટરી પેડ્સ વિષે માહિતી આપી નિઃશુલ્ક પેડ્સ વિતરણ કરવામાં આવેલ હતા. આ કાર્યક્રમ દ્વારકા, આરંભડા, ઓખા અને બેટ એમ અલગ-અલગ જગ્યાએ કાર્યક્રમ કરવામાં આવેલ હતો. આ કાર્યક્રમમાં અમદાવાદથી પધારેલ રમેશભાઈ મહેંદીરતા, લતાબેન વાઘેલા, વર્ષાબેન બેરવા, દ્વારકાના માજી સૈનિક પત્રામલભા માણેક, ગીતાબેન માંગલીયા, આલીબેન ગેડીયા, કૌશલ્યાબેન ફોફંડી, રક્ષાબેન જોષી તેમજ ખૂબ જ મોટી સંખ્યામાં બહેનો ઉપસ્થિત રહ્યા હતા. સેલ્ફ ડિફેન્સ અને પેડ્સ વિષોની વિસ્તૃત જાણકારી અમદાવાદથી પધારેલ લતાબને વાઘેલા આપેલ હતી. જે દિલ્હીમાં પણ કરાટેમાં ગોલ્ડ મેડલ મેળવી ગુજરાતનું નામ રોશન કરેલ છે. લતાબેન વાઘેલા કરાટે સ્પેશ્યાલિસ્ટ દ્વારા આ કાર્યક્રમમાં એ પણ જાહેરાત કરવામાં આવેલ કે, જો ૫૦ થી ૬૦ મહિલાઓ તૈયાર થાય સેલ્ફ ડિફેન્સ શીખવા તો એ શીખવા માટે ઓખા આવશે. આ સમગ્ર કાર્યક્રમ સફળ બનવવા ઓખા શહેર મહિલા મોરચાના પ્રમુખ તેમજ તેમની ટીમએ જહેમત ઉઠાવી હતી.

માંગરોળના પૌરાણિક રણછોડરાય મંદિર ખાતે સુકામેવાના હિંડોળાના દર્શન સાથે નંદ મહોત્સવની ઉજવણી કરાઈ

(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા.૯

માંગરોળ ખાતે ૫૭૭ વર્ષ પહેલા સંત શ્રી નરસી મહેતાના કાકા પરબત મહેતા દ્વારા સ્થાપીત અઠાંગણ સ્વરૂપના ભગવાન કે જેમનું સ્વયંભુ પ્રાગટ્ય માંડવી ગેઈટ પાસે આવેલ ગોમતીવાવમાં થયેલ તેવા રણછોડરાયજી મહારાજનું પુરાતન મંદિર ગાય ચોગાન ખાતેઆવેલું છે. જેમાં દસાવતાર સિંહાસન કે જે એક જ પત્થરમાંથી વાસુદેવ નામના કડીયા બનાવેલ જે માન્યતા મુજબ દ્વારકાથી હવાના જોકા દ્વારા ઉડીને માંગરોળ આવેલ હતા. તેમાં શ્રાવણ સુદ દસમના સુકામેવાના હિંડોળાના દર્શન સાથે નંદ મહોત્સવનું આયોજન કરેલ હતું. જેમાં રણછોડ મંડળની મહિલાઓએ ખાસ જહેમત ઉઠાવેલ હતી. આ મંદિરમાં મુખ્યાજી નલિનભાઈ મહેતા બાદ તેમની પુત્રી ખ્યાતિબેન મહેતા સંભાળે છે જે તેમની ૧૮ પેઢીથી આ મંદિરનું સંચાલન કરે છે.

ગામડાઓમાં નવા પ્લોટીંગની ફાળવણી કરવા ઉઠતી માંગ

(મીનાક્ષી-ભાસ્કર વૈદ્ય દ્વારા)

પ્રભાસ-પાટણ તા.૯

ગુજરાતના ગામડાંઓમાં નવા પ્લોટિંગ માટે ગામની બાજુમાં ભળતી જગ્યાઓ ક્યાંય રહી નથી જેથી નવા પ્લોટ ફાળવવાની કામગીરી પંચાયતો દ્વારા સદંતર બંધ થઈ ગઈ છે. ગામડાઓમાં નવા પ્લોટ ન મળતા ખેડૂતપુત્રો મજબૂરીથી ખેતરે ઢાળિયા જેવા મકાન બનાવી રહે છે જયારે જેની પાસે ગામમાં પ્લોટ કે વાડીએ ખેતર નથી તેવા અસંખ્ય કુટુંબો શહેર તરફ જઈ શકતા નથી કે કોઈ મકાન પણ ભાડે આપતા નથી. આવા કુટુંબોને પ્લોટ નથી તેથી સરકારી આવાસ યોજનાનો લાભ પણ મળતો નથી તો મહેરબાની કરી આવા લોકોના વસવાટ માટે સરકારને વિનંતી છે કે, દરેક તાલુકે જે જે ગામોમાં ખરાબાની હયાત ગામથી દૂર જમીન છે. ત્યાં તે ગામો દ્વારા નવા જ ગામ ઉભા કરવા પ્લોટીંગ કરાવી જરૂરીયાતને ફાળવણી કરવા જેવું છે. ૧૮૦૦૦થી વધારી ૨૫૦૦૦ ગામડા આજના જમાનાની માંગ છે.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

તંત્રી લેખ

વૈશ્વિક રાજકારણ-અર્થતંત્રને સ્પર્શતી તાઈવાનની નાજુક સ્થિતિ

ચીનના દક્ષિણ પૂર્વ તટથી તાઈવાન લગભગ ૧૨૦ કિલોમિટર દૂર સ્થિત છે. તાઈવાન 'દ્વીપોની પ્રથમ શ્રૃંખલા' તરીકે પણ ઓળખાય છે. પાછલાં ઘણાં વર્ષોથી ચીને આ વિસ્તારમાં પોતાની અસર વધારવાના ઘણા પ્રયાસ કર્યા છે. જાપાનની દક્ષિણથી એક પ્રકારની ભૌગોલિક રુકાવટ પસાર થાય છે. જે તાઈવાન, ફિલીપાઈન્સથી દક્ષિણ ચીન સાગર સુધી જાય છે. આ શીત યુદ્ધનું કોન્સેપ્ટ છે. દ્વીપોની આ પ્રથમ શ્રૃંખલાનો આ દેશ અમેરિકાનો સહયોગી છે અને તે તેમની વિદેશ નીતિ માટે અત્યંત મહત્ત્વપૂર્ણ છે. ચીન માને છે કે, તે વ્યૂહરચનાની દ્રષ્ટિએ આ તરફથી ઘેરાયેલું છે. આના કારણે આ ક્ષેત્રમાં તાઈવાનની સ્થિતિ ચીન અને પશ્ચિમના દેશો, બંને માટે, વૈશ્વિક રાજકારણ માટે આ ખૂબ મહત્ત્વપૂર્ણ છે. તાઈવાન જો ચીનનો ભાગ બની જાય, તો પેસિફિક ક્ષેત્રમાં પોતાનો પ્રભાવ વધારવા માટે ચીન આઝાદ થઈ જશે. આટલું જ નહીં આવું થતાં જ પેસિફિક ક્ષેત્રના ગુયામ અને હવાઈમાં રહેલ અમેરિકાનાં સૈન્ય ઠેકાણાં પણ સુરક્ષિત નહીં રહે. પહેલાંથી જ ચીનનો દક્ષિણ-ચીન સાગરમાં ભારે પ્રભાવ છે, પરંતુ જો તેમની પાસે તાઈવાન જતું રહે તો તેઓ પોતાની નૌસેનાનો પ્રભાવ વધારવા માટે પણ સક્ષમ બનશે. આનાથી એ વિસ્તાર ઉપર તેમનું નિયંત્રણ કાયમ થઈ જશે, જેનો વૈશ્વિક કારોબાર ઉપર મહત્ત્વપૂર્ણ પ્રભાવ પડશે. દક્ષિણ અને પૂર્વ સાગરમાં સંભવિત કોઈ પણ પ્રકારના ઘર્ષણની સ્થિતિમાં પોતાની સ્થિતિ મજબૂત બનાવવાના રસ્તામાં તાઈવાન એક પ્રકારની મિસિંગ લિંક છે. આ ક્ષેત્રમાં તેમના ઈરાદા સંપૂર્ણપણે શાંતિપૂર્ણ છે. અમેરિકન સસંદની પ્રતિનિધિસભાનાં અધ્યક્ષ નેન્સી પેલોસી તાઈપેઈ પહોંચ્યાં તેની થોડી વાર બાદ જ ચીનના વિદેશમંત્રાલયે તરત પ્રતિક્રિયા આપી. વિદેશમંત્રાલયે ક્હ્યું, જેઓ આગ સાથે રમી રહ્યા છે, તેઓ દાઝશે. પાછલાં ૨૫ વર્ષોમાં અમેરિકાથી આટલા મોટા પદ ઉપર કાર્યરત કોઈ વ્યક્તિ તાઈવાનની યાત્રા ઉપર નહોતી ગઈ. નેન્સી પેલોસીની તાઈવાનયાત્રા એવા સમયે થઈ, જ્યારે ચીન અને અમેરિકા વચ્ચે તણાવ ચરમ ઉપર છે. તાઈવાનની સ્થિતિ એટલી નાજુક છે કે તેના ભાગ્યમાં જે કાંઈ પણ થશે, તેની અસર વિશ્વના રાજકારણ અને અર્થતંત્ર ઉપર પડવાની નક્કી છે. ચીને કહ્યું કે, તેઓ આને પોતાના 'રાષ્ટ્રીય સાર્વભૌમત્વનું ગંભીર ઉલ્લંઘન' માને છે અને તેને 'વન ચાઈના પોલિસી' વિરુદ્ધ ઉશ્કેર સ્વરૂપેજુએ છે. બદલાની ભાવનામાં કાર્યવાહી કરવામાં ચીને મોડું પણ ન કર્યું. તેણે તાઈવાન નજીકના કેટલાક વિસ્તારોમાં ગુરુવારથી રવિવાર સુધી સૈન્યાભ્યાસ કરવાની જાહેરાત કરી દીધી. ચીન તાઈવાનને પોતાની છૂટા પડી ગયેલ એક પ્રાંત તરીકે જુએ છે, જેનું દેશની મુખ્ય ભૂમિ સાથે આજ નહીં તો કાલે વિલય થવાનું નક્કી છે અને તે તેના માટે તાકાતનો ઉપયોગ કરવાની પણ તૈયારી ધરાવે છે. પરંતુ બીજી તરફ તાઈવાન પોતાની જાતને એક સ્વતંત્ર દેશ સ્વરૂપે રજૂ કરે છે. તેમના ત્યાં લોકશાહી શાસનપ્રણાલી છે, પરંતુ તાઈવાને ક્યારે આધિકારિકપણે પોતાની જાતને સ્વતંત્ર રાષ્ટ્ર જાહેર નથી કર્યું. વિશ્વને તાઈવાન દ્વારા સંપૂર્ણ આઝાદ પ્રદેશ અને લોકશાહી દેશ છે તેને સાબિત કરવા માટે કોઈ પ્રમાણ આપેલ નથી.

આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

એક સારો વિચાર અનેક ખોટા વિચારોને દૂર કરી શકે છે.
- કોલ્ટન

: આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૭૮, શા. શાકે. ૧૯૪૪, પા.સ્પેન્દાર્મદ-૧૩૯૧, મુ. મોહરમ-૧૪૪૪, જૈન વીર સં.-૨૫૪૮, કચ્છી સં. ૨૦૭૯, શ્રાવણ સુદ-૧૨ મંગલાગૌરી પૂજન, પવિત્રા બારસ, ભોમપ્રદોષ, બુધ્ધદ્વાદશી, દામોદર દ્વાદશી, મુ. મોહરમ-તાજીયા તા.૯ ઓગષ્ટ ૨૦૨૨, મંગળવાર, પારસી તા.૨૯, મુસ્લિમ તા.૧૦, મૂળ નક્ષત્ર, વિષ્કુંભ યોગ, બવ કરણ, સૂ.ઉ.૬:૨૫, સૂ.અ.૭:૨૭ આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી ધન (ભ ધ ફ ઢ) છે.
- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ : પરિવારજનોમાં યશ, વૃધ્ધિ રહે. માંગલિક પ્રસંગોનું આયોજન થાય.
વૃષભ: નવા આયોજનો ન કરવા હિતાવહ. મહત્વના કાર્યો સંભાળીને કરવા.
મિથુન: આરોગ્ય બાબતે સંભાળવું. નાણાંની લેવડ-દેવડમાં સફળતા રહે.
કર્ક: વાણી સંયમ જાળવવો હિતાવહ. આકસ્મીક ધન વ્યય થાય.
સિંહ: નવિન કાર્યમાં સફળતા મળે. આર્થિક મુંઝવણમાંથી માર્ગ મળે.
કન્યા: નોકરીયાત વર્ગને કાર્યભાર વિશેષ રહે. વ્યર્થ ચિંતા રહે.
તુલા: કાર્યમાં વિલંબથી સફળતા મળે. વ્યર્થ વાદ-વિવાદ ન કરવો હિતાવહ.
વૃશ્ચિક: કાનુની બાબતે લાભ. આવકમાં વૃધ્ધિ થાય.
ધન: મહત્વના નિર્ણયો લઈ શકશો. દિવસ આનંદમયી પસાર થાય.
મકર: વ્યાપાર-ઉદ્યોગ બાબતે ચિંતા રહે. મિલન-મુલાકાત સફળ થાય.
કુંભ: સંતાનોથી સહકાર મળે. કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં સફળતા મળે.
મીન: સ્નેહીજનોથી અસંતોષ રહે. આર્થિક વ્યવહારોમાં સંભાળવું.

વડાપ્રધાનની અધ્યક્ષતામાં નવી દિલ્હીમાં આયોજિત નીતિ આયોગની ૭મી ગવર્નિંગ કાઉન્સીલની બેઠકમાં સહભાગી થતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

(પ્રતિનિધિ દ્વારા)
ગાંધીનગર તા.૯

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે દેશમાં વિકાસ અને સુશાસનના રોલ મોડેલ તરીકેનું ગુજરાતનું સ્થાનયથાવત જાળવીરાખવાના સંકલ્પ સાથે આગળ વધવાની પ્રતિબદ્ધતા દર્શાવી હતી. આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કંડારેલા વિકાસ માર્ગનું ગુજરાત સતત અનુસરણ કરી રહ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં નવી દિલ્હીમાં યોજાયેલી નીતિ આયોગની સાતમી ગવર્નિંગ કાઉન્સીલની બેઠકમાં મુખ્યમંત્રી સહભાગી થયા હતા અને રાજ્યની પ્રભાવક વિકાસ ગાથા પ્રસ્તુત કરી હતી. મુખ્યમંત્રીએ ખાસ કરીને સુશાસન, શહેરી વિકાસ અને કૃષિ વિકાસ તથા શિક્ષણ ક્ષેત્રે ગુજરાતની સિદ્ધિઓ અને અગ્રેસરતાનું વિવરણ બેઠકમાં ઉપસ્થિત અન્ય રાજ્યોના મુખ્યમંત્રીઓ, કેન્દ્રીય મંત્રીઓ અને નીતિ આયોગના સદસ્યો સમક્ષ કર્યું હતું. ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, ભારત સરકારે બહાર પાડેલા ગુડ ગવર્નન્સ ઈન્ડેક્ષ, લોજીસ્ટીક પરફોર્મન્સ ઈન્ડેક્ષ, સ્ટેટ એનર્જી એન્ડ ક્લાયમેટ ઈન્ડેક્ષ, એક્સપોર્ટ પ્રિપેર્ડનેસ ઈન્ડેક્ષ તેમજ સસ્ટેઈનેબલ ગોલ ઈન્ડીયા ઈન્ડેક્ષ ૩.૦ ની વિવિધ કેટેગરીમાં ગુજરાતે પ્રથમ સ્થાન અંકિત કર્યું છે. વડાપ્રધાનના સતત માર્ગદર્શનમાં ગુજરાતે ગિફ્ટ સિટી, ડ્રીમ સિટી, ૩૦ ગીગાવોટ હાઈબ્રિડ રિન્યુએબલ એનર્જી પાર્ક, ધોલેરા SIR અને સ્ટેચ્યુ ઓફ યુનિટિ જેવી અનેક મહત્વાકાંક્ષી પરિયોજનાઓથી વિકાસની નવી ઊંચાઈ આંબી છે.

Panchshil Realty કુશળ પર્વતારોહક બલજીત કૌરના આગામી સાહસને પ્રાયોજીત કરશે

(પ્રતિનિધિ દ્વારા)
પૂણે તા.૯

ભારતના અગ્રણી લક્ઝરી રિયલએસ્ટેટ ડેવલપર્સમાંનાએકકે જેમણે જાહેર કર્યું કે, તેઓ બલજીત કૌર-એક કુશળ પર્વતારોહકને તેના આગામી સાહસ માટે પ્રાયોજીત કરી રહ્યા છે જેમાં ૫ પર્વત શિખરો સર કરવાનો સમાવેશ થાય છે. તેમના અભિયાનનો પ્રારંભિક તૈયારીનો તબક્કો ૫ ઓગસ્ટ, ૨૦૨૨થી માઉન્ટનથી શરૂ થશે અને ૫ સપ્ટેમ્બર, ૨૦૨૨ સુધી ચાલુ રહેશે. વાસ્તવિક અભિયાન ૭ સપ્ટેમ્બર, ૨૦૨૨થી શરૂ થશે અને ૧૫ નવેમ્બર, ૨૦૨૨ સુધી ચાલશે. આ અભિયાનનો ભાગ હશે એવા નેપાળના વિવિધ શિખરો આ મુજબ છે, મનાસ્લુ પર્વત ઉપર ૮૦૦૦ મીટર ઓક્સિજન વિનાનું ચઢાણ, ધૌલાગીરી પર્વત ઉપર ૮૦૦૦ મીટર ઓક્સિજન વિનાનું ચઢાણ, ત્રીજું ચરણ ૮૦૦૦ મીટર ઊંચો માઉન્ટ ચો ઓયુ હશે, મુશ્કેલ શિશપંગમાં પર્વત જે ફરીથી ૮૦૦૦ મીટર ઉંચો છે તે અભિયાનનો અંતિમ તબક્કો હશે અને છેલ્લે, ૬૮૦૦ મીટર માઉન્ટ અમા ડબલમ, જે ખૂબ જ ટેકનિકલશિખર છે. એક મહિનાના ગાળામાં માઉન્ટ એવરેસ્ટ, અશપૂર્ણા, કાંચનજંગા, માઉન્ટ લોત્સે અને માઉન્ટ મકાલુ નામના ૫ વિશાળ આઠ-હજાર ઉપર વિજય મેળવ્યા પછી બલજીતના ૫ શિખરોના બીજા સેટને સર કરવાના આયોજિત પ્રયાસ શરૂ કરતાં પહેલા જ આ સંગઠન આવે છે. એક મહિનાના ગાળામાં ૫ 'આઠ-હજાર' શિખરો સર કરનાર પ્રથમ ભારતીય પર્વતારોહક બલજીત છે. પર્વતારોહણની દુનિયામાં આઠ હજાર સર કરનાર લોકોનો દરજ્જો ઊંચો હોય છે. આ શિખરો ૮૦૦૦ મીટરથી વધુ ઊંચા છે. તેણીએ આ સિદ્ધિ હાંસલ કરી તેના પોતાના રેકોર્ડ સહિત અનેક રેકોર્ડ તોડ્યા છે, ૧૪-દિવસના સમયગાળામાં ૨ શિખરો સર કરનાર પ્રથમ ભારતીય છે અને ત્યારબાદ ૭ દિવસમાં ૩ પર્વત શિખરો સર કરીને બીજો રેકોર્ડ બનાવ્યો છે, જેમાં તેણીએ પોતાનો જ ભૂતકાળનો રેકોર્ડ તોડ્યો છે. આ સહયોગ અંગે ટિપ્પણી કરતાં, અતુલ ચોરડિયા, ચેરમેન, Panchshil Realtyએ કહ્યું કે, "બલજીત કૌરને તેના પર્વતારોહણ સાહસોના આગલા તબક્કામાં ટેકો આપતા અમને આનંદ થાય છે કારણ કે તેણી નવા શિખરો જીતવા અને નવા વિક્રમો તોડવા માટે પ્રયાણ કરે છે. અમે તેને તેની આગામી સફર માટે ખૂબ ખૂબ શુભેચ્છા પાઠવીએ છીએ." Panchshil Realty સાથે જોડાણ વિશે તેણીની ઉત્તેજના શેર કરતાં બલજીત કૌર સ્થિરતા માટે એક અધિવક્તાએ કહ્યું, "Panchshil Realty દ્વારા અપાતો ટેકો ૮૦૦૦-ers ઉપર વિજય મેળવવાના મારા સ્વપ્નને સાકાર કરવામાં પ્રોત્સાહક પ્રોત્સાહન છે."

આન-બાન-શાન એવા 'ત્રિરંગા' માટે આઝાદીની ચળવળમાં વર્ષ ૧૯૩૦થી ૧૯૪૬ સુધી પોતાનું સર્વોચ્ચ બલિદાન આપનાર ભારતના 'વીર શહીદો'ની શૌર્યગાથા

ત્રિરંગાની શાન માટે સુરતના શ્રીશ કુમાર અને ખેડાના મનુભાઈ પટેલે પણ બલિદાન આપ્યું હતું

ગુજરાત સહિત ભારતભરમાં આઝાદીના ૭૫ વર્ષ એટલે કે અમૃત મહોત્સવના ભાગરૂપે આગામી તા.૧૩ થી ૧૫ ઓગસ્ટ દરમ્યાન 'હર ઘર ત્રિરંગા' અભિયાન યોજાનાર છે. 'ત્રિરંગા'ની આન-બાન-શાન જાળવવા આઝાદીની ચળવળમાં પોતાના જીવનના મહામૂલું બલિદાન આપનાર વીર શહીદોને યાદ કરીને તેમને નમન-શ્રદ્ધાંજલિ અર્પણ કરવાનો સમય એટલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રેરણાથી યોજાનાર 'હર ઘરત્રિરંગા' અભિયાનમાં સહભાગી થઈને પોતાના ઘર-સંસ્થા ઉપર સન્માન સાથે ત્રિરંગો-રાષ્ટ્રધ્વજ લહેરાવવો. અંગ્રેજો સામે શરૂ થયેલી ભારતની આઝાદીની ચળવળ વખતે વર્ષ ૧૯૩૦થી વર્ષ ૧૯૪૬ સુધી પ્રારંભિક તબક્કે વિવિધ સ્વરૂપે પ્રદર્શિત થયેલા રાષ્ટ્રધ્વજની આન-બાન-શાન માટે ગુજરાત સહિત દેશના જાણ્યા-અજાણ્યા વીર શહીદોએ કોઈને કોઈ પ્રકારે પોતાના જીવનનું સર્વોચ્ચ બલિદાન આપ્યું છે. તેને આપણે "અનસંગ ફ્લેગ માર્ટર્સ" તરીકે બિરદાવીએ છીએ, નમન કરીએ છીએ. આઝાદીની ચળવળમાં ભારતભરમાં સામી છાતીએ અંગ્રેજોની ગોળીઓ ઝીલીને રાષ્ટ્રધ્વજની શાન માટે પોતાના જીવનનું બલિદાન આપનાર અનસંગ ફ્લેગ માર્ટર્સ-હીરો તરીકે મહારાષ્ટ્રના ૬, આંધ્ર પ્રદેશના ૩, તામિલનાડુના ૧, કર્ણાટકના ૧, હિમાચલ પ્રદેશના ૨, આસામના ૧૭, ગુજરાતના ૨, બિહારના ૧૯, ઉત્તરપ્રદેશના ૨, પશ્ચિમ બંગાળના ૧૮, ઓડિશાના ૧ અને તેલંગાના ૩ એમ કુલ ૧૨ રાજ્યોના ૭૫ સ્વાતંત્ર્ય સેનાનીઓનો સમાવેશ થાય છે. ભારતના ધ્વજ માટે પોતાનું બલિદાન આપનાર શહીદોને યાદ કરી તેઓએ દેશને આઝાદી અપાવવા કરેલા સંઘર્ષને નવી પેઢી જાણે-અનુભવે તેવા ઉમદા હેતુથી 'અનસંગ ફ્લેગ માર્ટર્સ' એટલે કે 'ત્રિરંગા' માટે બલિદાન આપનાર દેશના વીર શહીદોની સંઘર્ષગાથા :

૧. શ્રીશ કુમાર : સુરત, ગુજરાત, શહીદી-તા.૧૦ઓગસ્ટ, ૧૯૪૨. શ્રીશ કુમારનો જન્મ ૨૮ ડિસેમ્બર ૧૯૨૬ના રોજ ગુજરાતના સુરત શહેરમાં થયો હતો. એક વિદ્યાર્થી તરીકે તેમણે ૮ ઓગસ્ટ ૧૯૪૨ના રોજ જ્યારે ભારત છોડો આંદોલન ફાટી નીકળ્યું ત્યારે તેમણે સક્રિયપણે ભાગ લીધો હતો. તેમણે અંગ્રેજ સરકાર વિરોધી પત્રિકાઓ તૈયાર કરી તેનું વિતરણ કર્યું હતું અને બ્રિટિશ પોલીસના દમનકારી કૃત્યો સામે પ્રતિકાર પણ સંગઠિત કર્યો હતો. ૧૦ઓગસ્ટ ૧૯૪૨ના રોજ તેઓ નંદુરબાર શહેરમાંથી જે વિદ્યાર્થીઓના સરઘસનું નેતૃત્વ કરી રહ્યા હતાં તેના ઉપર પોલીસે મંગળ બજારમાં લાઠીચાર્જ કર્યો હતો. પોલીસ લાઠીના મારને અવગણીને સરઘસને આગળ ન વધારવાનો આદેશ આપવા છતાં, વિદ્યાર્થીઓએ આગળ વધવાનું ચાલુ રાખ્યું. પોલીસે માણેક ચોક ખાતે સરઘસકારો પર ગોળીબાર કર્યો હતો. જેમાં બંદૂકધારી પોલીસો દ્વારા ગોળીઓ ચલાવવામાં આવતા શ્રીશ કુમારને ગોળી વાગતા તેઓ હાથમાં ધ્વજ સાથે શહીદ થયા હતાં.

૨. મનુભાઈ પટેલ : ચકલાસી, ખેડા, ગુજરાત, શહીદી-ઓગસ્ટ ૧૯૪૨. તા.૨૯જુલાઈ ૧૯૩૦ના રોજ મનુભાઈ પટેલનો જન્મ ગુજરાતના ખેડા જિલ્લાના ચકલાશીમાં થયો હતો. બીજા ધોરણ સુધી ભણેલા મનુભાઈ પટેલ, તા.૮ ઓગસ્ટ ૧૯૪૨ના રોજ શરૂ થયેલી ભારત છોડો ચળવળમાં જોડાયા હતા. હાથમાં ધ્વજ પકડીને તેમના વતન ગામમાં 'અંગ્રેજો ભારત છોડો' પ્રદર્શનમાં ભાગ લીધો હતો. તેવખતે પ્રદર્શનકારીઓ ઉપર પોલીસે કરેલા ગોળીબાર કરતા મનુભાઈ શહીદ થયા હતા.

૩. સીતારામ ચંભર : શહીદી તા.૫સપ્ટેમ્બર, ૧૯૩૦. સીતારામ ચંભર, જે મહારાષ્ટ્રના સાંગલી જિલ્લાના મંગરૂળ ગામના રહેવાસી હતા. બિલાશી ગામના લોકોએ અંગ્રેજ સરકારના જંગલ કાયદાની અવગણનામાં એક સાગનું ઝાડ ઉખેડી નાખ્યું હતું, તેને ૧૮ જુલાઈ ૧૯૩૦ના રોજ સવિનય કાનૂન ભંગ દરમ્યાન ગામના મંદિર પાસે મૂક્યું હતું અને તેના ઉપર ધ્વજ પણ ફરકાવ્યો હતો. તા.૫ સપ્ટેમ્બર ૧૯૩૦ના રોજ, ૩૦૦ સશસ્ત્ર પોલીસકર્મીઓનું એક જૂથ રાષ્ટ્રધ્વજ લેવા સ્થળ ઉપર પહોંચ્યું. પોલીસના આ કૃત્યનો સ્થાનિક લોકો એકઠા થઈને ઉગ્ર વિરોધ કર્યો હતો, જેના કારણે અંધાધૂંધ પોલીસ ગોળીબાર થયો હતો. આ ગોળીબારમાં ૧૨-૧૩ વર્ષના સીતારામ ચંભરને ગોળી વાગતા ઘટનાસ્થળે જ શહીદ થયા હતા.

૪. કાલીશંકર બાજપાઈ : શહીદી તા.૧૯ ડિસેમ્બર, ૧૯૩૦. કાલીશંકર બાજપાઈ, વર્લી, બોમ્બે, મહારાષ્ટ્રના રહેવાસી હતા. તે વરલી યુથ લીગના પ્રમુખ અને સ્થાનિક મજૂર નેતા પણ હતા અને તેમણે બોમ્બેમાં સવિનય અસહકાર ચળવળમાં સક્રિયપણે ભાગ લીધો હતો. તા. ૧૩ ડિસેમ્બર ૧૯૩૦ના રોજ હાથમાં રાષ્ટ્રધ્વજ લઈને બાબુ ગેનુ જેઓ તા.૧૨ ડિસેમ્બર ૧૯૩૦ના રોજ વિદેશી કપડાથી ભરેલી મોટર લારી દ્વારા કચડાયેલા કોંગ્રેસના સ્વયંસેવકની અંતિમયાત્રામાં જોડાયા હતા. જ્યારે પોલીસે સરઘસ ઉપર લાઠીચાર્જ કર્યો ત્યારે તે ખરાબ રીતે ઘાયલ થયા હતા, તેમને બેયોનેટના ઘા સહિત ૧૮ મુક્કાઓ માર્યા. એમ્બ્યુલન્સમાં સ્વયંસેવકો દ્વારા હોસ્પિટલમાં દાખલ કરાયા. બાદમાં રાત્રે તેમને બરોળના ઓપરેશન માટે જે.જે. હોસ્પિટલમાં ખસેડાયા. જોકે, ઓપરેશન સફળ રહ્યું હતું, પરંતુ કાલીશંકર બાજપાઈ બચી શક્યા ન હતા અને ૧૯ ડિસેમ્બર ૧૯૩૦ના રોજ શહીદ થયા હતા.

૫. બંડારૂ નારાયણસ્વામી, તાતપતિ વેંકટરાજુ વેંકટપતિરાજુ અને વડાપલ્લી ગંગાચલમ શહીદી - ૩૦ માર્ચ, ૧૯૩૧ર : આંધ્રપ્રદેશના પૂર્વ ગોદાવરી જિલ્લાના નિવાસીઓએ સવિનય કાનૂન ભંગ ચળવળમાં ભાગ લીધો હતો. ૩૦ માર્ચ ૧૯૩૧ના રોજ, વડાપલ્લીમાં વેંકટેશ્વરસ્વામી રથ/કાર ઉત્સવના પ્રસંગે, ત્રિરંગા ધ્વજ અને મહાત્મા ગાંધી સહિતના રાષ્ટ્રીય નેતાઓના ફોટાથી ગાડીને શણગારી હતી. જેનો સરકારી અધિકારીઓએ વાંધો ઉઠાવ્યો હતો અને જ્યારે સરઘસ શરૂ થવાનું હતું ત્યારે રઝોલુના સબ-ઈન્સ્પેક્ટરે રાષ્ટ્રીય નેતાઓની તસ્વીરો હટાવી દીધી હતી. ચળવળકારોએ આ ઘટના સામે નારાજગી દર્શાવી અને તસ્વીરો વગર ગાડી દોરવાનો ઈન્કાર કરતા ચિત્રાવડાપલ્લીમાં હંગામો થયો હતો. પોલીસે કેટલાક ચળવળકારીઓની ધરપકડ કરીહતી અને અન્ય ઉપર લાઠીચાર્જ કરતા ટોળાએ પોલીસ ઉપર પથ્થરમારો-માટી ફેંકીને જવાબ આપ્યો હતો. પોલીસે જવાબી કાર્યવાહી કરતા ટોળા ઉપર અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો. જેમાં આંધ્રપ્રદેશના પૂર્વ ગોદાવરી જિલ્લાના વડાપલ્લી ગામના બંડારુ નારાયણસ્વામીઅને રાજાકા સમુદાયના વડાપલ્લી ગંગાચલમ તેમજ આલમુર ગામના ક્ષત્રિય સમાજના તાતપતિ વેંકટરાજુને ગોળી વાગતા શહીદ થયા હતા.

સંકલન : ધ્રુવી ત્રિવેદી/ જનક દેસાઈ

શ્રી પશુપતિનાથનું રહસ્ય

શ્રાવણ સત્સંગ

કનકચંદ્ર છગનલાલ વ્યાસ
દેવેન કનકચંદ્ર વ્યાસ

ભગવાન શિવજી અષ્ટમૂર્તિઓમાં નેપાળના પશુપતિનાથ મહાદેવ યજમાનમૂર્તિના પ્રતીક છે. શ્રી પશુપતિનાથ લિંગ રૂપમાં નહીંપરંતુ માનુષી-વિગ્રહનાં રૂપમાં બિરાજમાન છે. નેપાળ ક્ષેત્રને પાશુપત-ક્ષેત્રમાં પરિગણિત કરવામાં આવ્યા છે. નેપાળમહાત્મ્ય, સ્કંદપુરાણ, શિવ પુરાણ તથા વરાહ પુરાણ આદિમાં આ ક્ષેત્રનો મહિમા ગવાયો છે. અહીં બાગમતી નામની એક પવિત્ર નદી છે તે નદીના દક્ષિણ કિનારે કાઠમંડુ નગરમાં દેવપત્તન નામના સ્થાન પર ભગવાન શ્રી પશુપતિનાથ મહાદેવનું સુપ્રસિધ્ધ મંદિર છે. આ મંદિર પૈગોડા-શૈલીમાં નિર્માણ પામેલું છે. આ સ્થળે શિવલીંગના પ્રાદુર્ભાવ સંબંધમાં એક પ્રસંઘ્ધિ કથા છે. શ્લેષમાન્તક નામના વનમાં સિધ્ધાંચલ પાસે દેવનદી બાગમતીના તટ પર એક સ્થળે કામધેનુ નિત્ય સ્વેચ્છાએ દુગ્ધક્ષરણ (દુધની ધારા) કરી જાતી હતી. આ સ્થળે ભગવાન શિવજી ગુપ્તરૂપથી નિવાસ કરતા હતા. બ્રહ્માજી ભગવાન શ્રી વિષ્ણુને સાથે લઈને આ સ્થળે આવ્યા અને સ્વયંભુ જ્યોતિ સ્વરૂપના દર્શન કરી તેમની પ્રાર્થના કરવા લાગ્યા. આ તેજપુંજ પર બ્રહ્માજી અને વિષ્ણુ ભગવાને રત્નમયી પંચમુખી લિંગમૂર્તિની સ્થાપના કરી. ત્યાર બાદ ભગવાન સદા શિવને ત્યાં તે જ રૂપમાં પ્રતિષ્ઠિત રહેવાની પ્રાર્થના કરી. ભગવાન શિવજીએ પણ ત્યાં તે જ રૂપમાં રહેવાનું સ્વીકાર કર્યું. હાલે પણ મણિમય સ્વર્ણલીંગના દર્શન કરી શકાય છે.

● રાખડી-ભાઈ બહેનના સ્નેહનું પ્રતિક ●

આપણાં સમાજમાં રક્ષાબંધનના પર્વનો અનેરો મહિમા છે. કારણ કે, એક જ ઘરમાં અને માતા-પિતાની છત્રછાયામાં ઉછરેલા ભાઈઓ તથા બહેનો વખત જતાં નોખા પડી જાય છે. બહેનો ઉંમરલાયક થતાં પરણીને સાસરે જાય છે, અને ભાઈઓ કામ ધંધો કરવા લાગે છે. એક ઘરમાં સાથે રમેલાં અને ઉછરેલાં ભાઈઓ તથા બહેનો વચ્ચે વિશેષ અને અતૂટ નાતો બંધાઈ જાય છે. બહેન પરણીને સાસરે ગઈ હોવાથી ભાઈ બહેનનું એકબીજાને મળવું ઓછું થઈ જાય છે અને ભાઈ અને બહેનનો સંબંધ અને પ્રેમ અતૂટ અને કાયમ રહે, એ હેતુથી જ રક્ષાબંધનનું પર્વસદીઓથી મનાવવામાં આવે છે. રક્ષાબંધનના દિવસે બહેન પોતાના ભાઈના હાથે રાખડી બાંધી ભાઈના જીવનની મંગલ કામના તથા દીર્ઘાયુષની પ્રાર્થના કરે છે. બહેન ભાઈના ભાલમાં કુમકુમનું તિલક કરે છે અને ભાઈનું મોઢું મીઠું કરાવે છે. તો સામે પક્ષે ભાઈ પણ પોતાની બહેનની પડખે ઉભા રહેવાનું, મદદ કરવાનું તથા રાખડીની લાજ નિભાવવાનું વચન આપે છે અને બહેનને યથાશક્તિ ભેટ કે વીરપસલી આપે છે. રાખડી એ એક સૂતરનો તાર કે ધાગો નથી, પરંતુ, ભાઈ બહેનના સ્નેહનું પ્રતીક છે તથા પવિત્ર બંધન છે તથા બહેનનો ભાઈ પ્રત્યેનો અનન્ય પ્રેમ અને વિશ્વાસ છે. એક પુરાણી ફિલ્મમાં એક ગીત લખાયું છે કે, "ઈસે સમજો ના સૂતર કાતાર ભૈયા, મેરી રાખી કા મતલબ હૈ, પ્યાર ભૈયા". પોતાની બહેન ગમે ત્યાં રહેતી હોય, પરંતુ, રક્ષાબંધનના દિવસે પોતાના વીરને રાખડી બાંધવા જરૂરથી આવે છે અને ક્યારેક સંજોગોવશાત આવી શકાય એમ ન હોય તો પોસ્ટ કે કુરિયર દ્વારા અથવા કોઈ સગાં સંબંધી મારફત રાખડી મોકલી પોતાની ફરજ અદા કરે છે. આમ તો રાખડી એ સૂતરનો તાર કે ધાગો જ છે, પરંતુ એનું મૂલ્ય અણમોલ છે અને બહેનની ભાઈ પ્રત્યેનો સ્નેહ, લાગણી અને વિશ્વાસ છે. રાખડી અંગેના હિંદી તથા ગુજરાતી ફિલ્મોમાં એક એકથી ચડિયાતા ગીતો આપણાં ગીતકારોએ આપ્યાં છે.

બંધા હુઆ હૈ એક ધાગે મેં ભાઈ બહેન કા પ્યાર, રાખી ધાગો કા ત્યોહાર.

બહેનાને ભાઈ કી કલાઈ સે પ્યાર બાંધા હૈ, રેશમ કી ડોર સે સંસાર બાંધા હૈ.

ભૈયા મેરે રાખી કે બંધન કો નિભાના, ભૈયા મેરે છોટી બહેન કો ના ભુલાના.

ચંદા રે મેરે ભૈયા સે કહેના, બહેના યાદ કરે.

રાખી કી લાજ નિભાને કો મેરે રાજા ભૈયા જલ્દી આના.

કહેવાય છે કે, દ્રૌપદીએ ભગવાન શ્રીકૃષ્ણને રાખડી બાંધી હતી તો કુંતા માતાએ અભિમન્યુને રાખડી બાંધી હતી અને મહાભારતના યુદ્ધમાં વિજયની કામના કરી હતી. રાણી કર્માવતીએ પોતાના શીલની રક્ષાને માટે મોગલ બાદશાહ હુમાયુંને રાખડી મોકલાવી હતી. રૂક્મિણીજીએ પણ પોતાના ભાઈ રૂકમીને રાખડી બાંધી હતી. આમ આપણાં ઈતિહાસ, પુરાણોતથા શાસ્ત્રોમાં પણ રાખડીનું વિશેષ મહત્વ સમજાવેલ છે. રાખડીનો મહિમા યુગો પુરાણો છે અને જ્યાં સુધી પૃથ્વી જીવંત છે ત્યાં સુધી, ભાઈ બહેનનો પવિત્ર સ્નેહ અતૂટ રહેશે અને બહેનોના વીરને રાખડી બંધાતી રહેશે. રક્ષાબંધનને બળેવ તથા નાળિયેરી પૂનમ તરીકે પણ ઓળખવામાં આવે છે. બળેવના દિવસે બ્રાહ્મણો સમૂહમાં એકઠાં થઈ, નદી કિનારે સ્નાન કરી, પૂજા, અર્ચના તથા ગાયત્રી મંત્રોચ્ચાર સાથે, સૂર્યદેવની સાક્ષીમાં જૂનું યજ્ઞોપવિત કાઢી નવું યજ્ઞોપવિત ધારણ કરે છે અને બ્રહ્મભોજન કરી બધાં છૂટાં પડે છે. તો બીજી તરફ સાગરખેડૂઓ પોતાની નાવ દરિયા કિનારે લાંગરી, સાગરમાં કંકુ અને શ્રીફળ સાગરને અર્પણ કરીને સાગરદેવની પૂજા કરે છે. આમ રક્ષાબંધનનું પર્વ અનેરું અને મહત્વનું સ્થાન ધરાવે છે અને લોકો આ પર્વન હર્ષોલ્લાસથી ઉજવે છે.

- યોગેશભાઈ આર. જોશી

જૂનાગઢમાં ૧૧મી ઓગસ્ટના રોજ હર ઘર તિરંગા યાત્રાનું કરાયું આયોજન

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૯

આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત સમગ્ર દેશમાં તા.૧૩ ઓગષ્ટથી તા.૧૫ ઓગસ્ટ દરમ્યાન હર ઘર તિરંગા અભિયાન યોજવાનું છે. જે અંતર્ગત જનજાગૃતિ માટે તા.૧૧ ઓગસ્ટ ૨૦૨૨ના રોજ જૂનાગઢમાં તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. જૂનાગઢ જિલ્લા વહીવટી તંત્ર અને મહાનગરપાલિકા દ્વારા તા.૧૧ ઓગસ્ટના રોજ સવારે ૧૦:૩૦ થી ૧૧:૩૦ દરમ્યાન સરદાર પટેલ સભા ગૃહ કૃષિ યુનિવર્સિટી જૂનાગઢ ખાતે તિરંગા યાત્રા સમારોહ યોજાશે. જેમાં પોલીસ બેન્ડ, હોમગાર્ડઝ, પોલીસ જવાનો એનએસએસ, એનસીસી રમતના કોચ, ટ્રેનરો, યોગકોચ તમામ મહાનગરપાલિકાના સ્ટાફ અને શાળા કોલેજના વિદ્યાર્થીઓ સ્થાનિક કલાકારો પોતાના નિયત સ્થળેથી સરદાર પટેલ સભા ગૃહ કૃષિ યુનિવર્સિટી જૂનાગઢ સુધી તિરંગાસાથે હર ઘર તિરંગા યાત્રા નીકળશે. આ તિરંગા યાત્રામાં જૂનાગઢ જિલ્લાના મહાનગરપાલિકા વિસ્તારના તમામ નાગરિકોને જોડાવા અનુરોધ કરવામાં આવ્યો છે. યાત્રા બાદ દેશભક્તિના ગીતો આધારિત ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમો સરદાર પટેલ સભા ગૃહ કૃષિ યુનિવર્સિટી જૂનાગઢ ખાતે યોજાય છે.

જેમાં હર ઘર તિરંગાના ગીતનો લોન્ચિંગ તથા સંકલ્પ પત્રનો વાંચન કરવામાં આવશે. ત્યારબાદ દેશભક્તિ અને દેશ પ્રેમના ગીતો આધારિત સાંસ્કૃતિક કાર્યક્રમ સ્થાનિક કલાકારો દ્વારા રજુ કરવામાં આવશે. દેશભક્તિના ગીતોનો સાંસ્કૃતિક કાર્યક્રમ નિહાળવા જૂનાગઢની દરેક જનતાને હાર્દિક નિમંત્રણ જિલ્લા યુવા વિકાસ અધિકારી જૂનાગઢ દ્વારા પાઠવવામાં આવ્યું છે.

એ ડીવીઝનના પીએસઆઈ દત્તાની દેશભકિત, ગણવેશમાં લગાડયા તિરંગા સિમ્બોલ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ, તા.૯

ચાલુ વર્ષે ભારત સરકાર દ્વારા અઝાદીના ૭૫ વર્ષ પૂર્ણ થયેલ હોઈ, આઝાદી કા અમૃત મહોત્સવ તરીકે ઉજવવાનું નક્કી કરેલ છે. આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત સરકારના વિભાગો દ્વારા અલગ અલગ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. જે અનુસંધાને તાજેતરમાં ૧૫ મી ઓગષ્ટ ના તહેવાર દરમ્યાન હર ઘરતિરંગા કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે.

તાજેતરમાં ૧૫મી ઓગષ્ટના રાષ્ટ્રીય તહેવાર નિમિતે યોજવામાં આવેલ હર ઘર તિરંગા કાર્યક્રમ અનુસંધાને જૂનાગઢ જિલ્લા પોલીસવડા રવિ તેજાવાસમ શેટ્ટી દ્વારા જૂનાગઢ પોલીસ વિભાગ દ્વારા પણ દરેક પોલીસ સ્ટેશન, પોલીસ અધિકારીઓની કચેરીઓ તેમજ પોલીસ લાઈનમાં તિરંગા ફરકાવવાનું આયોજન કરવામાં આવેલ છે. પોલીસ વિભાગ રાષ્ટ્રભક્તિ માટે જાણીતો છે. એવા સમયે જૂનાગઢ જિલ્લાના એક પોલીસ અધિકારી એવા પીએસઆઈ એ. બી. દતા ની દેશભક્તિ ઉડીને આંખે વળગે એવી છે. જૂનાગઢ શહેર એ ડિવિઝન પોલીસ સ્ટેશનના પીએસઆઈ આનંદ દત્તા દ્વારા પોલીસના ગણવેશમાં લગાડવાના સ્પેશિયલ તિરંગા સિમ્બોલ મંગાવી, પોતે તો લગાડ્યા છે, પણ અન્ય અધિકારીઓને પણ લગાડી હર ઘર તિરંગા કાર્યક્રમની ઉજવણી કરવાનું નક્કી કરવામાં આવેલ છે. જે અનુસંધાને તિરંગા રેલીના કાર્યક્રમ દરમ્યાન જૂનાગઢ ડિવિઝનના ડીવાયએસપી પ્રદીપસિંહ જાડેજા, સી ડિવિઝન પોલીસ સ્ટેશનના પીએસઆઈ જે.જે.ગઢવી સહિતના પોલીસ અધિકારીઓ તથા સ્ટાફને તિરંગા સિમ્બોલ જાતે લગાડી, સરકારના હર ઘર તિરંગા કાર્યક્રમની ઉજવણી કરવામાં આવેલ હતી. પોલીસ અધિકારીઓ તથા સ્ટાફના ગણવેશ ઉપર તિરંગા સિમ્બોલ લગાડવાથી રાષ્ટ્ર ધ્વજનું માન પણ જળવાઈ છે અને લોકોમાં રાષ્ટ્રભક્તિનો સંદેશ પણ ફેલાય છે, એવું પીએસઆઈ આનંદ દત્તા નું માનવું છે. જૂનાગઢ વાસીઓમાં સરકારના હર ઘર તિરંગા કાર્યક્રમ અનુસંધાને પીએસઆઈ દતાની અનોખી દેશભક્તિની પ્રસંશા થઈ રહી છે.

ખેડૂતોને બહુ વર્ષાયુ ફળઝાડના વાવેતર માટે પિયતના સાધનો, બાગાયત યાંત્રિકરણ, બાગાયતી માળખાકીય સુવિધાઓ, વર્મી કમ્પોસ્ટ યુનિટ વગેરે માટે સહાય

રાજ્ય સરકારે બાગાયત ખેતીના પાસાઓને આવરી લેતી વિવિધ યોજનાઓ અમલમાં મૂકી

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૯

રાજય સરકારે બાગાયત ખેતીના લગભગ બધા પાસાઓને આવરી લેતી કોમ્પ્રિહેંસી હોર્ટિકલ્ચર ડેવલોપમેન્ટ યોજના અમલમાં મૂકી છે. જેમાં જે ખેડૂતો બાગાયત ખેતી કરવા માંગે છે એટલે કે બહુ વર્ષાયુ ફળઝાડનું વાવેતર કરવા ઈચ્છતા ખેડૂતોને પિયતના સાધનો, બાગાયત યાંત્રિકરણ, બાગાયતી માળખાકીય સુવિધાઓ, વર્મી કમ્પોસ્ટ યુનિટ અને પ્લાસ્ટિક આવરણ માટે સહાય આપવામાં આવશે.

આ કોમ્પ્રિહેન્સિવ હોર્ટિકલ્ચર ડેવલોપમેન્ટ યોજનાનો લાભ મેળવવા માંગતા ખેડૂતોએ તા.૩-૯-૨૦૨૨ સુધીમાં આઈ - ખેડૂત પોર્ટલ ઉપર અરજી કરવાની રહેશે. આ યોજનાઓ લાભ મેળવવાની પાત્રતા વગેરેની જાણકારી પણ આઈ-ખેડૂત પોર્ટલ ઉપરથી મળી રહેશે. વર્ષ ૨૦૨૨-૨૩ માટે બાગાયત ખાતા દ્વારા ચાલતી વિવિધ સહાયલક્ષી યોજનાઓ માટે બાગાયતી ખેડૂતોને સહાય આપવાના કાર્યક્રમ હેઠળ કોમ્પ્રિહેન્સિવ હોર્ટિકલ્ચર ડેવલોપમેન્ટ કાર્યક્રમ યોજના વર્ષ ૨૦૨૨-૨૩માં નવી બાબત તરીકે મંજૂર થયેલ છે. આ કાર્યક્રમ હેઠળ ખેડૂતોને ઓછામાં ઓછા ૨ હેક્ટર અને મહત્તમ ૪ હેક્ટર સુધી લાભ મળવાપાત્ર છે. ઉપરાંત ખેતીલાયક જમીન ધારણ કરેલ રજીસ્ટર્ડ ટ્રસ્ટ, FPO, FPC, સહકારી મંડળીના સભાસદોને ઓછામાં ઓછી ૨ હેક્ટર તથા મહત્તમ ૫૦ સેક્ટર માટે માટે બહુ વર્ષાયું ફળઝાડ વાવેતર માટે સહાય આપવામાં આવશે તથા પિયતના સાધનો, બાગાયત યાંત્રિકરણ, બાગાયતી માળખાકીય સુવિધાઓ, વર્મીકમ્પોસ્ટ યુનિટ, પ્લાસ્ટિક આવરણ પૈકીના ઓછામાં ઓછા બે ઘટકોમાં સહાય મળવાપાત્ર રહેશે. આ યોજનાનો લાભ મેળવવા ઓનલાઈન અરજી કર્યા બાદ અરજીના પ્રિન્ટઆઉટ સાથે ૭/૧૨, ૮-અ, હકપત્રક-નમૂના નં.૬, અનુસૂચિત જાતિ-જનજાતિના કિસ્સામાં જાતિનો દાખલો, આધારકાર્ડ, બેંક પાસબુક પ્રોજેક્ટ પ્રપોઝલ જરૂરી ક્વોટેશન, સાથે જમીન તથા પાણીના ચકાસણીનો રિપોર્ટ ઉપરાંત રજીસ્ટર ટ્રસ્ટ FPO, FPC, સહકારી મંડળીના સભાસદોના કિસ્સામાં રજીસ્ટ્રેશન, હેતુ, પ્રવૃત્તિઓ, બંધારણ, સભ્યો/સભાસદ વગેરેની લાગતા સાધનિક કાગળો તેમજ છેલ્લા ત્રણ વર્ષનો ઓડિટ રિપોર્ટ નાયબ બાગાયત નિયામકની કચેરી, લઘુ કૃષિભવન, નિલમબાગ, જૂનાગઢ ખાતે રજૂ કરવાની રહેશે.

માં ભોમની રક્ષા માટે કેટલીય પાઘડિયું દટાય છે ત્યારે તિરંગો લહેરાયો છે : રાજભા ગઢવી

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૯

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દેશબંધોને તા.૧૩ થી ૧૫ ઓગષ્ટ દરમ્યાન હર ઘર તિરંગા અભિયાનમાં જોડાવા આહવાન કર્યું છે, ત્યારે તેમાં જાણીતા લોકસાહિત્યકાર રાજભા ગઢવીએ પોતાનો સૂર પુરાવ્યો છે અને નાગરિકોને તિરંગો લહેરાવવા માટે અપીલ કરી છે. રાજભા ગઢવીએ પોતાની આગવી શૈલીમાં જણાવ્યું કે, તિરંગો ભારતની આન, બાન, સાન અને જાન છે. આ તિરંગાના સન્માન અને માં -ભોમની રક્ષા માટે કેટલીય પાઘડીયું દટાઈ છે, શૂરવીરોએ સામી છાતીએ ગોળીઓ ઝીલી છે - મસ્તક આપ્યા છે, છતાં તિરંગાની શાન ઓછી થવા દીધી નથી.

આ તિરંગા માટે કેટલાય ભારતીયોએ લોહી રેડિયા છે, ત્યારે દરેક લોકો હર ઘર તિરંગા અભિયાનમાં જોડાઈ, આઝાદીના અમૃત મહોત્સવમાં તા.૧૩ થી ૧૫ ઓગસ્ટ દરમ્યાન નાગરિકો તિરંગાની વંદના કરવાની સાથે ઘરે ઘરે તિરંગો લહેરાવે.

વિજાપુર માધ્યમિક શાળાનો સ્થાપના દિન ઉજવાયો

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૯

જૂનાગઢના વિજાપુર ગામે માધ્યમિક શાળાના સ્થાપના દિનની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ દિવસે શાળામાં નિબંધ, વકતૃત્વ, ચિત્ર, મહેંદી અને દેશભક્તિ ગીત સ્પર્ધાઓ યોજાઈ હતી. હર ઘર તિરંગા અભિયાન અંતર્ગત શાળાના બધા વિદ્યાર્થીઓને તિરંગો આપવામાં આવ્યો હતો. તેમજ અતિથિના હસ્તે શાળામાં વૃક્ષારોપણ કરાયું હતું. તેમજ વિવિધ સ્પર્ધાઓમાં વિજેતા વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર આપી સન્માનિત કરાયા હતા. આ તકે કાર્યક્રમના મુખ્ય અતિથિ શૈલેષભાઈ દવેએ જીવનમાં શિક્ષણ અને કૌશલ્યના મહત્વ વિષે વકતવ્ય આપ્યું હતું. જયારે શાળાના આચાર્ય ડો. સંજયભાઈ કોરિયાએ શાળાની વિકાસયાત્રા અંગે માહિતી આપી હતી. આ તકે મયુરભાઈ સોસા, નિકુંજભાઈ, એમ.એચ. હડીયા અને વાય.એમ. પલેજાએ શાળાના વિકાસમાં યોગદાન આપનાર વિદ્યાર્થીઓ અને ગામના આગેવાનોને યાદ કર્યા હતા. કાર્યક્રમને અંતે શાળાના તમામ વિદ્યાર્થીઓને ભોજન કરાવ્યું હતું.

પલસાણા તાલુકાના ચલથાણ ગામે શ્રાવણી સોમવારે વિશ્વેશ્વર મહાદેવને એકસો કિલો ફ્રુટ ફળનો શણગાર

(પ્રતિનિધિ દ્વારા)

પલસાણા, તા.૯

પલસાણા તાલુકાના ચલથાણ ગામે સુગર ફેકટરીમાં આવેલ વિશ્વેશ્વર મહાદેવ મંદિરે ભાવિકો દ્વારા શ્રાવણ શુદ એકાદશી શ્રાવણી બીજા સોમવારની આસ્થાભેર બહોળી સંખ્યામાં પુજન, અર્ચન કરેલ. વિશ્વેશ્વર મહાદેવને એક સો કિલો જેટલા વિવિધ પ્રકારના ફ્રુટ, ફળનો શણગાર કરવામાં આવેલ જેના દર્શન કરીને ભાવિકોએ ધન્યતા અનુભવી હતી. ફ્રૂટ પ્રસાદ તરીકે વિતરણ કરવામાં આવ્યું હતું. ૧૫ ઓગસ્ટ શ્રાવણના ત્રીજા સોમવારે વિશ્વેશ્વર મહાદેવને વિવિધ પ્રકારના શાકભાજીનો શણગાર કરવામાં આવ્યો હતો તેમ પુજારી મહેશગીરી ગોસ્વામીએ જણાવેલ છે.

જૂનાગઢના ભિયાળ ગામમાં ગાય વર્ગના પશુઓમાં ૧૦૦ ટકા રસીકરણ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૯

જૂનાગઢ તાલુકાના (ગ્રામ્ય) બિહાર ગામમાં જિલ્લાના પશુપાલન વિભાગ દ્વારા ગાય વર્ગના તમામ પશુઓને રસીકરણ હેઠળ આવરી લેવામાં આવ્યા છે. એટલે કે, ભિયાળ ગામના ગાય વર્ગના ૧૦૦ ટકા પશુઓને લમ્પી વાયરસ સામે સુરક્ષા કવચ આપવામાં આવ્યું છે. જિલ્લા વિકાસ અધિકારી મિરાંત પરીખ અને ગાંધીનગર ખાતેથી જૂનાગઢ જિલ્લામાં લમ્પી વાયરસના અનુસંધાને લાઈઝન અધિકારી તરીકે નિમાયેલા શ્રી એસ. એસ. પટેલ ભિયાળ ગામે રસીકરણ સહિતના કામગીરીનું નિરીક્ષણ કરવા પહોંચ્યા હતા. આ અધિકારીઓએ લમ્પી વાયરસ ડામવા માટે લેવામાં આવેલા અટકાયતી પગલા અને કામગીરી અંગે સંતોષ વ્યક્ત કર્યો હતો. આ અંગે નાયબ પશુપાલન નિયામક ડો. દિલીપ પાનેરાએ સમગ્ર જિલ્લાની પરિસ્થિતિથી વાકેફ કર્યા હતા. આ તકે સહકારી આગેવાન અને ગૌ-શાળાના પ્રમુખ રામજીભાઈ અકબરી સહિતના અગ્રણીઓ અને પશુપાલકો-ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાંથી સિનેમા ક્ષેત્રે પીએચડી થયા વિકાસ રાજપોપટ



"આંતરરાષ્ટ્રીય ફિલ્મમેકિંગમાં ભારતીય અંગ્રેજી ફિલ્મોનું યોગદાન" વિષય ઉપર કર્યુ ખેડાણ

(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા.૯

રાજકોટનાં ફિલ્મમેકર અને એમ.એસ. યુનિવર્સિટીનાં અધ્યાપક વિકાસ રાજપોપટએ પત્રકારિત્વમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાં એ.ડી.પત્રકારત્વ ભવનનાં વડા ડો.નીતાબેન ઉદાણીનાં માર્ગદર્શન હેઠળ "આંતરરાષ્ટ્રીય ફિલ્મમેકિંગમાં ભારતીય અંગ્રેજી ફિલ્મોનું યોગદાન"એ વિષય ઉપર પી.એચ.ડી. પૂર્ણ કરી ડોક્ટરેટની પદવી હાંસલ કરી જૂનાગઢ જિલ્લાનાં કેશોદ તાલુકાના શેરગઢ, રાજકોટ અને રાજપોપટ પરિવારનું ગૌરવ વધાર્યુ છે. અત્રે યાદ આપવું જરૂરી છે કે, ફિલ્મમેકિંગ અને સિનેમા વિષયમાં રૂચિ ધરાવતાં અને સિનેમા વિષયનો અભ્યાસ કરાવતા ડો. વિકાસ રાજપોપટ આંતરરાષ્ટ્રીય ફિલ્મ ફેસ્ટિવલ (ન્યુયોર્ક) ફિલ્મ ફેસ્ટિવલમાં જજ તરીકે પણ આમંત્રિત થઈ ચુકેલ છે. વિકાસ રાજપોપટે માંગરોળ શારદાગ્રામમાં અંગ્રેજી વિષય સાથે સ્નાતક થયા બાદ જર્નાલીઝમની પદવી પણ એમ.એસ.યુનિવર્સિટીમાંથી મેળવેલ છે. વિકાસ રાજપોપટને ડોક્ટરેટની પદવી હાંસલ કરવા બદલ મિત્રો સ્નેહીઓ અને વિદ્યાર્થીઓ તરફથી અભિનંદનની વર્ષા થઈ રહેલ છે.

મતદાન મથકો ખાતે તા.૨૧, ૨૮ ઓગસ્ટ અને તા.૪ અને ૧૧ સપ્ટે.ને રવિવારના ખાસ ઝુંબેશ યોજાશે

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૯

ભારતના ચૂંટણી પંચની સૂચના અનુસાર જૂનાગઢ જિલ્લામાં તા.૧-૧૦-૨૦૨૨ની લાયકાતની તારીખ સંદર્ભે મતદારયાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. ચૂંટણી પંચ દ્વારા આપવામાં આવેલ કાર્યક્રમ અનુસાર હક્ક દાવાઓ અને વાંધા અરજીઓ સ્વીકારવાનો સમયગાળો તા.૧૨-૮-૨૦૨૨થી તા.૧૧-૯-૨૦૨૨ નિયત કરવામાં આવ્યો છે. સંકલિત મતદારયાદીના મુસદ્દાની પ્રસિદ્ધ તા.૧૨-૮-૨૦૨૨ના રોજ કરવામાં આવશે. જૂનાગઢ જિલ્લામાં સમાવિષ્ટ તમામ વિધાનસભા મતવિભાગોમાં તા.૧૨-૮-૨૦૨૨ના રોજથી શરૂ થનાર મતદારયાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણાના કાર્યક્રમ અન્વયે તા.૨૧-૮-૨૦૨૨ (રવિવાર), તા.૨૮-૮-૨૦૨૨ (રવિવાર), ૪-૯-૨૦૨૨ (રવિવાર) અને તા.૧૧-૯-૨૦૨૨ (રવિવાર)ના દિવસોએ ખાસ ઝુંબેશના દિવસો તરીકે યોજવા આવશે. જૂનાગઢ જિલ્લામાં સમાવિષ્ટ તમામ વિધાનસભા મતવિસ્તારમાં ઝુંબેશના દિવસોએ નિમાયેલ બુથ લેવલ ઓફીસર દ્વારા સવારે ૧૦ કલાકથી સાંજે ૫ કલાક સુધી મતદાન મથક ખાતે ઉપસ્થિત રહીને મતદાર નોંધણી અંગે ફોમર્સ સ્વીકારવા સાથે મુસદ્દામાંથી મતદારની વિગતો ચકાસીને ક્ષતિ હોય તો શોધી, હક્ક દાવા અને વાંધા અરજીઓ સ્વીકારવામાં આવશે. આગામી ગુજરાત વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૨ને ધ્યાને રાખી તા.૧-૧૦-૨૦૨૨ની લાયકાતની મતદારયાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણાનો કાર્યક્રમ જિલ્લાનો કોઈપણ નાગરિક મતદાર નોંધણીથી વંચિત રહી ન જાય તથા તમામ ૧૮-૧૯ વયના યુવા મતદારોનો મતદારયાદીમાં સમાવેશ સુનિશ્ચિત કરી શકાય તે અંગે ખાસ ઝુંબેશ અન્વયે મતદાર જાગૃતિ તથા કેળવણી હેઠળ જિલ્લામાં તમામ વિધાનસભા મતવિસ્તાર તથા શહેરી વિસ્તારમાં મતદાર જાગૃતિ અંગેના કાર્યક્રમ આયોજીત કરવામાં આવ્યું હોવાનું જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર રચિત રાજ અને નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી ડો. રિના ચૌધરીની યાદીમાં જણાવાયું હતું.

દ્વારકામાં કાન્હા વિચારમંચ દ્વારા જન્મમાષ્ટમી રથયાત્રા મટકીફોડ અને વ્રજ રાસોત્સવનુ અનેરૂ આયોજન

(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા, તા.૯

સમગ્ર વિશ્વમાં તમામ કૃષ્ણભકતો જન્માષ્ટમીની ઉજવણી રંગેચંગે કરતા હોય છે ત્યારે ભગવાન દ્વારકાધીશની રાજનગરી દ્વારીકામા જન્માષ્ટમીનો મહાત્મ્ય વિશેષ હોય એ વાત સ્વાભાવિક છે. દેશ અને દુનિયાના ખુણે ખુણેથી કૃષ્ણભકતો આતુરતા પુર્વક દ્વારીકા તરફ મીટ માંડીને બેઠા હોય છે ત્યારે સપ્તપુરીઓમાંની એક દ્વારીકા પણ આ સમયને યાદગાર બનાવવા થનગનતી હોય છે. જન્માષ્ટમીની ઉજવણીમા દ્વારીકાના ધર્મમય માહોલમાં દરવર્ષે યોજાતી ભગવાનરાજાધિરાજની રથયાત્રા વિશેષ આકર્ષણનું કેન્દ્ર બનતી હોય છે ત્યારે આ વર્ષે પણ કાન્હા વિચારમંચ દ્વારા રાજાધિરાજની ભવ્યાતિભવ્ય રથયાત્રાની જોરશોર તૈયારીઓ આદરી દેવામાં આવી છે

"કાન્હાવિચારમંચ" દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ સમગ્ર આયોજનના અધ્યક્ષસ્થાને કોઈ વ્યક્તિ વિશેષને બદલે સ્વયં રાજાધિરાજ ભગવાનને સ્થાપિત કરી કાન્હા જન્મોત્સવની શરુઆત થશે ત્યારબાદ દ્વારકા સ્થિત શારદાપીઠના શંકરાચાર્યજીના પ્રથમ દંડી સદાનંદ સરસ્વતિ તથા આહીરસમાજના ગાદીપતિ મહંત જીવણનાથજીબાપુની સાથે અન્ય સંતો મહંતો ભગવાન રાજાધિરાજની રથયાત્રાનુ અખીલ ભારતીય આહીરસમાજ વાડીથી પ્રસ્થાન કરાવશે જે રથયાત્રા દ્વારીકાના રાજમાર્ગોપર રંગેચંગે અને ઉમંગે પરીભ્રમણ કરશે આ સમયે દ્વારકાનિવાસી સર્વે સમાજના પ્રતિષ્ઠિત અગ્રણીઓ

આ રથયાત્રાનુ અલગઅલગ નિશ્ચિત કરાયેલ જગ્યાએ સ્વાગત-અભિવાદન કરશે, રથયાત્રા દરમ્યાન વિવિધ સ્થળોએ સમગ્ર ગુજરાતભરમાંથી એકઠા થયેલ કૃષ્ણવંશી આહીરયુવાનો દ્વારા આયોજીત મટુકીફોડ વિશેષ આકર્ષણનું કેન્દ્ર બનશે. રથયાત્રામા વિવિધ કિર્તનમંડળીઓ દ્વારા કિર્તનોની રમઝટ અને દ્વારીકાધીશના ગગનભેદી જયઘોષો સાથે જગદમંદીર ખાતે આ યાત્રા વિરામ પામશે ત્યારબાદ આહીરસમાજની વાડીમા આહીરસમાજના લોકો દ્વારા વ્રજપરંપરાને ઉજાગર કરતો ભવ્ય રાસોત્સવ યોજાશે અને મધ્યરાત્રિએ પરમતત્વના મહાજન્મને વધાવવા ભવ્ય મહાઆરતી પણ આયોજીત થશે ત્યારે સમગ્ર કાર્યક્રમમાં સહભાગી થવા "કાન્હા વિચારમંચ" દ્વારા સમસ્ત ધર્મપ્રેમી જનતાને આહવાન કરાયુ છે.

ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ દ્વારા સીધા ધિરાણની

વિવિધ યોજનાનો લાભ લેવા જૂનાગઢ જિલ્લાના સફાઈ કામદારો અને તેઓના આશ્રિતોને અનુરોધ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૯

ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ ગાંધીનગર દ્વારા રાજયના સફાઈ કામદારોને અને તેઓના આશ્રિતો માટે નિગમની સીધા ધિરાણની વિવિધ યોજનાઓ જેવી કે મહિલા સમૃધ્ધિ યોજના યુનિટ કોષ્ટ રૂા.૬૦,૦૦૦/- વ્યાજનો દર ૪%, માઈક્રો ક્રેડીટ ફાઈનાન્સ-યોજના યુનિટ કોષ્ટ રૂા.૬૦,૦૦૦/- વ્યાટજનો દર ૫%, મહિલા અધિકારીતા યોજના યુનિટ કોષ્ટ રૂા.૧,૦૦,૦૦૦/- વ્યાસજનો દર ૫%, પેસેન્જયર ઓટો રીક્ષા યોજના યુનિટ કોષ્ટ રૂા.૨,૦૦,૦૦૦/-વ્યા,જનો દર ૬%, ગાર્બેજ ડીસ્પોજઝલ વ્હીકલ યોજના યુનિટ કોષ્ટ રૂા.૬,૦૦,૦૦૦/- વ્યાજનો દર ૬% મુજબ છે. આ યોજનાનો લાભ સફાઈ કામદારો અને તેમના આશ્રિતોને (ઉંમર મર્યાદા ૧૮ વર્ષથી ઓછી નહી અને ૫૦ વર્ષથી વધુ ન હોવી જોઈએ તેમજ સફાઈ કામદાર કે સફાઈ કામદારના આશ્રિત હોવા અંગેનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે) મળવાપાત્ર રહેશે. આ યોજના હેઠળ વધુમાં વધુ લાભ લેવા માટે સફાઈ કામદાર કે તેમના આશ્રિતોએ તા.૨૦-૮-૨૦૨૨ સુધી https://esamajkalyan.gujarat.gov.in પોર્ટલ ઉપર આપેલ સૂચનાને આધિન ઓનલાઈન અરજી કરવાની રહેશે. જેથી જૂનાગઢ જિલ્લાના તમામ સફાઈ કામદારો અને તેઓના આશ્રિતોએ નોંધ લેવા જિલ્લા મેનેજર ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ અને નાયબ નિયામક અનુસૂચિત જાતિ કલ્યાણ જૂનાગઢની કચેરી દ્વારા એક અખબારી યાદીમાં જણાવાયું છે. વધુ માહિતી માટે ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ અને નાયબ નિયામક (અનુસૂચિત જાતિ કલ્યાણ)ની કચેરી, બહુમાળી ભવન, બ્લોક નં.૧/૩, સરદાર બાગ પાસે, જૂનાગઢ. પીન કોડ-૩૬૨૦૦૧ કચેરીનો સંપર્ક કરવા જણાવવમાં આવ્યું છે.

ગાય વર્ગના પશુઓને LSD રસી આપ્યા બાદ ૨૧ દિવસે ઈમ્યુનિટી ડેવલપ થાય છે

જૂનાગઢ જિલ્લાના પશુપાલકોએ પશુઓને રસી આપ્યા બાદ ૨૧ દિવસ માખી-મચ્છરના ઉપદ્રવથી દૂર રાખવા : નાયબ પશુપાલન નિયામકનો અનુરોધ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૯

જિલ્લાના પશુધનને લમ્પી વાયરસ સામે સુરક્ષા કવચ આપવા માટે તંત્ર દ્વારા પૂરજોશમાં રસીકરણ કરવામાં આવી રહ્યું છે. ત્યારે પશુઓને રસી આપ્યા બાદ ૨૧ દિવસ સુધી કાળજી રાખવી ખૂબ જરૂરી છે. આ સંદર્ભે નાયબ પશુપાલન નિયામક ડો. દિલીપ પાનેરાએ જણાવ્યું કે, હાલ જિલ્લામાં લમ્પી વાયરસથી પશુઓને બચાવવા માટે તમામ અટકાયતી પગલાં લેવામાં આવી રહ્યા છે. ખાસ કરીને પશુઓના રસીકરણ ઉપર ભાર મૂકવામાં આવી રહ્યો છે. જેમાં ગાયવર્ગના પશુઓને LSD રસી આપવા આવી રહી છે. ત્યારે જે પશુપાલકોના પશુઓને રસી આપી દેવામાં આવી છે. તેમણે પોતાના પશુઓને ૨૧ સુધી માખી-મચ્છરના ઉપદ્રવથી દૂર રાખવા ખૂબ જરૂરી છે. કારણ કે, પશુઓને રસી આપ્યાના ૨૧ દિવસ બાદ લમ્પી વાયરસ સામે ઈમ્યુનિટી ડેવલપ થાય છે. આમ, રસી બાદ પશુઓની કાળજી લેવી આવશ્યક છે તેમ ડો. પાનેરાએ ઉમેર્યું હતું.

જૂનાગઢ જિલ્લાની ૧૨૪૯ આંગણવાડી કેન્દ્રમાં ૩ થી ૬ વર્ષના બાળકો માટે તિરંગા થીમ ઉપર ચિત્ર સ્પર્ધા યોજાશે

(પ્રતિનિધિદ્વારા) જૂનાગઢ તા.૯ : આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત હર ઘર તિરંગા અભિયાન હેઠળ જૂનાગઢ જિલ્લાની ૧૨૪૯ આંગણવાડી કેન્દ્રમાં ૩ થી ૬ વર્ષના બાળકો માટે તિરંગા થીમ ઉપર ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. જૂનાગઢ જિલ્લા પંચાયતની આઈ.સી.ડી.એસ. શાખા દ્વારા આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત હર ઘર તિરંગા કાર્યક્રમની ઉજવણી નિમિતે તા.૧૦-૮-૨૦૨૨નાં રોજ જિલ્લા પંચાયત હસ્તકના કુલ ૧૨૪૯ આંગણવાડી કેન્દ્રો ખાતે તિરંગા થીમ ઉપર ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવનાર છે.

દુધમાં ભેળસેળ અટકાવવા સાવજ દુધ સંઘ દ્વારા ખોરાક ઔષધ નિયમન તંત્રને રજુઆત, કડક પગલા ભરો

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૯

જૂનાગઢ જીલ્લામાં પશુપાલન ક્ષેત્રે છેલ્લા ૧૦ વર્ષમાં ખુબજ પ્રગતિ જોવા મળેલ છે. દુધ ઉત્પાદકોને છેલ્લા દશ વર્ષમાં મળી રહેલ ભાવો ખુબજ પોષાણક્ષમ છે અને જીલ્લામાં સહકારી સંઘના વિકાસથી આ ભાવો પશુપાલકોને સળંગ વર્ષ દરમ્યાન મળતા રહે છે જે પશુપાલકો અને જીલ્લાના સર્વાંગી વિકાસના ચાવીરૂપ ભૂમિકા ભજવી રહેલ છે.

ઉપરોકત પરિસ્થિતીનો પ્રાઈવેટ વેપારીઓ દ્વારા લાભ ઉઠાવી દુધમાં ભેળસેળ કરી ટુંકાગાળામાં વધુ કમાણી કરી લેવાની વૃત્તિથી લોકોના સ્વાસ્થ્ય સાથે છેતરપીંડી થઈ રહેલ છે. હાલ આવા લેભાગુ તત્વો દ્વારા દુધમાં માલ્ટોસ, ગ્લુકોઝ, યુરિયા, તેલ વગેરે જેવા અખાદ્ય પદાર્થો ભેળવી લોકોને છેતરી રહેલ છે. આવા પ્રાઈવેટ વેપારીઓ દ્વારા વહેંચવામાં આવતા દુધનું કોઈજ ટેસ્ટીંગ કરવામાં આવતું નથી અને તેને લઈને તેઓ કોઈથી પણ ડર રાખ્યા વગર બેફીકરાઈથી ધંધો કરી રહેલ છે. આવા પ્રાઈવેટ વેપારીઓના દુધના નમૂનાઓ નિયમીત રીતે લેવામાં આવે તો તેઓના મોટાભાગના દુધના નમુનાઓમાં ભેળસેળ જોવા મળે તેમ છે.

આવા વેપારીઓ દ્વારા કરવામાં આવતા દુધ સંપાદન ઉપર કડકાઈથી પગલા ભરવામાં આવે અને તેઓના દુધના જે તે સ્થળેથી જ નમુનાઓ એકત્રીત કરવામાં આવે તે ખુબજ જરૂરી છે. હાલ આવા વેપારીઓ, ફેરીયાઓના કોઈ જ નમુનાઓ નિયમીત લેવાતા હોય તેવું માલુમ પડતું નથી. જેને લઈને તેઓ બેફામ બનેલ છે. આવા ભેળસેળયુકત દુધને લીધે લોકોને ઘણી બધી બિમારીઓનો ભોગ બનવું પડે છે. આ ઉપરાંત આવા તત્વોને હિસાબે આપણા જીલ્લાના સાચા પશુપાલકોને ભોગવવાનો વારો આવે છે અને જીલ્લાના પશુપાલનના વિકાસને અવરોધે છે.

આથી ખાનગી વેપારીઓના અને છુટક વેચાણ કરતા ફેરીયાઓના દુધના નમુનાઓની યોગ્ય તપાસ કરવામાં આવે અને જો તેમાં ભેળસેળ માલુમ પડે તો કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તે જરૂરી છે. જેથી સાચા પશુપાલકોને તેઓના દુધનો યોગ્ય અને પોષણક્ષમ લાભ આપી શકાય અને લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડા અટકાવી શકાય.

વિશેષમાં લોકોને અમો દ્વાર અનુરોધ કરવામાં આવે છે કે, આપના દ્વારા રોજીંદા જીવનમાં ખરીદ કરવામાં આવતા દુધ, દહીં, છાશ અને દુધની બનાવટોમાં થતી ભેળસેળ નાથવા આપના યોગ્ય સહકારની જરૂરીયાત ઉત્પન્ન થાય છે. આપના દ્વારા આવી તમામ વસ્તુઓની ખરીદી યોગ્ય નામાંકિત કંપનીઓની પેકિંગ થયેલ ઉત્પાદનો ખરીદ કરવામાં આવે તે ઈચ્છનીય છે. આવા નામાંકિત કંપનીના ઉત્પાદનો ખરીદ કરેલ હોય કોઈ પ્રશ્ન ઉભો થયે યોગ્ય કાર્યવાહી મારફત ગુણવત્તા ચકાસણી કરાવી શકાય. આવી બાબતે લોકો જાગૃતિ કેળવે તે ખુબજ જરૂરી છે અને સદર બાબતે ખોરાક અને ઔષધ નિયમન તંત્રને યોગ્ય ઘટતું કરવા જણાવેલ છે તેમ શ્રી સાવજ જૂનાગઢ જીલ્લા સહકારી દુધ ઉત્પાદક સંઘ લી.ના ચેરમેન દિનેશભાઈ ખટારીયાની યાદીમાં જણાવેલ છે.

જૂનાગઢ જીલ્લા કોંગ્રેસે ચુંટણીની તૈયારી આરંભી, કાર્યાલય ખાતે મીટીંગ મળી



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૯

આગામી ૨૦૨૨ના વર્ષની વિધાનસભા અને ૨૦૨૪ની લોકસભાની ચુંટણીને ધ્યાનમાં રાખીને કોંગ્રેસ પક્ષ દ્વારા છેલ્લા છ માસથી સંપુર્ણ તૈયારીઓ આરંભી દીધેલ છે. જેના ભાગરૂપે જૂનાગઢ જીલ્લા કોંગ્રેસ કાર્યાલય ખાતે એઆઈસીસીના પ્રભારી મહેન્દ્રસિંહ ગેહલોત તથા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રભારી હીરાભાઈ જોટવાની હાજરીમાં જૂનાગઢ જીલ્લા કોંગ્રેસ કાર્યાલય ખાતે જીલ્લા ભરમાંથી ૨૦૦ જેટલા કાર્યકરોને હાજર રાખી આગામી વિધાનસભા અને લોકસભાની પુર્વ તૈયારીઓના ભાગરૂપે લોકોના પાયાના પ્રશ્નને વાંચા આપવી અને રાજય અને કેન્દ્ર સરકારની નિષ્ફળતાઓ પ્રજા સુધી પહોંચાડીને રૂબરૂ અને સોશ્યલ મિડીયાના માધ્યમથી જાગૃત કરવા અને બુથ મેનેજમેન્ટની પુર્વ તૈયારીઓ તાત્કાલીક કરી લેવા એઆઈસીસીના પ્રભારી મહેન્દ્રસિંહ ગેહલોતએ કાર્યકરોને આહવાન કરેલ અને પ્રદેશના પ્રભારી હીરાભાઈ જોટવાએ જણાવેલ કે, આગામી વિધાનસભાની ચુંટણીઓમાં કોંગ્રેસ પક્ષમાંથી કોઈપણ પંજાનું સિમ્બોલ લઈને તેને તન, મન અને ધનથી મદદ કરવા અને જૂનાગઢ જીલ્લાની પાંચે પાંચ વિધાનસભાની સીટ કોંગ્રેસના ફાળે આવે તેવી મહેનત કરવા કાર્યકરો કામે લાગી જાય, આ મીટીંગમાં જૂનાગઢ જીલ્લા કોંગ્રેસ પ્રમુખ નટુભાઈ પોકીયા તથા શહેર કોંગ્રેસ પ્રમુખ અમીતભાઈ પટેલ, વિસાવદરના ધારાસભ્ય હર્ષદભાઈ એમ.રીબડીયા, માંગરોળના ધારાસભ્ય બાબુભાઈ વાજા, જૂનાગઢના ધારાસભ્ય ભીખાભાઈ જોષી, જીલ્લા પંચાયતના વિરોધપક્ષના નેતા હમીરભાઈ ધુળા અને મહિલા અગ્રણી ધર્મિષ્ઠાબેન કમાણી, પ્રગતિબેન આહીર, વર્ષાબેન લીંબડ, રાદડીયાબેન, ચંદ્રિકાબેન વાડોતરીયા વગેરે મોટી સંખ્યામાં જીલ્લાભરમાંથી કોંગ્રેસના કાર્યકરો, આગેવાનો અને મહિલા કાર્યકર્તાઓ વગેરે સેવાદળ સહિત તમામ ફ્ન્ટલ સેલના હોદેદારો તથા જૂનાગઢ શહેર તથા જીલ્લાના પદાધિકારીઓએ હાજરી આપીનો ખંભેખભા મિલાવી આગામી વિધાનસભામાં સૌ એક તાંતણે બંધાઈને કામ કરીશું તેવી કાર્યકરોએ ખાત્રી આપેલ હતી.

આજે ૯ ઓગસ્ટ ક્રાંતિ દિવસ, સામુહિક નાગરીક અસહકાર ચળવળ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ,તા.૯

ભારત છોડો ચળવળ એ મહાત્મા ગાંધી દ્વારા ૮ ઓગસ્ટ ૧૯૪૨ ના રોજ બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન ભારતમાં બ્રિટિશ શાસનનો અંત લાવવા માટે શરૂ કરાયેલ ચળવળ હતી. ૮ ઓગસ્ટ, ૧૯૪૨ના રોજ મહાત્મા ગાંધી દ્વારા શરૂ કરાયેલ, ભારત છોડો ચળવળ, જેને "ભારત છોડો આંદોલન" તરીકે પણ ઓળખવામાં આવે છે, તે એક સામૂહિક નાગરિક અસહકાર ચળવળ હતી જે દેશમાં થઈ હતી. 'કરો યા મરો' પ્રબળ ભાવના સાથે, ચળવળએ ભારતમાંથી અંગ્રેજોની તાત્કાલિક બહાર નીકળવાની માંગણી કરી.તે ભારતમાં બ્રિટિશ શાસનનો અંત લાવવાની માંગ કરવા માટે શરૂ કરાયેલો વિરોધ હતો. આ ચળવળ ૯ ઓગસ્ટ, ૧૯૪૨ના રોજ શરૂ કરવામાં આવી હતી અને ત્યારથી આ દિવસને ઓગસ્ટ ક્રાંતિ દિવસ અથવા ભારત છોડો દિવસ તરીકે ઉજવવામાં આવે છે. રાષ્ટ્રીય એકતાના ભાષણો અને અન્ય કાર્યક્રમો સાથે સ્વાતંત્ર્ય સેનાનીઓને શ્રદ્ધાંજલિ આપીને દિવસની ઉજવણી કરવામાં આવે છે. ભારત છોડો આંદોલન, જે ભારત છોડો આંદોલન તરીકે જાણીતું છે, તેની શરૂઆત ૮ ઓગસ્ટ ૧૯૪૨ના રોજ થઈ હતી. મહાત્મા ગાંધીના નેતૃત્વ હેઠળની અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિએ બોમ્બે સત્રમાં આંદોલન શરૂ કરવાનો નિર્ણય લીધો હતો. બીજા દિવસે, ગાંધી, નેહરૂ અને ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના અન્ય ઘણા નેતાઓની અંગ્રેજ સરકાર દ્વારા ધરપકડ કરવામાં આવી હતી. પછીના દિવસોમાં દેશભરમાં અવ્યવસ્થિત અને અહિંસક દેખાવો થયા હતા.

- ડો.જી.આર.ગોહિલ

આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદના પ્રદેશ અધ્યક્ષે

જૂનાગઢ ખાતે ગ્રુપ મીટીંગો કરી નવા કાર્યકર્તાઓને સંગઠનની વિવિધ જવાબદારી સોંપી

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૯

આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ રાષ્ટ્રીય બજરંગદળ ડો.પ્રવિણભાઈ તોગડીયાના નેતૃત્વમાં હિન્દુ સમાજને સંગઠીત કરવા ભારતભરમાં કાર્યરત છે ત્યારે આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદની સ્થાપનાને ચાર વર્ષ પુર્ણ થવા ઉપર સ્થાપના દિનના કાર્યક્રમ અનુસંધાને આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદના ગુજરાત પ્રદેશ અધ્યક્ષ રણછોડભાઈ ભરવાડ બે દિવસના જૂનાગઢ પ્રવાસે આવેલ હતા. આ દરમ્યાન જૂનાગઢમાં ખેતલીયાદાદા આશ્રમ સહિત ૧૦ જગ્યાઓ ઉપર ગ્રુપ મીટીંગો યોજવામાં આવેલ અને નવા કાર્યકર્તાઓને આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ રાષ્ટ્રીય બજરંગદળમાં જોડવામાં આવેલ અને સંગઠનની મહાનગર તેમજ જીલ્લાની વિવિધ જવાબદારી કાર્યકર્તાઓને સોંપવામાં આવેલ હતી. આગામી દિવસમાં અખંડ ભારત સંકલ્પ દિવસના કાર્યક્રમ ૧૦૦થી વધારે સ્થાનો ઉપર યોજી ભગવા ધ્વજ ફરકાવી અખંડ ભારતનો સંકલ્પ લેવાશે અને આગામી સમયમાં ૧૧૦૦ કાર્યકર્તાને ત્રિશુલ દીક્ષા આપી આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ રાષ્ટ્રીય બજરંગદળમાં જોડવામાં આવશે. આ કાર્યક્રમમાં સૌરાષ્ટ્ર પ્રાંતના સંયુકત મહામંત્રી જયસુખભાઈ બુટાણી, પ્રાંત સંગઠન મંત્રી નિર્મળસિંહ ખુમાણ, વિભાગ અધ્યક્ષ રાજુભાઈ રાઠોડ, વિભાગ મંત્રી સુરેશભાઈ બજાણીયા, જીલ્લા અધ્યક્ષ અરવિંદભાઈ સોની, જીલ્લા મહામંત્રી ગૌરવભાઈ સુખાનંદી, શહેર મહામંત્રી આશિષભાઈ લોઢીયા સહિતના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહયા હતા અને અંતમાં ખેતલીયા દાદા આશ્રમના મહંત પૂ.રાજભારતીબાપુ દ્વારા શુભાશિષ પાઠવવામાં આવેલ હતા.

રક્ષાબંધન અંગે ખોટી અફવાઓથી દુર રહેવું

આગામી રક્ષાબંધન તેમજ બળેવ શ્રાવણ સુદ ચૌદસ ગુરૂવાર તા.૧૧-૮-૨૨ના રોજ ઉજવવામાં આવશે. રક્ષાબંધનનું પર્વ કોઈ શંકા કે કુશંકા વગર મનાવવું. હમણા થોડા વર્ષથી દૈનિક પેપરોમાં રક્ષાબંધન માટે મુહુર્ત જોવાની પ્રથા થઈ છે. આ પ્રથા લોકોને ભ્રમિત કરે છે. રક્ષાબંધન ભાઈ-બહેનનો પવિત્ર તહેવાર છે. તેથી આ દિવસે ગમે ત્યારે રાખડી બાંધી શકાય છે. આજથી દશ-પંદર વર્ષ પહેલા આવી કોઈ અફવાઓ ફેલાતી ન હતી. રક્ષાબંધન પર્વમાં બહેન ભાઈને કંકુનો ચાંદલો કરે છે તેમજ રાખડી બાંધે છે. આ માટે કોઈપણ મુહુર્ત જોવાની જરૂર હોતી નથી. ચાલુ વર્ષે ઋગ્વેદ તેમજ શુકલ યજુર્વેદ બ્રાહ્મણોએ તા.૧૧-૮-૨૨ શ્રાવણ સુદ ચૌદસ ગુરૂવારના રોજ જનોઈ બદલવી.

જયોતિષી: દિનેશકુમાર અનંતરાય ભટ્ટ

મો.૯૮૨૪૪ ૨૨૨૮૦/ ૯૪૨૮૩ ૭૩૪૪૧

હર ઘર તિરંગા યાત્રા સુરતને ફળી : ૪૦૦ કરોડની કમાણી થઇ

ગુજરાતમાં એક કરોડથી સવા કરોડ ધ્વજનું વિતરણ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. સરકારે અંદાજે ૪૦ કરોડથી વધુ ધ્વજ તૈયાર કરીને વિતરણ કરવાનું આયોજન કર્યું છે. પરિણામે એક જ મહિનામાં ટેકસટાઈલ ઉદ્યોગમાં અંદાજે ૧૦૦૦ કરોડથી ૧૨૦૦ કરોડના ટર્નઓવર થયા હોવાનું જાણવા મળી રહ્યું છે. માત્ર ગુજરાત જ નહિ, દક્ષિણ ભારતના રાજ્યોમાં અને ઉત્તર ભારતના રાજ્યો અને જયપુરમાંથી પણ ૩૦ કરોડ જેટલા તિરંગા તૈયાર કરાવડાવ્યા છે. તિરંગા યાત્રા સરકારને ફળે કે ન ફળે પણ સુરતને ૪૦૦ કરોડની કમાણી થઇ ગઇ છે.

તહેવારોમાં એરફેરના ભાવમાં તોતીંગ વધારો

૧૫મી ઓગસ્ટની રજાઓમાં બહાર ફરવા જવાનું આયોજન કરી રહ્યા હોવ તો સામાન્ય કરતાં અઢી ગણું એરફેર ચૂકવવું પડી શકે છે. ૧૧ ઓગસ્ટના ગુરુવારે રક્ષાબંધનની જાહેર રજા છે ત્યારબાદ બીજો શનિવાર-રવિવાર આવે છે અને સોમવારે સ્વતંત્રતા દિવસ છે. અમદાવાદથી ગોવા જવા માટેનું વન-વે એરફેર સામાન્ય દિવસોમાં રુપિયા ૫ હજારની આસપાસ હોય છે અને તે હવે ૧૨ ઓગસ્ટમાં ૧૪ હજારને પાર થઇ ગયું છે. રજાઓ નજીક આવશે તેમ આ એરફેર હજુ ૧૫ હજાર સુધી પણ પહોંચે તેમ મનાઇ રહ્યું છે. અમદાવાદથી મુંબઇનું મહત્તમ વન-વે એરફેર વધીને હવે રુપિયા ૬૪૨૭ થઇ ગયું છે.

૨૮ કંપનીઓ લાવી રહી છે ૪૫,૦૦૦ કરોડના આઈપીઓ

આવનારા દિવસોમાં તમને શેરબજારમાંથી કમાણી કરવાની ઘણી તકો મળી શકે છે. એપ્રિલ-જુલાઈ મહિનામાં ઘણી કંપનીઓને સેબી દ્વારા આઈપીઓ માટે મંજૂરી આપવામાં આવી છે. સેબીએ ૨૮ કંપનીઓને મંજૂરી આપી છે. આ ઈસ્યુ દ્વારા કુલ રૂ. ૪૫,૦૦૦ કરોડ એકત્ર કરવાની યોજના છે. જે કંપનીઓને આઈપીઓ માટે મંજૂરી મળી છે તેમાં લાઈફસ્ટાઈલ રિટેલ બ્રાન્ડ ફેબિન્ડિયા, FIH મોબાઈલ્સ અને ફોક્સકોન ટેક્નોલોજી ગ્રુપની પેટાકંપની ભારત FIH, TVS સપ્લાય ચેઈન સોલ્યુશન્સ, બ્લેકસ્ટોન સમર્થિત આધાર હાઉસિંગ ફાઈનાન્સ અને McLeods Pharmaceuticals Industries Ltd. Kids Clinic Indiaનો સમાવેશ થાય છે. આ કંપનીઓએ હજુ સુધી તેમના આઈપીઓની તારીખ જાહેર કરી નથી

જૂનાગઢના ડી.વાય.એસ.પી. પ્રદીપસિંહ જાડેજાનો આજે જન્મ દિવસ



નામ :-	પ્રદીપસિંહ ઘનશ્યામસિંહ જાડેજા
પિતાનું નામ :-	સ્વ. ઘનશ્યામસિંહ ભીખુભા જાડેજા
વતન :-	સૂકી સાજડિયાળી ગામ તા.જી.રાજકોટ
હોદ્દો :-	નાયબ પોલીસ અધિક્ષક, જૂનાગઢ ડિવિઝન, જૂનાગઢ.
જન્મ તારીખ :-	તા. ૯. ૮. ૧૯૬૭
જન્મ સ્થળ :-	સરધાર તા.જી. રાજકોટ
અભ્યાસ :-	બી.એસ.સી. (ફિઝીકસ) ૧૯૮૮, એલ.એલ.બી. ૧૯૯૦

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૯

ડીવાયએસપી પ્રદીપસિંહ જાડેજાના કાકા જે.બી.જાડેજા પીએસઆઈ તરીકે ભરતી થયેલ અને સિનિયર પોલીસ ઈન્સ. તરીકે નિવૃત થયેલ હતા. પોલીસ ડિપાર્ટમેન્ટમાં તેમનું પણ એક આગવું સ્થાન હતું. ડીવાયએસપી પ્રદીપસિંહ જાડેજા પણ બાળપણથી તેમના પગલે પોલિસ ડિપાર્ટમેન્ટમાં ભરતી થવાનું સ્વપ્ન હતું. સખત મહેનત કરીને તેઓ પણ સને ૧૯૯૩ માં સીધી ભરતીના પીએસઆઈ તરીકે પસંદગી પામેલ હતા. તેઓએ જૂનાગઢ તાલીમ શાળા ખાતે તાલીમ મેળવી અને પોલોસ અધિકારી બનવાનું સ્વપ્ન સાકાર કરેલ હતું.

પ્રદીપસિંહ ઘનશ્યામસિંહ જાડેજા ડીવાયએસપી, જૂનાગઢ ડિવિઝન, જૂનાગઢ તા. ૧૮.૧૦.૧૯૯૩ ના રોજ સિધી ભરતીના પોલિસ સબ ઈન્સ્પેકટર તરીકે જીપીએસસી મારફતે ભરતી થયેલા. પ્રોબેશન પિરિયડ વડોદરા રૂરલ બાદ પો.સ.ઈ. તરીકે વડોદરા શહેર, સુરેન્દ્રનગર જિલ્લા, અમદાવાદ શહેર, જૂનાગઢ જિલ્લો, પોરબંદર જિલ્લો, નશાબંધી ખાતામા ત્યારબાદ અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચમાં ફરજ બજાવેલ હતી. સને ૨૦૦૭ માં ક્રાઈમ બ્રાન્ચમાં પોલીસ ઈન્સ. તરીકે બઢતી મેળવી, અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચ, ભાવનગર જિલ્લો, પાલીતાણા, વડોદરા શહેર ક્રાઈમ બ્રાન્ચ, સ્પેશિયલ બ્રાન્ચમાં ફરજ બજાવેલ હતી.

તા. ૫.૮.૨૦૧૫ ના રોજ ડીવાયએસપી તરીકે બઢતી મળી, એસીપી કંટ્રોલ રૂમ, વડોદરા શહેર, ડીવાયએસપી લીંબડી, એસીપી ઈસ્ટ રાજકોટ શહેર તરીકે ફરજ બજાવી, હાલ જૂનાગઢ ડીવાયએસપી તરીકે ફરજ બજાવે છે.

ભૂતકાળમાં તેઓએ જૂનાગઢ જિલ્લાના ચોરવાડ પોલીસસ્ટેશન ખાતે બે વર્ષ જેટલો સમય પો.સબ ઈન્સ. તરીકે ફરજ બજાવી, ગડુ શેરબાગ ખાતે વર્ષોની માંગણી મુજબ લોક ભાગીદારીથી પોલીસ ચોકીનું નિર્માણ કરવામાં આવેલ. જે પોલીસ ચોકી આજે પણ ચાલુ હાલતમાં છે.

પોલીસ ઈન્સ. તરીકે ક્રાઈમ બ્રાન્ચ અમદાવાદ શહેર, એ ડિવિઝન પોલીસ સ્ટેશન ભાવનગર શહેર, ક્રાઈમ બ્રાન્ચ વડોદરા શહેર ખાતે યાદગાર ફરજ બજાવી, કાયદો વ્યવસ્થા, ગુન્હાઓના ડિટેકશન તથા ઈન્વેસ્ટિગેશનમાં નમૂનેદાર કામગીરી કરી, પ્રજા અને પોલીસ વચ્ચે સમન્વય રાખી, નામના મેળવેલ હતી. વડોદરા શહેર ક્રાઈમ બ્રાન્ચમાં પણ ભૂતકાળમાં ના થઈ હોય એવી કામગીરી કરી, ગુન્હેગારો અને ગુન્હાઓ ઉપર ગજબનો કાબુ મેળવેલ હતો.

એસીપી કંટ્રોલ રૂમ, વડોદરા શહેર તરીકે પણ તેઓએ નમૂનેદાર કામગીરી કરી, ડીવાયએસપી લીંબડી તરીકે સુરેન્દ્રનગર જિલ્લામાં, એસીપી ઈસ્ટ તરીકે રાજકોટ શહેર ખાતે અને હાલમાં જૂનાગઢ જિલ્લામાં જૂનાગઢ ડિવિઝન ખાતે ડીવાયએસપી તરીકે ફરજ બજાવી રહ્યા છે. સને ૨૦૧૬ માં વડોદરા શહેર ખાતે તેઓને પ્રશંસનીય સેવા બદલ રાષ્ટ્રપતિ મેડલ આપવામાં આવેલ હતો તેમજ સને ૨૦૧૮ માં પોકેટ કોપ એપ્લિકેશન નો ઉપયોગ કરવા બદલ ઈ કોપ એવોર્ડ પણ આપવામાં આવેલ છે. આ પહેલા સુરેન્દ્રનગર જીલ્લામાં પણ તેઓને જિલ્લા કક્ષાના સ્વાતંત્ર્ય દિન ૨૦૧૭ તથા પ્રજાસતાક દિન ૨૦૧૮ વખતે જિલ્લા કક્ષાના લીંબડી તથા ચોટીલા ખાતેના રાષ્ટ્રીય કાર્યક્રમમાં પણ ઉત્કૃષ્ટ પ્રસંશનીય કામગીરી કરવા બદલ ગુજરાત રાજ્યના મંત્રી જયંતીભાઈ કવાડિયા તથા મંત્રી પરબતભાઈ પટેલના હસ્તે સન્માન કરવામાં આવેલ હતું. તેઓને ભાવનગર ખાતેના ડબલ મર્ડરના ઈન્વેસ્ટિગેશનમાં ગુન્હો ડિટેકટ કરી, સાયન્ટિફિક પુરાવાઓ મેળવી, આરોપીને નામદાર કોર્ટમાં આજીવન કેદની સજા કરવામાં આવતા, કેન્દ્રીય ગૃહ મંત્રાલય દિલ્હી દ્વારા યુનિયન હોમ મિનિસ્ટર્સ મેડલ ફોર એક્સલન્સ ઈન ઈન્વેસ્ટિગેશન ૨૦૧૮ પણ આપવામાં આવેલ હતો. તાજેતરમાં જૂનાગઢ જિલ્લાના કાર્યકાળ દરમ્યાન તેઓએ લોકસભા ચૂંટણી તેમજ સંવેદનશીલ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી દરમ્યાન કાયદો વ્યવસ્થાની જાળવણીમાં પ્રશંસનીય કામગીરી કરી તેમજ ઘરફોડ ચોરી, લૂંટ, વાહન ચોરી જેવા મિલકત વિરૂધ્ધના ગુન્હાઓમાં પણ નમૂનેદાર કામગીરી કરવામાં આવતા, જૂનાગઢ જિલ્લાના જિલ્લાકક્ષાનાં રાષ્ટીય કાર્યક્રમમાં તેઓનું તત્કાલીન નાયબ મુખ્ય મંત્રી નીતીનભાઈ પટેલના હસ્તે સન્માન કરવામાં આવેલ હતું.

ઉપરાંત, સને ૨૦૨૦ માં પણ કોરોના વોરિયર્સ તરીકે જીલ્લા કક્ષાના કાર્યક્રમમાં જૂનાગઢ જિલ્લા કલેકટર તરફથી સન્માન કરવામાં આવેલ હતુ. આમ, જિલ્લા કક્ષાના રાષ્ટ્રીય કાર્યક્રમમાં આ ચોથી વખત સન્માન કરવામાં આવેલ છે. અત્યાર સુધીમાં આશરે ૪૦૦ જેટલા ઈનામો તેમજ પ્રશંસાપત્રો મેળવનાર અધિકારી છે.

તત્કાલીન મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે રાષ્ટ્રપતિ ચંદ્રક એનાયત કરવામાં આવ્યો હતો. તેઓના નોકરી સમય દરમ્યાન જુદી જુદી સામાજિક સંસ્થા તથા સરકાર દ્વારા ૪૫થી ૫૦ વખત સન્માન કરવામાં આવેલ હતું. સને ૨૦૨૦/૨૦૨૧માં શ્રી જાડેજા દ્વારા કોરોનાકાળ દરમ્યાન તેમજ સામાન્ય સંજોગોમાં પણ જૂનાગઢવાસીઓ વચ્ચે રહી, પ્રજા સાથે સહિષ્ણુતાભરી કાર્યવાહી કરી, ખાસ કરીને જૂનાગઢ પોલીસ પ્રજાની મિત્ર હોવાની સામાન્ય છાપ ઉભી કરી, પ્રજા ઉપર પોલીસની સારી કામગીરીની અસર ઉભી કરી, પ્રજાને જૂનાગઢ પોલીસની કામગીરીથી પ્રભાવિત પણ કરવામાં આવેલ છે. કોરોના કાળ દરમ્યાન તેઓની કામગીરી ધ્યાને લઈ, જૂનાગઢની વિવિધ સોસાયટીઓમા, વિવિધ સંસ્થાઓ દ્વારા, વ્યક્તિઓ દ્વારા પણ તેઓનુ સન્માન પણ કરવામાં આવેલ હતું. સને ૨૦૨૦ માં પણ શ્રી જાડેજાને **DGP's Commendation Disc (First time)** એનાયત કરવામાં આવેલ હતી. ગુજરાત રાજ્યના પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારી દ્વારા તા. ૨૮.૧.૨૦૨૧ ના રોજ જૂનાગઢ ખાતેથી ગુમ થયેલ ટેક્ષી ડ્રાઈવરની તપાસ દરમ્યાન ગોંડલ તાલુકા પોલીસ સ્ટેશન ખાતેનો ડબલ મર્ડરનો કેસ ડીટેકટ કરવા બદલ ઈ-કોપ એવોર્ડ ડિસે.૨૦૨૦ પણ એનાયત કરવામાં આવેલ છે. તાજેતરમાં ખેડા નડિયાદ ખાતે કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહ દ્વારા તેઓને ગૃહમંત્રાલય પદક અલંકરણ કરી, સન્માન કરવામાં આવેલ હતું. આમ, ચાલુ સાલે પણ તેઓ દ્વારા ઉત્કૃષ્ટ કામગીરી કરવામાં આવેલ. આમ પ્રદિપસિંહ જાડેજાને તેમના જન્મદિવસ નિમિત્તે અભિનંદનની શુભેચ્છાઓનો વરસાદ તેમના મોબાઈલ નંબર ૯૮૨૫૨ ૧૫૬૮૨ ઉપર થઈ રહ્યો છે.

માંગરોળની વાડી વિસ્તારમાં નાળિયેરીના ઝાડ ઉપરથી તૈયાર ત્રોફા ચોરી જતાં ખેડૂતોમાં ફફડાટ

(પ્રતિનિધિ દ્વારા)

માંગરોળ, તા. ૯

માંગરોળ પંથકમાં ચોરીની ઘટનાઓ દિવસેને દિવસે વધી રહી છે. પંથકમાં વાડી વિસ્તારમાં ચોર ગેંગથી ખેડૂતો પણ ત્રાહિમામ પોકારી ઉઠયા છે. ખેડૂતોના નાળિયેરીના બગીચાઓમાંથી ત્રોફા ઉપરાંત નાળીયેર અને લીલા રોપની પણ ચોરીઓ થવા લાગી છે. રાત્રીના તેમજ દિવસ દરમ્યાન પણ અવ્યવહારૂ સમયનો લાભ ઉઠાવી ચોર ગેંગ બગીચાઓમાંથી ત્રોફા ચોરી જવાની વ્યાપક ફરિયાદો ઉઠવા પામી છે.

માંગરોળના કરાળ-પા સીમમાં નાળિયેરીના બગીચાઓમાંથી ત્રોફાની બેફામ ચોરીઓ થઈ રહી છે. રાત્રીના સમયે તો ઘણીવાર દિવસ દરમ્યાન પણ શુક્રવારે નમાઝના સમયે તો વહેલી સાંજના અથવા તો વહેલી પરોઢિયે અવ્યવહારૂ સમયે નાળીયેરીના ઝાડ ઉપરથી તૈયાર ત્રોફા ઉતારી જાય છે. આ કામ માટે ચારથી પાંચ તસ્કરોની ગેંગ સક્રિય બની હોય તેવું જણાય આવે છે. આ ઉપરાંત એકલદોકલ વ્યક્તિ દ્વારા પણ નાની નાની ચોરીઓ પણ ખુબ જ થઈ રહી છે. એજ રીતે જેતખંભ રોડ ઉપરની રસુલપરા વાડી વિસ્તારમાં એક ખેડૂતના બગીચાઓમાંથી એક હજાર જેટલા ત્રોફા ચોરી થયાની ફરિયાદ થઈ છે. ખેડૂતોની તનતોડ મહેનત બાદ દોઢ બે મહિને ત્રોફાની ખેપ તૈયાર થતી હોય છે અને મોટા ભાગના નાના ખેડૂતોનું પરિવાર તેના ઉપર જ નિર્ભર હોય છે. જયારે આવી મોંઘવારીમાં બેફામ તસ્કરોના ત્રાસથી ખેડૂતોની જીવાદોરી મુશ્કેલ બની છે. માંગરોળનાં કરાળ-પા, મકતુપૂરની સિમ અને દૂધતલાવડી તેમજ જેતખંભ સહિતના તમામ વાડી વિસ્તારોમાં પણ માંગરોળ પોલીસ અને મરીન પોલીસ દ્વારા સઘન પોલીસ પેટ્રોલીંગ કરી ચોર ગેંગને ઝડપી પાડે અને આવા વિસ્તારોમાં શંકાસ્પદ રીતે નજરે પડતા વ્યક્તિઓ તેમજ રાત્રીના સમયે રખડતા છકડારીક્ષા અને બોલેરો ચાલકોની પણ સઘન પુછપરછ કરવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.

જિયોગેમ્સે સ્ટ્રીમિંગ પ્લેટફોર્મ 'જિયોગેમ્સવોચ' લોન્ચ કર્યું

મુંબઈ, તા.૯

જિયોગેમ્સએ વન-સ્ટોપ પ્લેટફોર્મ છે કે જેણે ભારતમાં ઓનલાઈન ગેમિંગ સ્પેસમાં ક્રાંતિ લાવ્યું છે. આ પ્લેટફોર્મ ગેમર્સ, ઈસ્પોર્ટ્સ એથ્લેટસ અને કેઝયુઅલ ગેમિંગના ઉત્સાહીઓથી લઈને ગેમ પબ્લિશર્સ અને ડેવલપર સુધી દરેકને કંઈક ને કંઈક ઓફર કરે છે. હવે જિયોગેમ્સનો ઉદ્દેશ્ય તેના સ્ટ્રીમિંગ પ્લેટફોર્મ - જિયોગેમ્સવોચની શરૂઆત અને લોન્ચ સાથે બહુવિધ જિયો ઉપકરણો પર એક ક્લિક દ્વારા એક ઈમર્સિવ અને ઈન્ટરેક્ટિવ ગેમ સ્ટ્રીમિંગ અનુભવ લાવવાનો છે.

જિયોગેમ્સવોચનું લોન્ચિંગ ગેમિંગ સમુદાયની પસંદ અને જરૂરિયાતોમાં ઊંડા ઉતર્યા પછી કરવામાં આવ્યું છે. આ મંચે ક્રીએટર્સને વધુ સુવિધાઓ આપીને સશક્ત અને સક્ષમ બનાવવાનો દૃષ્ટિકોણ રાખ્યો છે, કોઈપણ ઉપકરણ સાથે, વિક્ષેપ વગર અને લાખો દર્શકો સુધી શ્રેષ્ઠ સામગ્રી પહોંચાડવા માટે. એટલું જ નહીં, દર્શકોને રસપ્રદ સામગ્રી આપવા માટે ક્રીએટર્સ અને ઈન્ફલુએન્સર્સને સ્પર્ધામાં આગળ રહેવા માટે સક્ષમ બનાવે છે, જેમાં પ્રેક્ષકોના ઓડિયન્સપોલ અને ઈમોટ્સનો પણ સમાવેશ કરાયો છે.

માણાવદરમાં તાજીયાનાં રૂટ ઉપર સાફસફાઈ કરાઈ

(પ્રતિનિધિ દ્વારા) માણાવદર તા. ૯

માણાવદર નગરપાલિકાનાં સદસ્ય અને માણાવદર મુસ્લીમ જમાતનાં ટ્રસ્ટી નિશારભાઈ ઠેબાએ તાજીયાનાં માતમનાં ચોકમાં તથા તાજીયાનાં ઝુલુસનાં રૂટ ઉપર સાફસફાઈ કરાવી ડીડીટીનો છંટકાવ કરાવ્યો હતો. તેમજ માણાવદર મુસ્લીમ જમાતનાં તાજીયાનાં દિદાર કર્યા હતાં.

અમદાવાદનાં વીવર્સ સર્વિસ સેન્ટરમાં રાષ્ટ્રીય હાથશાળ દિવસની ઉજવણી કરાઈ

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૯

દેશના સામાજિક આર્થિક વિકાસ માટે હેન્ડલૂમ ઉદ્યોગના મહત્વ વિશે જાગૃતિ લાવવાના ઉદ્દેશ્યથી કેન્દ્ર સરકારે વર્ષ ૨૦૧૫માં ૭મી ઓગસ્ટને રાષ્ટ્રીય હાથશાળ દિવસ તરીકે જાહેર કર્યો હતો તેના અનુસંધાનમાં, આ વર્ષે પણ ૭મી ઓગસ્ટ ૨૦૨૨ના રોજ રાષ્ટ્રીય હાથશાળ દિવસની ઉજવણી કરવામાં આવે છે. રાષ્ટ્રીય હાથશાળ દિવસની ઉજવણી માટેનું મુખ્ય રાષ્ટ્રીય સ્તરનું કાર્ય દિવસના ઉત્તરાર્ધમાં વર્ચ્યુઅલ મોડ દ્વારા નવી દિલ્હી ખાતે આયોજિત કરવામાં આવ્યું હતું અને પ્રથમ ભાગમાં રાષ્ટ્રીય હાથશાળ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. અમદાવાદના વીવર્સ સર્વિસ સેન્ટરમાં ઉજવણી કરવામાં આવી હતી. સમારંભના મુખ્ય મહેમાન ડો. કિરીટભાઈ સોલંકી, સાંસદ, લોકસભા, અમદાવાદ (પશ્ચિમ) અને અતિથિ વિશેષ કાંતિભાઈ લકુમ, અધ્યક્ષ ગુસીકા અને ભૂતપૂર્વ ધારાસભ્ય (બાવલા) હતા. ડો. કિરીટભાઈ સોલંકી, સાંસદ, લોકસભા, અમદાવાદ (પશ્ચિમ) તેમના વકતવ્યમાં પાટણ પોટાળાની પરંપરાને ઉત્થાન આપવાનું સૂચન કર્યું અને વણકર સેવા કેન્દ્ર, અમદાવાદને વણકરોને પટોળા કૌશલ્ય તાલીમનો લાભ અને અન્ય નાણાકીય સહાય આપવા માટે દરખાસ્ત રજૂ કરવા વિનંતી કરી છે. પટોળાનું ઉત્પાદન મૂલ્ય વર્ધિત છે અને વણકરોને વધુ ફાયદો થઈ શકે છે. આ કાર્યક્રમમાં ગુજરાત રાજ્ય સાથે જોડાયેલા હેન્ડલૂમ વણકરો, એવોર્ડ મેળવનારાઓ, ડિઝાઈનર્સ, સાહસિકો, હેન્ડલૂમ એજન્સીઓ, હેન્ડલૂમ માર્ક અને ઈન્ડિયા હેન્ડલૂમ બ્રાન્ડ ધારકો વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાતમાં સુકી માછલીની પ્રક્રિયામાં મહિલાઓની ભૂમિકા ઉપર વર્કશોપ યોજાયો

(મીનાક્ષી ભાસ્કર વૈધ)

સોમનાથ તા. ૯

વેરાવળ ખાતે ફિશરીઝ કોલેજ અને ગુજરાત ઈન્સ્ટિટયૂટ ઓફ ડેવલોપમેન્ટ રિસર્ચ, અમદાવાદના સંયુક્ત ઉપક્રમે માછીમાર મહિલા માટે સુકી માછલીની પ્રક્રિયા ઉપર વર્કશોપ યોજાયો હતો. આ કાર્યક્રમમાં અમદાવાદથી કાર્યક્રમના આયોજક ડો. તારા નાયર મેડમ તેમજ કાર્યક્રમના અતિથિવિશેષ તરીકે પોરબંદરથી મદદનીશ મત્સ્યોધોગ નિયામક સંગીતા ભારદીયાએ હાજરી આપેલ હતી. કાર્યક્રમના અધ્યક્ષ ફિશરીઝ કોલેજના આચાર્ય ડો. એસ. આઈ. યુસુફઝાઈ દ્વારા માછીમાર મહિલાઓને સંબોધન કર્યુ હતું. વર્કશોપમાં ડો. જીતેશ સોલંકી અને દુર્ગાબેન ફોફંડી દ્વારા માછીમાર મહિલાઓને સુકી માછલીમાં પેકેજીંગ અને વિવિધ મત્સ્ય ઉત્પાદનો વિશે માર્ગદર્શન આપેલ હતું. આ કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં માછીમાર મહિલાઓ તેમજ વિદ્યાર્થીઓ હાજર રહેલા હતા.

વંથલીના શાપુર ગામે વિશ્વ સ્તનપાન સપ્તાહની ઉજવણી કરાઈ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૯

વિશ્વ સ્તનપાન સપ્તાહ (૧ થી ૭ ઓગસ્ટ ૨૦૨૨) દરમ્યાન જૂનાગઢ જિલ્લાના વંથલી ઘટકના શાપુર ગામે ઉજવણી કરવામાં આવી હતી. જેમાં પ્રોગ્રામ ઓફિસર, સીડીપીઓ, મુખ્ય સેવિકા સહિતના દ્વારા વિશ્વ સ્તનપાન સપ્તાહ વિષે લાભાર્થીઓ સગર્ભા, ધાત્રી, બાળકોના વાલીને સ્તનપાનના વિષે માર્ગદર્શન આપી કહ્યું કે, ''માતાનું દૂધ એ અમૃત સમાન છે'' બાળકના જન્મના પ્રથમ કલાકમાં જ માતાનું પહેલું દૂધ આપવું જરૂરી છે. જે બાળકની રોગપ્રતિકારક શક્તિ વધારે છે. આંગણવાડીમાં આપવામાં આવતા માતૃશક્તિ પેકેટમાં ભરપુર પોષણ હોય તેનો સગર્ભા માતા તથા ધાત્રી માતાએ રોજીંદા ખોરાકમાં તેનો ઉપયોગ કરવો જોઈએ. તેમાંથી બનતી વિવિધ વાનગીઓનું વાનગી નિદર્શન કરવામાં આવ્યું હતું. સ્તનપાન સમર્થનની પ્રતિજ્ઞા તમામ લાભાર્થીઓને લેવડાવવામાં આવી હતી. તે ઉપરાંત લાભાર્થીઓ માટે ક્વિઝનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. આંગણવાડી વર્કર અને હેલ્પર દ્વારા વિશ્વ સ્તનપાન સપ્તાહની રંગોળી બનાવવામાં આવી હતી.

શિવપ્રધાન શ્રાવણ માસમાં દ્વારકાનાં દેવાલયો-મંદિરો શિવમય થયા



(રાકેશ સમાણી દ્વારા)

દ્વારકા તા. ૯

દ્વારકા ખાતે શ્રી પ્રેમભિક્ષુજી મહારાજ પ્રેરિત અખંડ હરીનામ સંકિર્તન મંદિર (રામધૂન)માં શ્રાવણ સુદ અગીયારસનાં દિવસે હિંડોળા દર્શન સાથે બાર જયોર્તીલીંગનાં દર્શન મનોરથ યોજાયેલ. જેમાં શાસ્ત્રોકત બાર જયોર્તીલીંગનો મહિમા દર્શાવતા અલૌકીક દર્શન મનોરથનું આયોજન રામધુન ટ્રસ્ટીનાં ટ્રસ્ટીઓ દ્વારા કરવામાં આવેલ. સમગ્ર ધાર્મિક કાર્યક્રમોને સફળ બનાવવા માટે પ્રેમભિક્ષુજી મહારાજ પ્રેરિત સંકિર્તન ટ્રસ્ટનાં પ્રમુખ દિવ્યપ્રકાશ ઠાકર, ટ્રસ્ટી કે.જી. હિંડોચા, પ્રફુલ દાવડા વગેરેએ જહેમત ઉઠાવેલ હતી.

:: અવસાન નોંધ ::

તળાજા : તણસા નિવાસી હાલ ઠળીયા સ્વ. નાગરદાસ અંબાશંકર વ્યાસના પુત્ર ભુપતરાય (ઉ.વ.૮૫) તે સ્વ. ઈન્દુભાઈ, સ્વ.જિતેન્દ્રભાઈ, સ્વ. કુંદનબેન, સ્વ. ચંદ્રિકાબેનના મોટા ભાઈ, સુરેશભાઈ (નિવૃત પી.આઇ. વેરાવળ), રાજુભાઈ વ્યાસ (નિવૃત એસઓજી જૂનાગઢ), ભરતભાઈ (રાજકોટ), હિમાંશુભાઈ (કુકસવાડા), સમીર વ્યાસ (તાપી વ્યારા), સ્વ. તુષારભાઈ, ધવલભાઈ, જીગ્નેશભાઈ, પંકજભાઈ, નરેન્દ્રભાઈ, કપિલભાઈ, નયનાબેન, સોનલબેનના મોટા બાપુજી તેમજ બાલાશંકર, ગુણવંતરામ ગૌરીશંકર પંડયાના ભાણેજનું તા. ૮ના રોજ અવસાન થયું છે. સદગતની સાદડી તા. ૧૧ ને ગુરૂવારના રોજ બપોરે ૩ થી ૫ કલાકે તેમના નિવાસ સ્થાને રાખેલ છે.

૯ ઓગસ્ટ, ૨૦૨૨
વિશ્વ આદિવાસી દિવસ
નિમિતે ગુજરાતના ૧૪ જિલ્લામાં વસતા ૯૨ લાખથી વધુ આદિજાતિ બાંધવોને ખૂબ ખૂબ શુભેચ્છાઓ

આદિજાતિ બાંધવો બન્યાં વિકાસના સહભાગી

₹૧૬૦૦ કરોડથી વધુ રકમનાં કામોનાં લોકાર્પણ અને ખાતમુહૂર્ત
તેમજ વિવિધ વ્યક્તિલક્ષી યોજનાઓ અંતર્ગત ₹૨૫૦ કરોડથી વધુ રકમનું સહાય વિતરણ

વનબંધુ કલ્યાણ યોજના-૧ હેઠળ છેલ્લા દોઢ દાયકામાં ₹ ૧ લાખ કરોડથી પણ વધુ રકમના થયા વિકાસલક્ષી કામો

આગામી ૫ વર્ષમાં વનબંધુ કલ્યાણ યોજના-૨ અંતર્ગત ₹ ૧ લાખ કરોડનું આયોજન

પ્રતિ વર્ષ ૧૬ લાખ આદિજાતિ વિદ્યાર્થીઓને અપાતી ₹ ૬૦૦ કરોડની શિષ્યવૃત્તિ

૧૩ લાખ આદિજાતિ વિદ્યાર્થીઓ માટે ₹ ૬૦૦ની ગણવેશ સહાય વધારીને ₹ ૯૦૦ કરી અને ₹ ૮૧ કરોડની ફાળવણી

આદર્શ નિવાસી શાળાઓ, એકલવ્ય મોડલ રેસિડેન્શિયલ સ્કૂલ્સ, ગર્લ્સ લિટરસી રેસિડેન્શિયલ સ્કૂલ્સ અને આશ્રમ શાળાઓના માધ્યમ થકી દર વર્ષે ૧,૩૦,૦૦૦થી વધુ આદિજાતિ વિદ્યાર્થીઓને ₹૬૦૦ કરોડથી પણ વધુના ખર્ચે મળી રહ્યું છે વિનામૂલ્યે રહેવા-જમવા સાથે ગુણવત્તાયુક્ત શિક્ષણ

દર વર્ષે ₹૨૦૦ કરોડના ખર્ચે ૧૧૦૫ જેટલા સરકારી છાત્રાલય, ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલય અને સમરસ છાત્રાલયો થકી ૬૫,૦૦૦ આદિજાતિ વિદ્યાર્થીઓ મેળવી રહ્યા છે રહેવા જમવાની સુવિધા સાથેનું ઉચ્ચ શિક્ષણ

ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયો અને આશ્રમ શાળાઓના ૧,૪૩,૦૦૦ જેટલાં વિદ્યાર્થીઓને મળ્યો નિભાવ ગ્રાન્ટમાં માતબર વધારાનો લાભ

₹ ૨૦૦ કરોડના ખર્ચે હાથ ધરાશે આદિજાતિ વિસ્તારોની આશ્રમ શાળાઓનું નવીનીકરણ

પ્રતિવર્ષ ૧૧ લાખ આદિજાતિ વિદ્યાર્થીઓને ₹૧૪૭ કરોડના ખર્ચે દૂધ સંજીવની યોજનાનો લાભ

રાજપીપળા ખાતે ૩૯ એકર વિસ્તારમાં ૩૪૧ કરોડના બજેટથી અદ્યતન સુવિધાઓ ધરાવતી બિરસા મુંડા ટ્રાઈબલ યુનિવર્સિટી નિર્માણાધીન

આદિજાતિ વિસ્તારોમાં બોર્ડર વિલેજ યોજના, ન્યુ ગુજરાત પેટર્ન, હળપતિ જાતિના લોકોને પાયાની સુવિધા અને આદીમ જૂથ પાયાની સુવિધા હેઠળ દર વર્ષે અંદાજે ₹ ૬૦૦ કરોડના ખર્ચે વિકાસ કામો

આદિજાતિ વીર સ્વાતંત્ર્ય સેનાનીઓની યાદમાં રાજયના નર્મદા જિલ્લા ખાતે ₹૧૩૭ કરોડના ખર્ચે આદિજાતિ સ્વાતંત્ર્ય સેનાનીઓનું નિર્માણાધીન રાષ્ટ્રીય સંગ્રહાલય

₹૧૧૧ કરોડના ખર્ચે ૫૦૦ આદિજાતિ ગામોને મળશે મોબાઈલ નેટવર્કની સુવિધા

આદિજાતિ વિસ્તારોમાં રોજગારીની તકોનું નિર્માણ કરવા ૮ MSME GIDC બનાવવા ₹ ૪૦ કરોડની જોગવાઈ

આદિજાતિ ખેડૂત લાભાર્થીઓને પાવર ટીલરની સહાય માટે ₹૩૮ કરોડની જોગવાઈ

આદિજાતિ વિસ્તારની ખાંડ મંડળીઓને શેરમૂડી લોન આપવા ₹૪૦ કરોડની જોગવાઈ

આદિજાતિ ખેડૂત લાભાર્થીઓને નવા કૂવા સાથે સોલર પંપ સહાય માટે ₹૭૫ કરોડની જોગવાઈ

"દરેક આદિજાતિ પરિવાર સુખી, શિક્ષિત, સ્વસ્થ અને આર્થિક રીતે સદ્ધર બને એવું મારું સ્વપ્ન છે."
શ્રી નરેન્દ્રભાઈ મોદી, વડાપ્રધાન

આદિજાતિ વિકાસ વિભાગ

જૂનાગઢમાં તહેવારોની ઉજવણી શાંતિપૂર્ણ થાય તે માટે પોલીસ તંત્ર દ્વારા તકેદારીનાં પગલા : સઘન બંદોબસ્ત

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા. ૯

તાજેતરમાં જૂનાગઢ શહેરમાં તેમજ જિલ્લામાં મોહરમ તેમજ ગણપતિ મહોત્સવનો માહોલ જામેલો હોઈ, જૂનાગઢ રેન્જના ડીઆઈજી મનિંદર પ્રતાપ સિંહ પવાર તથા જિલ્લા પોલીસ વડા રવિ તેજા વાસમ શેટ્ટી દ્વારા જૂનાગઢ શહેરમાં તેમજ જિલ્લામાં બંને તહેવારો શાંતિપૂર્ણ માહોલમાં ઉજવાય તે માટે જિલ્લાના તમામ પોલીસ અધિકારીઓને કાર્યવાહી કરવા તેમજ ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવેલ છે.

જિલ્લાપોલીસ વડા રવિ તેજા વાસમ શેટ્ટી દ્વારા કરવામાં આવેલ સૂચના આધારે જુનાગઢ ડિવિઝનના ડીવાયએસપી પ્રદીપસિહ જાડેજાના માર્ગદર્શન હેઠળ જુનાગઢ શહેર એ ડિવિઝન પોલીસ સ્ટેશનના પીઆઈ એમ.એમ.વાઢેર, બી ડિવિઝન પોલીસ સ્ટેશનના પીઆઈ એન.આર.પટેલ, એલઆઈબી પીઆઈ આર.એસ.પટેલ, પીએસઆઈ બી.કે.ચાવડા, આર.પી.ચુડાસમા, એન.વી.આંબલીયા, જે.એચ. કચોટ, પી.એચ.જોશી, સહિતના આશરે ૩ પોલીસ ઈન્સ., ૧૧ પીએસઆઈ, ૧૬૦ પોલીસ, ૩૦ હોમગાર્ડ સહિત આશરે ૨૨૫ અધિકારીઓ તથા સ્ટાફના માણસો દ્વારા એ ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુખનાથ ચોક, માંડવી, દિવાન ચોક, દોલતપરા, વિગેરે વિસ્તારમાં જડબેસલાક બંદોબસ્ત ગોઠવવામાં આવેલ છે. ઉપરાંત પ્રોહિબિશન તથા જુગારના બુટલેગરોને ચેક કરી, દારૂ તથા જુગારની પ્રવૃત્તિ નાબૂદ થાય તે માટે ખાસ ઝુંબેશ હાથ ધરવામાં આવેલ છે. બી ડિવિઝન પોલીસ સ્ટેશનના પોલીસ અધિકારીઓ તથા સ્ટાફ દ્વારા પણ બી ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં ચિતાખાના ચોક, જોશીપુરા, ગાંધીચોક, કાળવા ચોક, વિગેરે વિસ્તારમાં ફૂટ પેટ્રોલિંગ શરૂ કરી, શકમંદોને ચેક કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. ઉપરાંત પ્રોહિબિશન તથા જુગારના બુટલેગરોને ચેક કરી, દારૂ તથા જુગારની પ્રવૃત્તિ નાબૂદ થાય તે માટે ખાસ ઝુંબેશ હાથ ધરવામાં આવેલ છે.

વધુમાં, જિલ્લા પોલીસ વડા શ્રી રવિ તેજા વાસમ શેટ્ટી દ્વારા ગણપતિ બંદોબસ્ત તથા તાજિયા બંદોબસ્તમાં ક્રાઈમ બ્રાન્ચ, સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ, પેરોલ ફર્લો સ્ક્વોડ તેમજ ડી સ્ટાફના ખાનગી કપડામાં માણસો તૈનાત કરી, કેફી પીણું પીનારા તથા ખિસ્સા કાતરૂઓને પકડવા માટે પણ ખાસ વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે. ઉપરાંત આ બને બંદોબસ્ત માટે હથિયાર ધારી એસ.આર.પી.ની એક કંપની પણ તૈનાત કરી, જુદા જુદા પોઈન્ટ ઉપર સ્થાનિક જૂનાગઢ પોલીસની મદદમાં એસ.આર.પી.નો બંદોબસ્ત પણ રાખવામાં આવેલ છે. વધુમાં, સમગ્ર મહોરમ તાજિયા બંદોબસ્તની વિડિયોગ્રાફી માટે ૩ વિડિયોગ્રાફર, ૧૭ વોકિટોકી, હથિયાર ધારી ગાર્ડ-૨, ૪ ગેસમેન, ૨ દૂરબીન, ૪ રસ્સા સાથે પોલીસ સ્ટાફને ગોઠવવામાં આવેલ છે. ઉપરાંત, ટ્રાફિક બ્રાન્ચ દ્વારા ટ્રાફિક નિયમન માટે અલગથી બંદોબસ્ત ગોઠવવામાં આવેલ છે.

એ ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે તાજિયા કમિટીના સભ્યો તથા શાંતિ સમિતિના સભ્યોને બોલાવી, જૂનાગઢ ડિવિઝનના ડીવાયએસપી પ્રદીપસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ જુનાગઢ શહેર એ ડિવિઝન પોલીસ સ્ટેશનના પીઆઈ એમ.એમ.વાઢેર, બી ડિવિઝન પોલીસ સ્ટેશનના પીઆઈ એન.આર.પટેલ સહિતના એ ડિવિઝન તથા બી ડિવિઝન પોલીસ સ્ટેશનના અધિકારીઓ સાથે મિટિંગનું આયોજન કરી, બંને તહેવાર શાંતિપૂર્ણ પસાર થાય તે અંગે ચર્ચા વિચારણા પણ કરી, સજેશન પ્રમાણે બંદોબસ્ત ગોઠવવામાં આવેલ છે.

ગત રાત્રે જૂનાગઢ શહેર જીલ્લામાં તાજીયા પડમાં આવ્યા : આજે રાત્રે ઝુલુસ નીકળશે

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા. ૯

આજથી ૧૪૦૦ વર્ષ પહેલા ઈરાક સ્થિત કરબલાનાં રણમાં સત્ય અને ન્યાયનાં ખાતર શહાદત વહોરનાર પૈયગમ્બાર હઝરત મહમદ સાહેબનાં દોહીત્ર હઝરત ઈમામ હુસેન અને તેમનાં ૭૨ સાથીઓની યાદમાં પ્રતિ વર્ષ મુસ્લીમ બિરાદરો દ્વારા મહોર્રમ મનાવવામાં આવે છે. છેલ્લા ૧૪૦૦ વર્ષથી સહાદતનાં પર્વ નિમિત્તે મુસ્લીમ બિરાદરો દ્વારા મોહર્રમ માસની દસ તારીખે યૌમે આશુરા મનાવવામાં આવે છે. અને શહિદોને શ્રધ્ધાંજલી અર્પણ કરવામાં આવે છે. જે પરંપરાનાં ભાગરૂપે જૂનાગઢ શહેર-જીલ્લામાં પણ મહોર્રમ મનાવવામાં આવી રહેલ છે. ગત રાત્રે જૂનાગઢ શહેરમાં સેઝ તેમજ તાજીયા પડ (માતમ) માં આવ્યા હતાં. સેઝનાં ઓટા પાસેથી સેઝ દર્શનાર્થીઓ માટે મુકવામાં આવી હતી ત્યારે હિન્દુ-મુસ્લીમ સમાજનાં શ્રધ્ધાળુઓ, આગેવાનો ઉપસ્થિત રહયા હતાં. આજે રાત્રે જૂનાગઢ શહેરમાં તાજીયાનું ઝુલુસ નીકળશે જે શહેરનાં રાજમાર્ગો લીમડા ચોક, દિવાન ચોક, માંડવી ચોક, ઢાલ રોડ, ઝાલોરાપા, ભાટીયા ધર્મશાળા રોડ, સુખનાથ ચોક, ચિતાખાના ચોક સહિતનાં રાજમાર્ગો ઉપરથી પસાર થઈ વંથલી દરવાજા સ્થિત કરબલા ખાતે કોમી એકતા અને ભાઈચારાનાં સંદેશા સાથે સંપન્ન થશે. જૂનાગઢ શહેરમાં ૫૦થી વધુ પરમીટવાળા તાજીયાનું ઝુલુસ નીકળે છે.

ખીલખીલાટનાં ડ્રાઈવરનાં આપઘાત પ્રકરણમાં અધિકારી સામે મરી જવા મજબુર કર્યાની નોંધાતી ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા. ૯

વિસાવદર ખીલખીલાટનાં ડ્રાઈવરે ૨૧ દિવસ પહેલા ઝેરી દવા પી લઈને આપઘાત કરી લીધો હતો. જે કેસમાં તપાસનાં અંતે ગઈકાલે કેશોદ પોલીસ સ્ટેશનમાં મૃતક ડ્રાઈવરની પત્નીની ફરીયાદ ઉપરથી પોલીસે જૂનાગઢ જીલ્લાનાં ૧૦૮નાં અધિકારી સામે મરી જવા મજબુર કર્યા અંગે ગુન્હો દાખલ કર્યો છે.

કેશોદમાં ડી.પી. રોડ ઉપર રહેતા જલ્પાબેન મહેન્દ્રભાઈ દવેની ફરીયાદ ઉપરથી જૂનાગઢ ૧૦૮નાં અધિકારી વિશ્રુત જોશી સામે આઈપીસી કલમ ૩૦૬ મુજબ પોલીસમાં ગુનો નોંધાયો છે. જેમાં જણાવ્યું છે કે જલ્પાબેનનાં પતિ મહેન્દ્રભાઈ ઉર્ફે મિતુલભાઈ દવે છેલ્લા ૮ વર્ષથી ખીલખીલાટમાં ડ્રાઈવર તરીકે નોકરી કરે છે. અને છેલ્લા ૭ મહિનાથી વિસાવદર ખાતે ફરજ બજાવે છે. પરંતુ છેલ્લા ઘણા સમયથી વિશ્રુત જોશી દ્વારા મહેન્દ્રભાઈને અગાઉનાં કોઈપણ મનદુઃખનાં કારણે હેરાન કરવાનું ચાલુ કર્યુ હતું. ખોટી રજુઆતની અરજીઓ લઈ તેને નોકરીનાં બહાને યેનકેન પ્રકારે ત્રાસ આપી ખોટી રીતે ટોર્ચર કરી તેમજ રીપોર્ટ કરી બદલીઓ કરાવી નોકરીમાંથી ઘરે બેસાડી દેવાની ધમકીઓ આપી ત્રાસ આપી મરી જવા મજબુર કર્યા હતાં. જેનાં પરીણામે ગત તા. ૧૮ જુલાઈનાં રોજ મહેન્દ્રભાઈ કેશોદ હતા ત્યારે બપોરે દિકરીને સ્કુલેથી ઘરે તેડી લાવ્યા હતાં. અને પડી જઈને પત્નીને જણાવ્યું કે તેમે આ કારણોસર ઝેરી દવા પીધી છે તેને તાત્કાલીક કેશોદથી રાજકોટ રીફર કરતા તેમનું સિવીલ હોસ્પીટલમાં મોત થયું હતું. જે અંગે કેશોદ પોલીસે તપાસનાં અંતે ગઈકાલે વિશ્રુત જોશી સામે ગુનો દાખલ કર્યો છે. મૃતક મહેન્દ્રભાઈને સંતાનમાં ૮ વર્ષનો દિકરો અને પાંચ વર્ષની દિકરી છે. તેમને કેશોદ આવ્યા બાદ છેલ્લા ૪ વર્ષમાં વેરાવળ, ઉના, ભુજ અને છેલ્લે વિસાવદર બદલી કરી નાખવામાં આવી હોવાનું ફરીયાદમાં જણાવ્યું છે.

જૂનાગઢ : ભીડભંજન મહાદેવ મંદિરે તિરંગાનો શણગાર કરાયો

(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા. ૯

જૂનાગઢ જવાહર રોડ સ્થિત પ્રાચીન ભીડભંજન મહાદેવ મંદિર ખાતે શ્રાવણ માસના બીજા સોમવારે સાંજની આરતી ધામધૂમથી કરવામાં આવી હતી જેમાં ૧૫ મી ઓગસ્ટને અનુલક્ષીને મહાદેવને અને મંદિર પરિસરને તિરંગાથી દેશ ભક્તિના રંગે રંગાઈ અને મંદિર પરિસરને તિરંગાથી અને મહાદેવને પણ તિરંગાનો સિંગાર કરી સુશોભનથી ફૂલોનો સુંદર મજાનો સિંગાર કરાયો હતો. આ પ્રસંગે ભાવિકોએ મોટી સંખ્યામાં હાજર રહી અને સંધ્યા આરતી નો લાભ લીધો હતો અને મંદિરના મહંત પૂજ્ય તનસુખગીરી બાપુ દ્વારા સૌ ભાવિકો માટે પ્રસાદની વ્યવસ્થા કરી હતી. (તસ્વીર વિજય ત્રિવેદી)

બાબા મિત્ર મંડળ દ્વારા ગાયોને લમ્પી વાયરસથી બચાવવા આયુર્વેદીક લાડુ બનાવાયા

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા. ૯

શ્રાવણ માસનાં સોમવારે નિમિત્તે ગાય માતામાં જે વાઈરસ હોય તો લાડુ દેશી ઓસડીયા ભેળવી બનાવામાં આવેલ છે લમ્પી નામનો વાયરસ આખા ગુજરાતમાં ફેલાઈ રહ્યો છે ત્યારે જૂનાગઢમાં આ ચેપી તેમજ કોરોનાની જેમ અતિ ઝડપથી ફેલાયેલા રોગથી ગાય માતાને બચાવવા માટે બાબા મિત્ર મંડળ અનક્ષેત્ર જુનાગઢ દ્વારા આયુર્વેદિક લાડુ બનાવવામાં આવે છે. આસેવા કાર્યમાં જોડાયેલા બાલગોપાલ મહિલા મંડળ દ્વારા સેવા કાર્ય કરેલ હોય આ સેવાની સંપૂર્ણ જવાબદારી બાબા મિત્ર મંડળના સક્રીય કાર્યકર જયેશગીરી બાપુના માર્ગદર્શન હેઠળ સ્વયંમ સેવકો દ્વારા કરવામાંઆવે છે

વંથલી તાલુકાનાં કોયલી ગામે ખેતિનાં સાધનોની ચોરી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જૂનાગઢ તા. ૯

વંથલી તાલુકાનાં કોયલી ગામે રહેતા કિરણભાઈ વલ્લભભાઈ ઘોડાસરા તથા સાહેદોની વાડીમાંથી અને ઓરડીમાંથી ખેતિનાં પંપ, પટ્ટી કેબલ, પંપની નોઝલ, ખેતિનાં સરસામાન મળી કુલ રૂા.૩૧,૪૫૦નાં મુદામાલની અજાણ્યા શખ્સો ચોરી કરી ગયાની ફરીયાદ પોલીસમાં નોંધાઈ છે.

તહેવારોની સીઝનમાં સસ્તુ મેળવવાની લાલચમાં ન ફસાવવા જૂનાગઢ પોલીસની લોકોને સાવચેતીની અપીલ



(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા. ૯

જૂનાગઢ રેન્જના ડીઆઈજી મનિંદર પ્રતાપ સિંઘ પવાર તથા જુનાગઢ જિલ્લા પોલીસ વડા રવિ તેજા વાસમ શેટ્ટી દ્વારા જૂનાગઢ જિલ્લામાં તહેવારોના સમયમાં આવી ઓનલાઈન લે ભાગુ કંપનીઓ લોકોને ભોળવીને રૂપિયા ના પડાવે એ માટે પોલીસ અને પ્રજા વચ્ચે સમન્વય જળવાય તેમજ પોલીસ પ્રજાનો મિત્ર છે, એ સૂત્રને સાર્થક કરવા માટે, લોકોને માહિતગાર કરી, જૂનાગઢ જિલ્લાના તમામ પોલીસ અમલદારોને લોક ઉપયોગી કાર્યો કરવા માટે સૂચનાઓ કરવામાં આવેલ છે.

જૂનાગઢ ડિવિઝનના ડીવાયએસપી પ્રદીપસિંહ જાડેજાને એક શિક્ષિત મહિલા દ્વારા જાણ કરવામાં આવેલ કે, પોતાના મોબાઈલમાં એક મહિલા દ્વારા સોના કલેક્શન ન્યુ ૨૦૨૨ નામની કંપનીમાં જોઈન થવા અને કપડાની ખરીદીમાં ડિસ્કાઉન્ટ નો લાભ લેવા ઓફર કરી, વેબ સાઈટ ઉપર ક્લિક કરી, એસબીઆઈ બેંકના એકાઉન્ટમાં પહેલા ગૂગલ પે દ્વારા પહેલા રૂા. ૨,૫૦૦/- નખાવેલ અને વધુ લાલચ આપી, ફરીથી બે વાર રૂા. ૨૮૦૦ અને રૂા. ૧૦૦ મળી, કુલ આશરે રૂા. ૯,૦૦૦/- ગૂગલ પે દ્વારા સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના ખાતામાં નખાવી, પછી જવાબ નહિ આપી, કોઈ કપડા નહિ મોકલી, છેતરપિંડી કરવાની રજૂઆત કરવામાં આવેલ હતી. શિક્ષિત મહિલા દ્વારા સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ કરવા સૂચના કરવામાં આવતા, તજવીજ હાથ ધરવામાં આવેલ છે.

જૂનાગઢ જિલ્લાના પોલીસ વડા રવિ તેજા વાસમ શેટ્ટી દ્વારા જૂનાગઢવાસીઓને તહેવારોના સમયમાં આવી લેભાગું સોશિયલ મીડિયાની કપડા અને અન્ય ચીજ વસ્તુઓ વહેંચતી સાઈટથી દુર રહેવા અને પૂરી ખાત્રી કરીને જ ઓનલાઈન ટ્રાંજેકશન કરી, આર્થિક નુકશાનથી બચવા માટે લોકોને સાવચેત રહેવા વિનંતી કરવામાં આવેલ છે.

જૂનાગઢમાં ધમાકેદાર દોઢ ઈંચ, મેંદરડામાં અઢી અને કેશોદમાં બે ઈંચ વરસાદ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા. ૯

જૂનાગઢ અને સોરઠ પંથકનાં વિવિધ વિસ્તારોમાં ગઈકાલે સાંજનાં સમયે ભારે પવન સાથે જોરદાર વરસાદ તુટી પડયો હતો. વિજળીનાં કડાકા ભડાકા સાથે ઘડીકમાં તો પાણી પાણી કરી દીધું હતું. જૂનાગઢ શહેર અને ગ્રામ્ય વિસ્તારની વાત કરીએ તો ગઈકાલે સાંજનાં સમયે અને રાત્રીનો મળી દોઢ ઈંચ વરસાદ નોંધાયો છે. જયારે મેંદરડામાં અઢી ઈંચ અને કેશોદમાં બે ઈંચ વરસાદ નોંધાયો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, છેલ્લા દોઢ માસ થયા સતત મેઘરાજાની કૃપાને કારણે ૮૦ ટકા ઉપર વરસાદ સીઝનનો થઈ ચુકયો છે. ધીમીધારે મેઘરાજા પોતાનું હેત વરસાવી રહયા છે. છેલ્લા ત્રણ દિવસ થયા સાંજનાં સમયે ૬ થી ૮ની વચ્ચે મેઘરાજા સોરઠમાં અચુક લટાર મારવા નીકળે છે અને ગઈકાલે વધુ મોજમાં આવી જતાં કડાકા ભડાકા સાથે વરસાદ તુટી પડયો હતો.

૧૦૪ નામની યાદી મુખ્યમંત્રીને મોકલવામાં આવી

નિયમથી વિરૂધ્ધ ટ્યૂશન થકી કમાણી કરી રહ્યા છે સ્કૂલના શિક્ષકો

૧૦૪ શિક્ષકોમાં ગાંધીનગરના ૨૧, રાધનપુરના ૧૧, જૂનાગઢના ૨, ઈડરના ૫ અને મહેસાણાના ૬૫નો સમાવેશ

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૯

આપણે ત્યાં ટ્યૂશન કલ્ચર ઘણા વર્ષોથી ઘણું વધી ગયું છે. સ્કૂલમાં ભણાવતાં હોય તેવા શિક્ષકો પણ ટ્યૂશનમાં જઈને વધારાની કમાણી કરી રહ્યા છે. જો કે, ઘણા સમય પહેલા જ રાજ્યની પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ફરજ બજાવતા શિક્ષકો ખાનગી ટ્યૂશન ન કરાવી શકે તેવો નિયમ જાહેર કરવામાં આવ્યો હતો, તેમ છતાં ઘણાએ તેને ગંભીરતાથી લીધો નથી. ફેડરેશન ઓફ એકેડેમિક એસોસિએશન દ્વારા રાજ્યના આવા જ ૧૦૪ જેટલા શિક્ષકોની યાદી બનાવવામાં આવી હતી અને તેને મુખ્યમંત્રી, શિક્ષણ મંત્રી અને શિક્ષણ સચિવને સોંપી હતી. આ યાદીમાં ગાંધીનગરના ૨૧ શિક્ષક સામેલ છે, જેમાં માત્ર તેમના નામ જ નહીં પરંતુ જે જગ્યાએ ટ્યૂશન કરાવતા હોય તેનું સરનામું પણ આપવામા આવ્યું છે. અસોસિએશને લેખિતમાં રજૂઆત કરીને ખાનગી ટ્યૂશન કરાવી રહેલા શિક્ષકો સામે કાર્યવાહી કરવાની માગ કરી હતી. જો કાર્યવાહી નહીં થાય તો આંદોલન પણ કરશે તેવો ઉલ્લેખ કર્યો હતો. રાજ્ય સરકારે ૨૦૦૨માં ગુજરાત માધ્યમિક શિક્ષણ અધિનિયમમાં કરેલા સુધારા અનુસાર શૈક્ષણિક કેબિન શૈક્ષણિક સ્ટાફ ખાનગી ટ્યૂશન કરી શકે નહીં. સરકાર દ્વારા સંચાલિત કે ટ્રસ્ટ અથવા પાલિકા સંચાલિત શાળાઓના પરિસરમાં શાળીના નક્કી કરેલા સમય સિવાયના સમયમાં ફી લઈને અથવા ફી લીધા વગર ટ્યૂશન ચલાવી શકે નહીં. જો કે, કેટલાક શિક્ષકો આ નિયમનો ભંગ કરતાં હોવાનું સામે આવ્યું છે. શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓને આંતરિક ગુણની લાલચ આપી તેમજ અનેક પ્રકારનું દબાણ કરીને ટ્યૂશનમાં આવવા માટે ફરજ પાડવામાં આવી રહી હોવાનું ધ્યાને આવતાં ફેડરેશન ઓફ એકેડેમિક એસોસિએશને રજૂઆત કરી હતી. એસોસિએશને લેખિત રજૂઆતમાં રાજ્યના વિવિધ જિલ્લામાં આવેલી શાળાઓમાં ફરજ ફજાવતા શિક્ષકો અને પ્રવાસી શિક્ષકોની યાદી પણ સોંપી છે.

૧૦૪ શિક્ષકોમાંથી ૨૧ ગાંધીનગરના, ૧૧ રાધનપુરના, ૨ જૂનાગઢના, ૫ ઈડરના અને ૬૫ મહેસાણાના છે. આગામી દિવસોમાં એસોસિએશન અન્ય જિલ્લાના શિક્ષકોની યાદી પણ બનાવશે.

શિક્ષણ... સંસ્કાર ... શિસ્ત...
એડીમીશન ઓપન
ઘરથી દૂર ઘર જેવી સંસ્થા જયાં થશે આપના બાળકોનો સર્વાંગી વિકાસ
C.A., C.S. અને કોમર્સમાં ગૌરવપૂર્ણ કેરીયર
વર્ષ ૨૦૦૨થી બોર્ડમાં દર વર્ષે શ્રેષ્ઠ પરિણામ આપતી સંસ્થા
NEET 2021 પરિણામમાં જૂનાગઢના રેન્કર ગોંડલીયા હેવલ ૬૩૭/૭૨૦
વિદ્યાર્થીનાં સપના સાકાર કરતી સંસ્થા...
: કાર્યક્ષેત્ર :
કે.જી. થી ધો.૧૨ (સાયન્સ / કોમર્સ)
વિશ્વગ્રામ વિદ્યાપીઠ શૈક્ષણિક સંકુલ
જૂનાગઢ - જેતપુર હાઈવે, સુખપુર - વડાલ વચ્ચે વડાલ. (જૂનાગઢ) મો. ૮૬૬૨૮ ૩૨૨૨૨ ૯૧૦૬૬ ૮૮૩૮૪ / ૯૯૨૧૭ ૮૧૨૨૨

ૐ ઉપચાર કેન્દ્ર
ડો. સી.ડી. ઓઝા (N.D.)
તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે
● શીરોધારા : માઈગ્રેન, માથાનો દુઃખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
● નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
● નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
● જાનુ બસ્તિ : ગોઠણનાં દુઃખાવા
● કટિબસ્તિ : કમરમાં દુઃખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
● મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમબાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો ઉપલબ્ધ
ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.
દરરોજ સાંજે ૭ થી ૮
નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે. (અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી જરૂરી)
શોપ નં. ૩, શકિત કોમ્પ્લેક્ષ, શકિતનગર-૧, શાંતેશ્વર રોડ, જોષીપરા, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨

Editor, Printer, Publisher and Owner : Kartik R. Upadhyay, Saurashtra Bhoomi, Daily. Volum 46, Issue 205, Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, Gujarat. Printed at Somnath Printers, Jail Road, Junagadh, Gujarat India